અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

28 FEBRUARY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 237 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  આરોપ- બાંગ્લાદેશ સરકારે ડિફોલ્ટરને સેન્ટ્રલ બેંક ગવર્નર બનાવ્યાઃ વિપક્ષ બોલ્યો- આ સહન ન કરી શકીએ....

4  મુસ્લિમ દેશોના મિડિયાએ મોદીના ભાષણની આકરી ટીકા કરી

6  શાહરુખ મને ચાર સીન કે ચાર ગીત કહેશે તો હું કરીશ : રકુલપ્રીત

7  સેન્સેક્સ 961 પોઈન્ટ ઘટીને 81,287 પર બંધ થયોઃ નિફ્ટીમાં 318 પોઈન્ટનો ઘટાડો, 25179 પર પહોંચ્યો


### તપાસ એજન્સી પાસે પુરાવા નથી : કોર્ટ

## શરાબ કૌભાંડ કેસમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા નિર્દોષ જાહેર

### કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી





**નવી દિલ્હી, તા.27**

દિલ્હીની બહુચર્ચિત દારૂ નીતિ સાથે જોડાયેલા મામલે રાઉઝ એવન્યુ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને આરોપોમાંથી મુક્ત કર્યા છે. કોર્ટ તરફથી બંનેને મોટી રાહત અને ક્લિનચીટ મળી છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું કે, માત્ર દાવાઓ કરવાથી કામ નહીં ચાલે. કોર્ટ કોઈ પણ આરોપ પર ત્યારે જ ભરોસો કરી શકે જ્યારે તેની સાથે નક્કર અને પૂરતા પુરાવા હોય. કોર્ટે અવલોકન કર્યું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા નબળા અને અપૂરતા છે.

કોર્ટે સૌથી પહેલા આબકારી વિભાગના પૂર્વ કમિશ્નર કુલદીપ સિંહને નિર્દોષ જાહેર કર્યા હતા. ત્યારબાદ મનીષ સિસોદિયાને રાહત આપવામાં આવી અને છેલ્લે અરવિંદ કેજરીવાલને પણ નિર્દોષ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે, દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં અનેક ખામીઓ હતી અને એવા ઘણા મુદ્દાઓ છે જેના પર તપાસ એજન્સી સંતોષકારક જવાબ આપી શકી નથી. કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી છે. માત્ર આરોપોના આધારે કેસ ચલાવી શકાય નહીં.

કોર્ટે ક્લીનચીટ આપ્યા બાદ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, અમે હંમેશા કહેતા હતા કે સત્યની જીત થશે અને અમને ન્યાયતંત્ર પર ભરોસો હતો. હું હંમેશા કહેતો હતો કે ભગવાન અમારી સાથે છે. ઁસ્ મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે મળીને આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે કાવતરું રચ્યું. ૫ મોટા નેતાઓ પર ખોટા આરોપો લગાવાયા. અમારા ડેપ્યુટી ઝસ્ને બે વર્ષ સુધી જેલમાં રાખ્યા.જો કે, સીબીઆઈએ જણાવ્યું છે કે, તેઓ આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલોએ સંકેત આપ્યો છે કે ચુકાદાનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ ઉપલી અદાલતમાં અપીલ દાખલ કરાશે. કોર્ટની ટિપ્પણીથી તે સ્પષ્ટ થયું કે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં ઘણી ખામીઓ હતી. કોર્ટે કહ્યું કે ઘણા એવા બિંદુ છે જેના પર સંતોષજનક જવાબ આપવામાં આવ્યો નહીં. આ આધારે રાહત આપવામાં આવી છે.પરંતુ તપાસ એજન્સીનું કહેવું છે કે તે આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલો તરફથી સંકેત આપવામાં આવ્યો કે આદેશનો વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ ઉપરી અદાલતમાં અરજી કરવામાં આવશે. આ મામલો ૨૦૨૨-૨૦૨૩ની દિલ્હી એક્સાઈઝ પોલિસી સાથે જોડાયેલો છે. તે આધાર પર સીબીઆઈએ કેસ દાખલ કર્યો અને બાદમાં ઈડીએ પણ મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો હતો. આમ આદમી પાર્ટીના ઘણા નેતા આ કેસમાં જેલમાં ગયા હતા. ઘણીવાર જામીન અરજીઓ નકારવામાં આવી અને બાદમાં જામીન મળ્યા હતા. શુક્રવારે દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે કહ્યું કે પ્રથમ દ્રષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધાર પર અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા વિરુદ્ધ મામલો બનતો નથી. કોર્ટે ચાર્જશીટને નબળી ગણાવતા રાહત આપી છે.

ઉલ્લેખનીય છે કે, આ મામલો ૨૦૨૨-૨૩ની દિલ્હી એક્સાઈઝ પોલિસી (દારૂ નીતિ) સાથે જોડાયેલો છે. આ મામલે સીબીઆઈએ કેસ નોંધ્યો હતો અને બાદમાં ઈડી(ઈઢ)એ મની લોન્ડરિંગના આરોપમાં તપાસ શરૂ કરી હતી. આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ આ કેસમાં જેલમાં ગયા હતા અને ઘણી વખત તેમની જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. શુક્રવારે રાઉઝ એવન્યુ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, પ્રથમ દૃષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધારે કેજરીવાલ અને સિસોદિયા વિરુદ્ધ કેસ બનતો નથી. આ ચુકાદો આમ આદમી પાર્ટી માટે અત્યાર સુધીની સૌથી મોટી રાહત માનવામાં આવી રહી છે.

## શંકરાચાર્યની ધરપકડ પર હાઈકોર્ટે રોક લગાવીઃ નિર્ણય અનામત રાખ્યો, સરકારી વકીલે કહ્યું, તેઓ ખૂબ શક્તિશાળી છે, કેસને પ્રભાવિત કરશે....



**પ્રયાગરાજ, તા.27**

અલાહાબાદ હાઈકોર્ટે જાતીય સતામણી કેસમાં શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીની ધરપકડ પર રોક લગાવી દીધી છે. જસ્ટિસ જિતેન્દ્ર કુમાર સિંહાએ આગોતરા જામીન પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો છે.

આ કેસની સુનાવણી હવે માર્ચના ત્રીજા અઠવાડિયામાં થશે. બટુકોના જાતીય સતામણી કેસમાં શંકરાચાર્યે 24 ફેબ્રુઆરીએ આગોતરા જામીન માટે અરજી કરી હતી. કોર્ટમાં શું થયું? શંકરાચાર્યના વકીલઃ આ કેસ કોઈ ગુનેગાર નહીં, પણ ધર્મગુરુ છે. આ સમગ્ર મામલો એક ષડયંત્ર છે. ફરિયાદી, આશુતોષ મહારાજની પણ હિસ્ટ્રીશીટ બતાવી.

સરકારી વકીલઃ શંકરાચાર્ય ખૂબ શક્તિશાળી છે. જો તેઓ દૂર રહે તો તેઓ કેસને પ્રભાવિત કરી શકે છે. તેમણે પહેલા નીચલી કોર્ટનો સંપર્ક કરવો જોઈતો હતો.

તેમની ધરપકડ પર રોક લગાવવાને કારણે શંકરાચાર્યના મઠમાં ઉજવણીનું વાતાવરણ છે.

તુલસી પીઠાધીશ્વર સ્વામી રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ બ્રહ્મચારીએ કલમ 173 (4) હેઠળ જિલ્લા કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ન્યાયાધીશ (બળાત્કાર અને પોક્સો સ્પેશિયલ કોર્ટ) વિનોદ કુમાર ચૌરસિયાના આદેશને અનુસરીને, ઝુંસી પોલીસ સ્ટેશનની પોલીસે બટુકો પર કુકર્મ માટે સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સામે એફઆઈઆર નોંધી હતી.

તેમણે કહ્યું, "અમારા વકીલો કોર્ટમાં પોતાનો કેસ મજબૂતીથી રજૂ કરશે. સત્ય બહાર લાવવા માટે નાર્કો-ટેસ્ટ સહિત જે કંઈ જરૂરી છે એ કરવું જોઈએ. જૂઠાણાનું લાંબું ચાલતું નથી. બધા પુરાવા રજૂ કરવામાં આવશે. જો ચુકાદો અમારા પક્ષમાં નહીં આવે તો અમે સુપ્રીમ કોર્ટ સુધી જઈશું."

ધરપકડથી બચવા માટે અવિમુક્તેશ્વરાનંદે હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરી છે. અવિમુક્તેશ્વરાનંદની અરજી સોમવારે હાઈકોર્ટમાં સ્વીકારાઈ હતી. તુલસી પીઠાધીશ્વર સ્વામી રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ બ્રહ્મચારી મહારાજે 173 (4) હેઠળ જિલ્લા કોર્ટમાં અરજી કરી હતી.

DJ રેપ એન્ડ પોક્સો સ્પેશિયલ કોર્ટ વિનોદ કુમાર ચૌરસિયાએ ઝુંસી પોલીસ સ્ટેશનની પોલીસને કેસ નોંધી તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી ઝુંસી પોલીસ સ્ટેશનમાં સ્વામી અવિમુક્તેશ્વરાનંદ, તેમના શિષ્ય મુકુંદાનંદ ગિરિ અને બે-ત્રણ અજાણ્યા લોકો વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે.

પોલીસની મૂવમેન્ટને જોતાં પહેલાંથી જ નક્કી હતું કે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ હાઈકોર્ટનો સંપર્ક કરશે. સોમવારે મુક્તેશ્વરાનંદના વકીલોએ હાઈકોર્ટના સિનિયર વકીલો સાથે લાંબી વાતચીત કરી હતી.

આ પછી મંગળવારે શંકરાચાર્ય તરફથી આગોતરા જામીન અરજી કરવામાં આવી હતી. આ કેસમાં પીડિત સગીર છોકરાઓનાં નિવેદનો સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ઓન કેમેરા નોંધવામાં આવ્યા હતા. પોલીસે માઘ મેળામાં શંકરાચાર્યના શિબિર સ્થળનો નકશો પણ તૈયાર કર્યો છે. 18 જાન્યુઆરી, મૌની અમાવસ્યાના દિવસે પ્રયાગરાજ માઘ મેળામાં શંકરાચાર્ય અને વહીવટીતંત્ર વચ્ચે વિવાદ થયો.

## 70 વર્ષના વૃદ્ધ દુલ્હા બન્યા, 22 વર્ષની યુવતી સાથે કર્યા લગ્ન, પાકિસ્તાનની આ જોડી વાઈરલ



**ઈસ્લામાબાદ, તા.27**

ના ઉમ્ર કી સીમા હો ના જન્મ કા હો બંધન, જબ પ્યાર કરે કોઈ તો દેખે કેવલ મન... પાકિસ્તાનનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જે આ ગીતના શબ્દોને બિલકુલ સાચા સાબિત કરે છે. પાકિસ્તાનના રાવલપિંડી શહેરમાંથી એક અનોખા લગ્ન સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યા છે. ત્યાં 70 વર્ષીય હકીમ બાબરે 22 વર્ષની યુવતી સાથે લગ્ન કર્યા છે. આ બંને વચ્ચે 48 વર્ષનું અંતર છે જેણે ઈન્ટરનેટ પર ભારે ખલબલી મચાવી છે. લગ્ન બાદ સામે આવેલા તેમના પ્રોફેશનલ બ્રાઈડલ ફોટોશૂટ અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે.

લગ્ન બાદ કપલે એક પરંપરાગત ફોટોશૂટ કરાવ્યું, જેના ફોટા અને વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. એક ક્લિપમાં દુલ્હન ફિલ્મ 'એક થા ટાઈગર'નું ફેમસ ગીત 'દિલ દિયાં ગલ્લાં' ગાઈ રહી છે, જ્યારે વરરાજા પણ તેની સાથે સૂર મિલાવી રહ્યો છે. આ પ્રેમાળ પરંતુ અસામાન્ય દ્રશ્ય ટ્વિટર પર પહોંચતાની સાથે જ લોકોએ તેને ધડાધડ શેર કરવાનું શરૂ કરી દીધું અને જોતજોતામાં આ લગ્ન આખા પાકિસ્તાન ચર્ચાનો વિષય બની ગયા. આ લગ્નનો વીડિયો વાઈરલ થતાં જ સોશિયલ મીડિયા પર બે પ્રકારની પ્રતિક્રિયા સામે આવી છે. કેટલાક યુઝર્સે આ કપલના આત્મવિશ્વાસ અને ખુલ્લાપણાની પ્રશંસા કરી, જ્યારે કેટલાકે ઉંમરના આ મોટા અંતર પર મજાક પણ ઉડાવી. મીમ્સ, કમેન્ટ અને રિએક્શનના ઘોડાપૂરે આ લગ્નને પાકિસ્તાનથી ભારત સુધી વાઈરલ કરી દીધા છે.

પાકિસ્તાની મીડિયા પ્રમાણે હકીમ બાબરે સ્પષ્ટ કહ્યું છે કે, આ લગ્ન બંનેની ઈચ્છાથી થયા છે. તેમનું કહેવું છે કે, ઉંમર માત્ર એક નંબર છે. જો પ્રેમ સાચો હોય તો સબંધ હંમેશા મજબૂત રહે છે. તેણે જણાવ્યું કે, મારી પત્ની ડિવોર્સી છે અને લગ્નનો નિર્ણય સમજી-વિચારીને ઈસ્લામિક સિદ્ધાંતો પ્રમાણે લેવામાં આવ્યો છે. દુલ્હને પણ મીડિયાને કહ્યું કે, સાચો પ્રેમ ઉંમર નથી જોતો અને અમે બંનેએ પોતાની મરજીથી આ સબંધ સ્વીકાર્યો છે.

## ચીફ ઈલેક્શન કમિશનરે ચૂંટણીને તમિલનાડુની શાન ગણાવી

### કહ્યું- સમગ્ર રાજ્યમાં 75,000 મતદાન મથકો હશે, SIR પછી 5.67 કરોડ મતદારો બાકી રહ્યા



**ચેન્નઈ, તા.27**

ચીફ ઈલેક્શન કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારે ચૂંટણી પ્રક્રિયાને તમિલનાડુની શાન ગણાવી. તેમણે શુક્રવારે ચેન્નઈમાં તમિલનાડુ વિધાનસભા ચૂંટણીની તૈયારીઓને લઈને પ્રેસ કોન્ફરન્સ કરી.

CECએ રાજ્યના તમામ મતદારોને આગામી વિધાનસભા ચૂંટણીમાં ઉત્સાહભેર ભાગ લેવા અપીલ કરી. તેમણે કહ્યું કે તાજેતરમાં રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કરવામાં આવ્યું છે. આ પછી, હાલમાં અહીં 5 કરોડ 67 લાખ મતદારો છે.

તેમણે કહ્યું કે તમિલનાડુમાં લગભગ 75,000 મતદાન મથકો હશે, જેમાંથી 44,000 ગ્રામીણ વિસ્તારોમાં હશે. પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે દરેક મતદાન મથક પર 100% વેબકાસ્ટિંગ થશે.

તાજેતરમાં ચૂંટણી પંચે એક આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન કર્યું. તેમાં 72 દેશોના મુખ્ય ચૂંટણી કમિશનર, ચૂંટણી કમિશનર અને ચૂંટણી સ્ટાફે ભાગ લીધો. સંમેલનમાં તમિલનાડુની 10મી સદીની "કુડાવોલાઈ સિસ્ટમ" વિશે માહિતી આપવામાં આવી.

પંચ છેલ્લા કેટલાક દિવસોથી તમિલનાડુમાં છે. જિલ્લા કલેક્ટર, SP, DIG, IG, 24 અમલીકરણ એજન્સીઓ, રાજ્ય સરકાર, મુખ્ય સચિવ અને DGP સાથે તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી.

27 ઓક્ટોબર 2025થી 23 ફેબ્રુઆરી 2026 સુધી SIR કરવામાં આવ્યું. ઉદ્દેશ્ય હતો કે કોઈ પણ લાયક મતદાર છૂટી ન જાય અને કોઈ અયોગ્ય વ્યક્તિ સામેલ ન થાય. રાજ્યમાં કુલ 5 કરોડ 67 લાખ મતદારો છે.

દરેક મતદાન મથક પર સરેરાશ 756 મતદારો હશે. 258 બૂથ સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત થશે. 47 બૂથ દિવ્યાંગો દ્વારા સંચાલિત થશે. 265 મોડેલ મતદાન મથકો બનાવવામાં આવશે.

ચૂંટણી પંચે સ્વતંત્ર, નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણીઓ યોજવાનો ભરોસો આપ્યો. તમામ અમલીકરણ એજન્સીઓને કડકાઈથી કામ કરવા અને મતદારોને લાલચ આપતી પ્રવૃત્તિઓ પર રોક લગાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો.

23 ફેબ્રુઆરીઃ તમિલનાડુમાં SIRની અંતિમ યાદી પ્રકાશિત થઈ, 74 લાખ નામ રદ થયા

ચૂંટણી પંચ (ECI)એ સોમવારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) 2026 હેઠળ તમિલનાડુની અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરી છે. આ મુજબ, રાજ્યમાં હવે કુલ 5.67 કરોડ મતદારોના નામ છે. આ પ્રક્રિયામાં લગભગ 74 લાખ લોકોના નામ રદ કરવામાં આવ્યા છે.

ચૂંટણી પંચે જણાવ્યું કે 27 ઓક્ટોબર 2025ના રોજ SIR પ્રક્રિયા શરૂ થઈ ત્યારે રાજ્યમાં કુલ 6,41,14,587 મતદારો હતા. લગભગ ચાર મહિના ચાલેલી SIRમાં 74,07,207 લોકોના નામ હટાવવામાં આવ્યા છે, જેના પછી રાજ્યમાં 5,67,07,380 મતદારો નોંધાયેલા છે. રાજ્યમાં આ જ વર્ષે ચૂંટણીઓ યોજાવાની છે.

## પાક-અફઘાનિસ્તાન યુદ્ધમાં સાઉદીની એન્ટ્રી, 55 સૈનિકોના મોત બાદ રિયાધની શરણમાં શાહબાઝ સરકાર



**ઈસ્લામાબાદ, તા.27**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યા બાદ હવે પાકિસ્તાને પોતાના રક્ષા સહયોગી સાઉદી અરબનો સંપર્ક સાધ્યો છે. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડારે સાઉદીના વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન રહમાન સાથે ફોન પર વાતચીત કરી છે. જેદ્દામાં આયોજિત ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશનની બેઠક દરમિયાન થયેલી આ વાતચીતમાં પાકિસ્તાને વિસ્તારમાં વધી રહેલા તણાવને ઓછો કરવા માટે સાઉદીની મદદ માંગી છે. પાકિસ્તાન અને સાઉદી અરબ વચ્ચે થયેલા સંરક્ષણ કરાર મુજબ, એક દેશ પર હુમલો એ બીજા પર હુમલો માનવામાં આવે છે, જે પાકિસ્તાન માટે આ યુદ્ધમાં મહત્ત્વનું સાબિત થઈ શકે છે.

બીજી તરફ, સરહદ પર સ્થિતિ ગંભીર બની રહી છે. અફઘાનિસ્તાન સરકારના પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે દાવો કર્યો છે કે તાલિબાનના ઓપરેશનમાં પાકિસ્તાનની 19 ચોકીઓ પર કબજો કરી લેવામાં આવ્યો છે અને અંદાજે 55 પાકિસ્તાની સૈનિકોને ઠાર માર્યા છે. આટલું જ નહીં, કેટલાક સૈનિકોને પકડવામાં આવ્યા હોવાનો પણ દાવો છે. સાઉદી અરબ અને તાલિબાન વચ્ચે મોટો વ્યાપારી અને માનવીય સહાયનો સંબંધ હોવાથી પાકિસ્તાનને આશા છે કે સાઉદી મધ્યસ્થી કરીને આ યુદ્ધ અટકાવવામાં ભૂમિકા ભજવશે.

સામે પક્ષે પાકિસ્તાને પણ વળતો પ્રહાર કરતા કાબુલ અને કંધારમાં એરસ્ટ્રાઈક કરી છે, જેમાં 133 લોકોના મોત થયા હોવાનું કહેવાય છે. પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ આ સ્થિતિને સત્તાવાર રીતે 'યુદ્ધ' ગણાવી દીધું છે. હવે આંતરરાષ્ટ્રીય સ્તરે સાઉદી અરબ કેવું વલણ અપનાવે છે તે જોવું રસપ્રદ રહેશે, કારણ કે સાઉદી પહેલેથી જ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે સમજૂતી કરાવવા માટે પ્રયત્નશીલ રહ્યું છે.




# હોળી-ધૂળેટીમાં 6750 ઇમરજન્સી કોલ આવવાની શક્યતા: સુરતમાં 53%નો વધારો થઈ શકે, રાજ્યમાં 1750થી વધુ એમ્બ્યુલન્સ તહેનાત

**અમદાવાદ, તા.27**

રાજ્યભરમાં જ્યારે હોળી અને ધૂળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી થવાની છે, ત્યારે 108 ઈમરજન્સી સેવાએ પણ કોઈપણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે કમર કસી છે. અગાઉના વર્ષોના ડેટાના આધારે આ વર્ષે ઈમરજન્સી કેસમાં નોંધપાત્ર વધારો થવાની શક્યતા છે, જેને ધ્યાનમાં રાખીને રાજ્યભરમાં એમ્બ્યુલન્સ અને સ્ટાફની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

108 સેવાના CEO જસવંત પ્રજાપતિના જણાવ્યા અનુસાર, ખાસ કરીને માર્ગ અકસ્માત અને અન્ય ઈજાઓમાં મોટો ઉછાળો જોવા મળે છે. ઊંચાઈ પરથી પડી જવું, પાણીમાં ડૂબવું, મારામારીના કિસ્સાઓ અને ઝેર પીવાના કેસોમાં ધૂળેટીના પર્વ પર નોંધપાત્ર વધારો થતો હોય છે.

સૌથી વધુ સુરત શહેરમાં ઈમરજન્સી કેસમાં 53%નો વધારો જોવા મળી શકે છે. આ ઉપરાંત દાહોદ, પંચમહાલ, આણંદ અને દેવભૂમિ દ્વારકા જેવા જિલ્લાઓમાં પણ ઈમરજન્સીની સંખ્યા વધવાની શક્યતા છે. રાજ્યભરમાં હાલ 800 જેટલી 108 એમ્બ્યુલન્સ, 38 ICU ઓન વ્હીલ્સ, 2 બોટ એમ્બ્યુલન્સ અને 1 એર એમ્બ્યુલન્સ કાર્યરત છે. આ ઉપરાંત સરકારી હોસ્પિટલોની 500થી વધુ એમ્બ્યુલન્સ સાથે પણ સંકલન કરવામાં આવ્યું છે. કુલ મળીને 1750થી વધુ એમ્બ્યુલન્સ લોકોની સેવામાં હાજર રહેશે.

ઈમરજન્સી રિસ્પોન્સ ટાઈમ ઘટાડવા માટે ગૂગલ મેપ્સ દ્વારા 'હોટસ્પોટ' નક્કી કરવામાં આવ્યા છે, જેથી એમ્બ્યુલન્સને વ્યૂહાત્મક સ્થળોએ તહેનાત કરી શકાય અને ગોલ્ડન અવરમાં દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે. આમ, હોળી-ધૂળેટીના તહેવારોમાં લોકોની સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે 108 તંત્ર



સજ્જ છે. નાગરિકોને પણ વિનંતી છે કે સાવચેતીપૂર્વક તહેવાર ઉજવે અને કોઈપણ કટોકટીમાં તાત્કાલિક 108 પર સંપર્ક કરે.

રાજ્યમાં ઈમરજન્સી સેવા માટે 100 અને 108ની બદલે હવે ફક્ત 112 નંબર ડાયલ કરતાં જ તમામ પ્રકારની તાત્કાલિક સહાય એક જ જગ્યાએથી મળી રહેશે. અકસ્માતમાં ઈજા થઈ હોય, આગ લાગી હોય, લૂંટફાટ કે મારામારી જેવી પોલીસ સહાયની જરૂર હોય તો હવે નાગરિકો માત્ર 112 નંબર ડાયલ કરીને ફાયર, પોલીસ અથવા અન્ય કોઈપણ ઈમરજન્સી સેવા મેળવી શકશે.

રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ હેઠળ અંદાજે 1000 જેટલી PCR વાન અને 400 જેટલી ફાયર બ્રિગેડની ગાડીઓ સાથે સીધું જોડાણ કર્યું છે. જેથી કોલ મળતાં જ નજીકની ટીમને તરત જ એલર્ટ મોકલી શકાય. ઈમરજન્સી સેવાઓને વધુ અસરકારક બનાવવા માટે મોબાઈલ એપ્લિકેશન પણ તૈયાર કરવામાં આવી છે. આ એપ ફરિયાદીના લોકેશનના આધારે નજીકનું સરનામું શોધવામાં ઈમરજન્સી સેન્ટરને મદદરૂપ બને છે. અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતમાં રિસ્પોન્સ ટાઈમ લગભગ 10 મિનિટ સુધી સીમિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. 112 કંટ્રોલ રૂમમાં કાર્યરત ટીમ રોજના અંદાજે 150થી 250 જેટલા કોલ્સ એટેન્ડ કરે છે. જેમાંથી 45થી 60 જેટલા કોલ્સ ખરેખર ઈમરજન્સી સંબંધિત હોય છે. જ્યારે બાકીના કોલ્સ માહિતી, ઈન્કવાયરી અથવા ફોલોઅપ માટે આવતા હોય છે. ઈજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવાની પણ સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવી છે.

# એસટી બસમાંથી 100 લીટર ડીઝલ ચોરાયું: શાહીબાગ આર્મી કેન્ટોનમેન્ટમાંથી ટેલિફોન કેબલની ચોરી.....

**અમદાવાદ, તા.27**

અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલા આર્મી કેન્ટોન્ટમેન્ટમાંથી ટેલીફોન વાયરના કેબલની ચોરી થઈ હોવાની ઘટના બની છે. સૌથી સુરક્ષિત ગણાતા એવા આર્મી વિસ્તારમાંથી ચોરી થતાં આર્મીના જવાન દ્વારા શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી કેબલ ચોરી કરનાર આરોપીને ઝડપવા તજવીજ હાથ ધરી છે.




શાહીબાગ વિસ્તારમાં આવેલા આર્મી કેન્ટોનમેન્ટમાં ફરજ બજાવતા હવાલદાર વિજયભાઈએ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, 24 ફેબ્રુઆરીના રોજ બપોરે તેઓ આર્મી એક્સચેન્જ ખાતે નોકરી ઉપર હાજર હતા. સાંજે છ વાગ્યાની આસપાસ રિપોર્ટિંગ કરવાનું હોવાના કારણે લેન્ડલાઈન ફોનથી આર્મી કેમ્પના મેન ગેટ ઉપર ફોન કરવા લાગ્યા હતા, પરંતુ ફોન લાગતો નહોતો. જેથી ગેટ પર આર્મી એક્સટેન્ડ તરફના કેબલ ચેક કરવા ગયા હતા, ત્યારે પંજાબ નેશનલ બેંક પાસે ટેલીફોન કેબલ હતો નહીં. આસપાસમાં તપાસ કરતાં ક્યાંય પણ મળી આવ્યો નહોતો, જેથી આ બાબતે તેમણે અધિકારીને જાણ કરી હતી અને કેબલ ચોરી થઈ હોવા અંગેની ફરિયાદ નોંધવાનું કહેતા શાહીબાગ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી છે.

શહેરમાં બોપલ વિસ્તારમાં આવેલા લાલ ગેબી આશ્રમના કમ્પાઉન્ડમાં પાર્ક કરવામાં આવેલી એસટી બસની ડીઝલની ટાંકી અને તેના સેન્સરનું ઢાંકણ તોડીને 100 લીટર જેટલા ડીઝલની ચોરી કરી હોવા અંગેની ફરિયાદ બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. સુરતથી બોપલના રૂટની બસ 21 ફેબ્રુઆરીના રોજ ડ્રાઈવર પરસોત્તમભાઈ લઈને આવ્યા હતા અને રાત્રે 9:00 વાગ્યાની આસપાસ લાલ ગેબી આશ્રમ ખાતે બસ પાર્કિંગ કરી સૂઈ ગયા હતાં.

વહેલી સવારે 4:00 વાગ્યે જ્યારે તેવો ઊઠ્યા અને ટાયર ચેક કરવા ગયા ત્યારે બસની ડીઝલની ટાંકીનું ઢાંકણ ખુલ્લુ હતુ અને સેન્સરનું ઢાંકણ પણ ખુલ્લું હતું, જેથી તપાસ કરતા ડીઝલ ઢોળાયેલુ હતુ. ડીઝલનો કાંટો તપાસ કરતા અંદાજિત 100 લીટર જેટલું ડીઝલ ઓછું હતું, જેથી ડીઝલ ચોરી થઈ હોવાની જાણ થતા તેમણે સાણંદ ડેપો ખાતે જાણ કરી અને બાદમાં બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# પેટલાદના ચાવડી બજાર, ખંભાતી ભાગોળ વિસ્તારમાં ગંદા પાણી માર્ગો પર રેલાતા રોષ

**આણંદ, તા.27**



પેટલાદ નગરપાલિકા વિસ્તારમાં ચાવડી બજાર અને ખંભાતી ભાગોળ રઝા ચોક વિસ્તારમાં ગટર ઉભરાવવાની સમસ્યા સ્થાનિક રહીશો માટે માથાના દુ:ખાવા સમાન બની ગઈ છે. જેના કારણે રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. રસ્તા પર 24 કલાક ગટરના ગંદા પાણી ભરાઈ રહેતા હોવાથી ભારે દુર્ગંધ મારે છે. જીવાતોનો ઉપદ્રવ વધી ગયો હોવાથી રોગચાળો ફાટી નીકળવાની દહેશત વર્તાઇ રહી છે.

આ બંને વિસ્તારમાં મુખ્ય બજાર આવેલા હોવાથી રાહદારીઓ સહિત વાહનચાલકોની સતત અવરજવર રહે છે. પરંતુ ગટરના પાણી રસ્તા પર હોવાથી લોકોને ત્રાહીમામ પોકારી ગયા છે. તેમ છતાં નગરપાલિકા દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવતા નથી. આ વિસ્તારના સ્થાનિક કાઉન્સિલરોને પ્રજાના આરોગ્ય કોઇ ચિંતા ન હોય તેમ પાલિકામાં કોઇ રજૂઆત કરતાં નથી. જેને લઈને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પેટલાદ નગરપાલિકા દ્વારા પાંચ દાયકા અગાઉ શહેરના વિવિધ વિસ્તારમાં ગટર લાઇન નાંખવામાં આવી હતી. જે તે સમયે સ્થાનિક વસ્તીને ધ્યાને લઈને ગટર લાઈનની પાઈપો નાંખવામાં આવી હતી. હાલ વસ્તી ચાર ગણી વધી ગઇ છે. નાની પાઈપો હોવાથી ગટર લાઇન વારંવાર ચોકઅપ થઇ જાય છે. જેથી દરરોજ ગટરના ગંદા પાણી માર્ગો પર કોઈને કોઈ વિસ્તારમાં ઉભરાતાં જોવા મળી રહ્યાં છે. ત્યારે પાલિકા દ્વારા વર્ષોજૂની ગટર લાઇન કાઢીને નવી નાંખવામાં આવે તેમ રહીશો ઈચ્છે છે.

# નડિયાદ પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી: તપાસ બાદ કોઈ જોખમ ન મળતાં તંત્રને રાહત

**નડિયાદ, તા.27**

નડિયાદ શહેરના અમદાવાદી બજારમાં આવેલી મુખ્ય પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા ખળભળાટ મચી ગયો હતો. આ ધમકીને પગલે પોલીસ વિભાગ સક્રિય બન્યું હતું અને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, સઘન તપાસ બાદ કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. પાસપોર્ટ ઓફિસના વેરિફિકેશન ઓફિસર સંજીવભાઈએ આ ઘટના અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, બપોરે 12:30 વાગ્યાની આસપાસ પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવા અંગેનો ધમકીભર્યો ઈમેલ પ્રાપ્ત થયો હતો. આ ગંભીર માહિતી મળતા જ પોસ્ટ ઓફિસના કર્મચારીઓમાં ચિંતા વ્યાપી ગઈ હતી. ધમકીના સમાચાર મળતાની સાથે જ સ્થાનિક પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક પાસપોર્ટ ઓફિસ ખાતે પહોંચી ગયો હતો. સુરક્ષાના ભાગરૂપે સમગ્ર બિલ્ડિંગને ખાલી કરાવી તપાસની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

ઘટનાની ગંભીરતાને જોતા બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી. બોમ્બ સ્ક્વોડ દ્વારા અત્યાધુનિક સાધનોની મદદથી પાસપોર્ટ ઓફિસના દરેક ખૂણેખૂણાની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન પાર્સલ વિભાગ, વહીવટી શાખા અને જાહેર જનતાની અવરજવરવાળા



તમામ વિસ્તારોને તપાસવામાં આવ્યા હતા. કલાકો સુધી ચાલેલી આ તપાસના અંતે પોસ્ટ ઓફિસમાંથી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળી આવ્યા ન હતા, જેનાથી તંત્રએ રાહત અનુભવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ સમગ્ર મામલો એક ખોટા મેસેજ અથવા ઈમેલ ફોરવર્ડ થવાને કારણે સર્જાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અગાઉ સુરત પાસપોર્ટ ઓફિસને આ પ્રકારનો ધમકીભર્યો મેલ મળ્યો હતો.

કોઈ અજાણી વ્યક્તિએ આ મેસેજ નડિયાદ પાસપોર્ટ ઓફિસના સંદર્ભમાં ભૂલથી ફોરવર્ડ કરી દીધો હોવાનું જણાય છે. આ અફવા ફેલાતા જ સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસે સુરક્ષાના કારણોસર સતર્કતા દાખવી પ્રોટોકોલ મુજબ તપાસની કાર્યવાહી હાથ ધરી હતી.

પાસપોર્ટ ઓફિસમાં સર્ચ ઓપરેશન પૂર્ણ થયા બાદ સ્થિતિ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. વેરિફિકેશન ઓફિસરે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારનું જોખમ જોવા મળ્યું નથી.

જોકે અચાનક સર્જાયેલી આ સ્થિતિને કારણે પાસપોર્ટ ઓફિસની કામગીરીમાં થોડા સમય માટે વિક્ષેપ પડ્યો હતો અને આસપાસના બજારમાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. પોલીસે લોકોને અફવાઓથી દૂર રહેવા અને ગભરાટ ન ફેલાવવા માટે પણ અપીલ કરી હતી.

હાલમાં નડિયાદ પોલીસ આ ઈમેલ ક્યાંથી આવ્યો અને કોણે ફોરવર્ડ કર્યો તે દિશામાં ટેકનિકલ તપાસ ચલાવી રહી છે. બોર્ડની પરીક્ષાઓના સંવેદનશીલ સમયમાં આ પ્રકારે ખોટી અફવા ફેલાવનાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાની પણ શક્યતા સેવાઈ રહી છે. તપાસના અંતે સુરક્ષા એજન્સીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો કે સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે અને કોઈ પણ પ્રકારના ભયનું કારણ નથી.

# આણંદમાં રેલવેનું ટુ વે ગરનાળુ તૈયાર, મનપાએ પાણીની લાઇન-દબાણો ન હટાવતા એક સાઇડ જ અવરજવર થશે

**આણંદ, તા.27**

આણંદ શહેરના અમીના મંજિલ પાસે અન્ડર ગ્રાઉન્ડ રેલવે ગરનાળુ બનાવવાનો મુખ્ય ઉદેશ ભાલેજ ઓવરબ્રિજ પરથી ટ્રાફિકનું ભારણ ઘટાડવાનો હતો. રેલ્વે વિભાગ દ્વારા ગરનાળુ ખોલી ટુ વે બનાવવાની તમામ કામગીરી પૂર્ણ કરી દીધી હતી. પરંતુ આણંદ મનપાએ ભાલેજ ઓવરબ્રિજ તરફ જવાના માર્ગ ગટર અને પાણીની લાઈનની પાઈપો અને દબાણો નહીં હટાવતાં ભાલેજ ઓવરબ્રિજ તરફના માર્ગનું કામ અટવાયું છે. જેના કારણે અમીના મંજિલ તરફ થઈ વાહનો નીકળશે તો ટ્રાફિક જામ સહિત અકસ્માતનો ભય રહેશે. મનપાની આડોડાઈને હાલતો રેલ્વે એક તરફની માર્ગ ખુલ્લો કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આણંદ ખાટકીવાડ પાસે ફાટક નં 260 બંધ કરીને ઈસ્માઈલનગર, પાધરિયા અને ગામડી વાહનચાલકોને અવરજવર માટે અમીના મંઝિલ પાસે ટુ વે ગરનાળાની કામગીરી દોઢ વર્ષ અગાઉ હાથ ધરાઈ હતી. જે તે વખતે સ્થાનિકોએ ભાલેજ



ઓવરબ્રિજ અને અમીના મંજિલ તરફ આવવા માટે બે જુદા જુદા માર્ગ ગરનાળા સાથે જોડાણ કરવા રજૂઆત કરી હતી. રેલ્વે વિભાગ દ્વારા ટુ વે ગરનાળુ બનાવી દીધું છે.

જ્યારે ભાલેજ ઓવરબ્રિજ તરફથી આવતા માર્ગ પરથી મનપાએ પાણી અને ગટર પાઈપો ન હટાવતાં તેમજ દબાણ છેલ્લા એક વર્ષથી દૂર કરવામાં કોઇ રસ દાખવ્યો ન હતો.જે બાબતે રેલવે વિભાગે વારંવાર રજૂઆત કરી હતી. તેમ છતાં કોઇ જ પગલાં લેવાય ન હતા. મનપા અધિકારીઓ એક વાતને વળગી રહ્યાં છે. આ કામ રેલ્વેએ કરવાનું છે.

ખરેખર મનપાની લાઇનો અને રસ્તો છે. ત્યારે રેલવે વિભાગ કંઇ રીતે કામ કરે તે અંગે સ્થાનિકો રજૂઆત કરવા છતાં કોઇ જ પગલાં લેવાતા ન હતા.આખરે રેલવે અમીના મંજિલ તરફના રસ્તે ગરનાળા ચાલુ કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ભાલેજ બ્રિજ તરફના રસ્તા પર મનપા કામગીરી કર્યા બાદ રસ્તો ખુલ્લો કરાશે તેમ સ્થાનિકોને જણાવ્યું હતું.આમ મનપાની આડોટાઈના કારણે નગરજનોને હાલાકી વેઠવાનો વકત આવશે. આણંદના અમીના મંઝિલ પાસે ગરનાળું ખોલીને બંને અવરજવર સુવિધા ઉભી કરવા માટે રજૂઆત કરી હતી. જે તે વખતે ભાલેજબ્રીજ તરફથી સુવિધા ઉપલબ્ધ કરવા પાઈપલાઈન ખસેડવા સાથે નજીકના માર્ગ પરના દબાણ હટાવવા જરૂરી હોય દબાણ દૂર કરવા જણાવ્યું છે.

# નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે હાર્દિક ભટ્ટ પુનઃ નિયુક્ત

**નડિયાદ, તા.27**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ નડિયાદ શહેર કોંગ્રેસના સંગઠનમાં મહત્વનો નિર્ણય લીધો છે. વર્ષ 2021 થી શહેર પ્રમુખ તરીકે કાર્યરત હાર્દિક ભટ્ટને તેમની કામગીરીને ધ્યાનમાં રાખીને ફરીથી આ જવાબદારી સોંપી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ તેમની નિમણૂક યથાવત રાખવાની જાહેરાત કરી હતી.

હાર્દિક ભટ્ટ નડિયાદના સ્થાનિક પ્રશ્નો અને પ્રજાલક્ષી સમસ્યાઓ મુદ્દે સક્રિય રહ્યા છે. તેમણે નડિયાદ પાલિકામાં કથિત ભ્રષ્ટાચાર અને



પાયાની સુવિધાઓના અભાવ સામે સતત વિરોધ પ્રદર્શિત કર્યો છે. વિરોધ પક્ષ તરીકે તેઓ તંત્ર સામે સક્રિયપણે લડત આપી રહ્યા છે. થોડા મહિના અગાઉ પાલિકામાં પીએફ કૌભાંડ મુદ્દે ડેપ્યુટી કમિશનરને રજૂઆત કરવા દરમિયાન વિવાદ સર્જાયો હતો.

હાર્દિક ભટ્ટ અને અન્ય કોંગ્રેસ કાર્યકરો સામે એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો પણ દાખલ કરાયો હતો. આ સંઘર્ષપૂર્ણ સમયગાળા છતાં પક્ષે તેમનામાં વિશ્વાસ જાળવી રાખીને સંગઠનનું સુકાન તેમને સોંપ્યું છે. આગામી સમયમાં હાર્દિક ભટ્ટ ટીમ સાથે સફાઈ, પાણી- રસ્તા જેવી સુવિધાના પ્રશ્નો મુદ્દે આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની રણનીતિ સાથે આગળ વધશે.

# અમદાવાદમાં વૈદિક હોળીને અદભુત પ્રતિસાદ: 131 સોસાયટીમાં ગાયના છાણા સ્ટીક પહોંચાડવાની શરૂઆત, રોડ પર રેતી પાથરી હોળી પ્રગટાવવા આદેશ

**અમદાવાદ, તા.27**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા છેલ્લાં બે વર્ષથી ભારતીય સંસ્કૃતિમાં ઉજવતાં હોળીકા દહનનાં પર્વને વૈદિક હોળીને વધુ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ત્યારે ગાયનાં છાણમાંથી બનતી સ્ટીક અને છાણાનો હોળીકા દહનમાં ઉપયોગ કરવા માટે વૈદિક હોળીની કીટ તૈયાર કરવામાં આવી હતી. એક જ અઠવાડિયામાં મ્યુનિસિપલ કોર્પોરેશનને વૈદિક હોળી માટેની કીટનો અદભુત પ્રતિસાદ મળ્યો છે. 131 જેટલી કીટ સોસાયટીઓ દ્વારા ખરીદવામાં આવી છે અને હવે ઓનલાઈન બુકિંગ બંધ કરવામાં આવ્યું છે. જે પણ સોસાયટીઓ દ્વારા ઓર્ડર આપવામાં આવ્યા છે, તેમના ઘરે વૈદિક હોળીની કીટ પહોંચાડવામાં આવી રહી છે.

સીએનસીડી વિભાગના વડા નરેશ રાજપૂતે જણાવ્યું હતું કે, ગત ગુરૂવારે વૈદિક હોળીને પ્રોત્સાહન આપવા માટે સીએનસીડી વિભાગની ટીમ દ્વારા છાણમાંથી તૈયાર કરવામાં આવેલી સ્ટીક અને અન્ય ચીજ વસ્તુઓની 2500 રૂપિયાની કીટ માટે ઓનલાઈન બુકિંગ શરૂ કર્યું હતું, જે બુકિંગને સારો પ્રતિસાદ મળ્યો છે. 131 જેટલી કીટનો ઓનલાઈન ઓર્ડર મળ્યો છે, જેને આજથી મોકલવાની કામગીરી શરૂ કરી છે. એક બોક્સમાં આખી કીટ સોસાયટીમાં પહોંચાડવામાં આવી રહી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સૌથી વધારે બુકિંગ શહેરના પશ્ચિમ વિસ્તારમાં થલતેજ, બોપલ, ઘુમા, શીલજ, ઘાટલોડિયા, વસ્ત્રાપુર ચાંદલોડિયા અને ગોતા જેવા વિસ્તારમાંથી મળ્યા છે. તેમને આજે આપવાની શરૂઆત કરી છે. રવિવાર સુધીમાં તમામ સોસાયટીઓમાં આ વૈદીક હોળીની કીટ પહોંચી જશે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, વૈદિક હોળીના પ્રોત્સાહનના ભાગરૂપે સી.એન.સી.ડી. વિભાગના કૃપા મંદિર દ્વારા ગાયના છાણમાંથી બનેલા છાણા તથા સ્ટીકના બોક્સ તૈયાર કરી રૂ.2500ના ટોકને ગૌ-સેવા ઓનલાઈન દાનની રસીદ સાથે સંબંધિત સોસાયટી/ચાલી/સ્થળના જવાબદાર વ્યક્તિની જરૂરી વિગતો મેળવી હોળી પહેલા જ બૂકિંગને અદભુત પ્રતિસાદ




મળ્યો છે. તમામ લોકોના ઘરે હવે કીટ પહોંચાડવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

વૈદિક હોળીનાં કોન્સેપ્ટની સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રખડતા પશુઓના અટકાવ અને નિયંત્રણ પોલિસી-2023ની અસરકારક અમલવારી સાથે "Zero Tolerance Level" ની જાળવણી કરી શહેરમાંથી રખડતા પશુઓનો ત્રાસ દૂર કરવામાં આવ્યો છે, જેની રાજ્યના તમામ શહેરોમાં નોંધ લેવાઈ છે. રખડતા પશુઓને પકડી દાણીલીમડા અને બાકરોલ કૃપા મંદિર ખાતે 1090 જેટલા પશુઓને રાખવામાં આવ્યા છે. જેમાં પશુઓને દૈનિક ધોરણે ઘાસચારો, પાણી, તબીબી ચિકિત્સા, સારવારની પશુવિષયક વ્યવસ્થાઓ ઉભી કરાયેલી છે. આ બંને કરૂણા મંદિરોમાં દૈનિક ધોરણે 2800 કિ.ગ્રા. જેટલું છાણ/ગ્રીન વેસ્ટનો ઉપયોગ કરી છાણાં, સ્ટીક, ખાતર, ઓર્ગેનિક ખેતીમાં ઉપયોગી સોઈલ એનરીચર, બાયોગેસ વગેરે પ્રોડક્ટ્સ બનાવવામાં આવે છે.

ગ્રીન વેસ્ટના કચરાના પ્રોસેસિંગ માટે Reduce, Reuse, Recycle, Resource અને Repurpose Energyનો કોન્સેપ્ટ, "Circular Economy" નો કોન્સેપ્ટ તથા "Net Zero Cell" ની માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે. Local for Vocal અભિયાન હેઠળ છાણમાંથી રિસોર્સ અને એનર્જી, રીયુઝ Swarnim Startupનાં અંતર્ગત MSMEના નાના ઉદ્યોગ સાહસિકો દ્વારા ગાયના છાણનો ઉપયોગ કરી ટીકી અને સ્ટીક સહિતના વિવિધ પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવે છે.

આ ઉપરાંત છાણમાંથી વિવિધ પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં આવે છે. દૈનિક જનરેટ થતા છાણને મુનિ. કોર્પો.ની ગૌશાળા સાઈટ પર ખાતર બનાવી સંગ્રહ કરવામાં આવે છે અને પ્રક્રિયા બાદ તૈયાર ખાતરનો ઉપયોગ મુનિ. કોર્પો.ના 250 જેટલા ગાર્ડનમાં રોપા ઉછેર, નર્સરી તથા સોઈલ એનરિચર તરીકે થાય છે. છાણમાંથી ખાતર, કોડીયા, કુંડા, ઓર્ગેનિક મટીરીયલ, સોઈલ એનરિચર, બાયોગેસ તથા ગેસ જનરેટ કરી રોટી બનાવવાની પ્રવૃત્તિઓ થાય છે. છાણા અને કોડીયા માટે વિવિધ ધાર્મિક સંસ્થાઓ તથા વિવિધ મોટી સંસ્થાઓ પાસેથી વપરાશ જથ્થાની ઈન્કવાયરી મંગાવવામાં આવી છે. છાણા અને સ્ટીકનો કોમર્શિયલ જગ્યાઓ તથા અન્ય બળતણના વિકલ્પ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત, છાણમાંથી બનતા એકમો દ્વારા ખાતરનો ઉપયોગ છાણમાંથી બનાવાતા કુંડા વગેરે નર્સરીમાં માટે પણ ઉપયોગ કરવામાં આવે છે.

હોળીના પવિત્ર તહેવારના દિવસે સામાન્યતઃ શહેરના નાગરિકો દ્વારા રસ્તા ઉપર ખાડા ખોદી હોળી પ્રગટાવવામાં આવે છે. તેમજ ડામરના રસ્તા પર હોળી પ્રગટાવવામાં આવે છે, જેના કારણે રસ્તાને ખુબજ મોટા પ્રમાણમાં નુકસાન થાય છે. તેમજ રસ્તા ઉપર ખાડો કરવાથી ડામરવાળા ભાગમાં પોલાણ જેવી પરિસ્થિતિ સર્જાય છે. ચોમાસાની ઋતુમાં પાણી અંદર ઉતરવાની શકયતાઓ વધી જાય છે અને તેના લીધે નીચે ઉતરેલ પાણી નીચેની સરફેસમાં અનેક જગ્યાઓ ઉપર રસ્તાને નુકસાન પહોંચાડે છે. આ પછી રસ્તાને સમારકામ કરવા છતાંય રહી ગયેલ પોલાણ વાળી જગ્યામાંથી ચૌમાસાની ઋતુમાં વરસાદનું પાણી અંદર ઉતરવાથી રસ્તાને બહુ નુકસાન પહોંચે છે.

જેથી હોળી રસ્તાની વચ્ચે ના પ્રગટાવતા, રસ્તાની એક બાજુ ઈંટો/પેવર બ્લોક ગોઠવી તેના ઉપર રેતી પાથરી તેની ઉપર હોળી પ્રગટાવવામાં આવે તો રસ્તાને થતુ નુકસાન અટકાવી શકાય. જે માટે જે તે વિસ્તારની મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ ઓફિસનો સંપક કરવા વિનંતી છે. તદઉપરાંત હોળી ઝાડની નીચે તેમજ ઈલેકટ્રીક તથા અન્ય કેબલની ઓવરહેડ લાઈનની નીચે ન પ્રગટાવના અન્ય જગ્યા ઉપર પ્રગટાવવામાં આવે તો ઝાડ ઉપર રહેતા પક્ષીઓને થતુ નુકસાન તથા ઈલેક્ટ્રીકલ તેમજ અન્ય ઓવરહેડ લાઈનને નુકસાન કે અકસ્માત ન થાય તે મુજબ હોળી પ્રગટાવવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# આરોપ- બાંગ્લાદેશ સરકારે ડિફોલ્ટરને સેન્ટ્રલ બેંક ગવર્નર બનાવ્યા: વિપક્ષ બોલ્યો- આ સહન ન કરી શકીએ, દેશમાં ભીડતંત્ર ચાલી રહ્યું છે

**ઢાકા, તા.27**

બાંગ્લાદેશમાં સેન્ટ્રલ બેંકના નવા ગવર્નરની નિમણૂકને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. વિપક્ષનો આરોપ છે કે તારિક રહેમાનની સરકારે એક ડિફોલ્ટર ઉદ્યોગપતિને સેન્ટ્રલ બેંકના ગવર્નર બનાવ્યા છે, જે દેશમાં ભીડતંત્રની શરૂઆત જેવું છે.



બાંગ્લાદેશ બેંકના નવા ગવર્નર તરીકે મોસ્તાકુર રહેમાનની નિમણૂક પછી રાજકીય ઘમાસાણ તેજ બન્યું. જમાત એ ઈસ્લામીના પ્રમુખ અને વિપક્ષના નેતા શફીકુર રહેમાને કહ્યું કે આ નિર્ણય પીએમની સલાહ પર લેવામાં આવ્યો છે અને તેને સહન કરી શકાય નહીં.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ પહેલા સરકારે અહસાન હબીબ મન્સૂરનો કાર્યકાળ અચાનક સમાપ્ત કરી દીધો હતો, જેમને મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારે નિયુક્ત કર્યા હતા.

મન્સૂરે કહ્યું કે તેમણે ન તો રાજીનામું આપ્યું અને ન તો તેમને હટાવવાની કોઈ સત્તાવાર સૂચના મળી. તેમને આ સમાચાર મીડિયા દ્વારા જાણવા મળ્યા.

મોસ્તાકુર રહેમાનની નિમણૂક એટલા માટે અલગ માનવામાં આવી રહી છે કારણ કે અત્યાર સુધી બાંગ્લાદેશમાં કેન્દ્રીય બેંકના ગવર્નર સામાન્ય રીતે અનુભવી બેંકર, અર્થશાસ્ત્રી અથવા વરિષ્ઠ સિવિલ સેવક રહ્યા છે.

મોસ્તાકુર એક કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ અને ગારમેન્ટ ઉદ્યોગપતિ છે. તેઓ હેરા સ્વેટર્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર છે અને તાજેતરની ચૂંટણીમાં તારિક રહેમાનની BNP પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સંચાલન સમિતિ સાથે પણ જોડાયેલા હતા.

તેમની નિમણૂકને લઈને દેવું ચૂકવવા સંબંધિત જૂના કેસો પર પણ સવાલો ઉઠી રહ્યા છે. બીડી ન્યૂઝ24ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે તેમની કંપની 86 કરોડ ટાકાનું દેવું સમયસર ચૂકવી શકી ન હતી.

એક બેંક અધિકારીએ કહ્યું કે જે વ્યક્તિ પોતાની જ કંપની માટે ખાસ શરતો પર દેવાનું પુનર્ગઠન કરાવે છે, તે દેશના બેંકિંગ સિસ્ટમના હિતોનું રક્ષણ કેવી રીતે કરશે.

યુનિવર્સિટી ઓફ ઢાકાના પૂર્વ પ્રોફેસર દીન ઈસ્લામે પણ કહ્યું કે કોઈ સક્રિય વેપારીને કેન્દ્રીય બેંકના ગવર્નર બનાવવા ખોટો સંદેશ આપે છે અને તેનાથી હિતોના ટકરાવની આશંકા વધે છે.

મોસ્તાકુરની નિમણૂક પછી વિપક્ષી નેતા શફીકુર રહેમાને ફેસબુક પર લખ્યું કે બાંગ્લાદેશ બેંકમાં જે થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ અને સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. તેમણે કહ્યું કે કોઈને પણ ગવર્નર અને તેમના સલાહકારો જેવા સન્માનિત લોકોને આ રીતે અપમાનિત કરવાનો અધિકાર નથી.

તેમણે ચેતવણી આપી કે જ્યારે દેશની અર્થવ્યવસ્થા પહેલાથી જ ઘણી સમસ્યાઓથી ઝઝૂમી રહી છે, ત્યારે બાંગ્લાદેશ બેંક જેવી મહત્વપૂર્ણ સંસ્થામાં આવી કાર્યવાહી બાકી રહેલી અર્થવ્યવસ્થાને પણ બરબાદ કરી દેશે. તેમણે તમામ રાજકીય પક્ષો અને સમાજના તમામ વર્ગોને વિરોધ કરવાની અપીલ કરી અને કહ્યું કે જો સરકાર ખરેખર લોકતાંત્રિક અને ભેદભાવ-રહિત બાંગ્લાદેશ બનાવવા માંગે છે તો આવી ગતિવિધિઓ તરત જ બંધ થવી જોઈએ. જરૂરી પદો પર નિમણૂકો યોગ્યતાના આધારે થવી જોઈએ, ન કે રાજકીય નિષ્ઠાના આધારે.

વિવાદનું બીજું મોટું કારણ તેમની નિમણૂકની પરિસ્થિતિઓ છે. અહેસાન હબીબ મન્સૂરને 2024માં ચાર વર્ષ માટે ગવર્નર બનાવવામાં આવ્યા હતા અને તેમનો કાર્યકાળ ઓગસ્ટ 2028 સુધીનો હતો, પરંતુ 18 મહિનાથી પણ ઓછા સમયમાં તેમનો કાર્યકાળ સમાપ્ત કરી દેવામાં આવ્યો.

મન્સૂરને હટાવવામાં આવે તે પહેલાં કેટલાક અધિકારીઓએ તેમના વિરુદ્ધ તાનાશાહીનો આરોપ લગાવતા વિરોધ પ્રદર્શન કર્યું હતું. જોકે, મન્સૂરે પ્રેસ કોન્ફરન્સ કરીને આ આરોપોને ષડયંત્ર ગણાવ્યા હતા.

અહેસાન હબીબ મન્સૂરની બરતરફીથી દેશમાં ઘણા લોકો આશ્ચર્યચકિત છે. તેમને 27 વર્ષનો અનુભવ છે. તેઓ IMF જેવી સંસ્થાઓમાં કામ કરી ચૂક્યા છે.

2024માં શેખ હસીના અને તેમની અવામી લીગ સરકાર હટ્યા પછી જ્યારે દેશમાં આર્થિક અસ્થિરતા હતી, ત્યારે તેમને જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે તેમણે પદ સંભાળ્યું હતું ત્યારે ફોરેન કરન્સી રિઝર્વ 26 અબજ ડોલર હતું. તેમના પદ છોડવા સુધી તે વધીને 35 અબજ ડોલર થઈ ગયું. તેમણે ટાકાને 122.20 પ્રતિ ડોલર પર સ્થિર કર્યો અને મોંઘવારી દરને 2024ના 10.49%થી ઘટાડીને જાન્યુઆરી 2026માં 8.58% સુધી લાવવા માટે નીતિઓ અપનાવી.

# શરતો માનો, નહીં તો હુમલા માટે તૈયાર રહો... જિનીવા બેઠકમાં અમેરિકાની ઈરાન સામે 5 શરત

**વોશિંગ્ટન, તા.27**

ફેબ્રુઆરી 2026માં અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ તેની ચરમસીમાએ પહોંચ્યો છે. હાલની પરિસ્થિતિને જોતા બંને દેશો વચ્ચે યુદ્ધ જેવો માહોલ સર્જાયો છે. આ તણાવ વચ્ચે બંને દેશો વચ્ચે ગુરુવારે પરમાણુ વાટાઘાટો માટે બેઠક થઈ હતી. તેહરાન પર કરાર કરવા પર સહમત થવા અથવા અમેરિકન લશ્કરી હુમલાનો સામનો કરવા માટે દબાણ છે. જિનીવામાં અમેરિકાએ ઈરાન સામે 5 મોટી શરતો રાખી છે. જેમાં ઈરાનને પોતાના ત્રણેય પરમાણુ પ્લાન્ટ (ફોર્ડો, નાતાન્ઝ અને ઈસ્ફહાન)ને નષ્ટ કરવા સામેલ છે. આ ઉપરાંત અમેરિકાએ ઈરાન સામે તેમના તમામ સંવર્ધિત યુરેનિયમ અમેરિકાને સોંપવાની શરત મૂકી છે.



ઓમાનની મધ્યસ્થી હેઠળ જિનીવામાં ઈરાન અને અમેરિકા વચ્ચે ત્રીજા રાઉન્ડની વાતચીત ચાલી રહી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અલ્ટીમેટમ આપ્યું છે કે જો બંને દેશો વચ્ચે ન્યુક્લિયર ડીલ પર કોઈ સહમતિ ન સધાઈ તો ઈરાનને તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે. બીજી તરફ ઈરાન અમેરિકાની ઘણી શરતો સ્વીકારવા રાજી નથી.

અમેરિકાએ ઈરાન સામે શરત મૂકી છે કે તેણે પોતાના ત્રણેય પરમાણુ કેન્દ્રો (ફોર્ડો, નાતાન્ઝ અને ઈસ્ફહાન) નષ્ટ કરવા પડશે. આ ઉપરાંત પોતાના તમામ સંવર્ધિત યુરેનિયમ અમેરિકાને સોંપવા પડશે.

ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે અમેરિકાની એક શરત એ પણ છે કે તેહરાનને યુરેનિયમ સંવર્ધન શૂન્ય અથવા ખૂબ જ નીચા સ્તર સુધી મર્યાદિત રાખવું પડશે. પરંતુ ઈરાન તેહરાન રિસર્ચ રિએક્ટર પોતાની પાસે રાખી શકે છે.

અમેરિકાનું કહેવું છે કે તે શરૂઆતમાં પ્રતિબંધોમાં ઓછામાં ઓછી ઢીલ આપવામાં આવશે. જો ઈરાન શરતો સ્વીકારે તો વધુ છૂટછાટ આપવામાં આવશે, પરંતુ જો ડીલ ફાઈનલ ન થઈ તો અમેરિકા ઈરાન પર વધુ કડક પ્રતિબંધો લાદશે.

અમેરિકાએ સનસેટ ક્લોઝથી ઈનકાર કરી દીધો છે. તે કોઈપણ કરારની અવધિ પર કોઈ મર્યાદા નથી ઈચ્છતું. સનસેટ ક્લોઝ એ કોઈપણ ડિલમાં સામેલ એ શરત અથવા જોગવાઈ હોય છે જે જણાવે છે કે કાયદો હવે એક ચોક્કસ તારીખ પછી અસરકારક રહેશે નહીં, સિવાય કે તેને કાયદાકીય કાર્યવાહી દ્વારા લંબાવવામાં ન આવે.

યુરેનિયમ સંવર્ધન એ અમેરિકા અને ઈરાન વચ્ચેનો મુખ્ય મુદ્દો છે. અમેરિકાએ શરત મૂકી છે કે ઈરાને યુરેનિયમ સંવર્ધન બંધ કરવું પડશે. જોકે, ઈરાને અત્યાર સુધી આમ કરવાનો ઈનકાર કર્યો છે. 8 ફેબ્રુઆરીના રોજ ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ યુરેનિયમ સંવર્ધન છોડવાની વાતનો ઈનકાર કર્યો હતો અને કહ્યું કે અમે અમેરિકાના યુદ્ધની ધમકીઓથી ડરતા નથી.

# એપસ્ટીન ફાઈલ્સમાં વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગનું નામ ઉછળતા ચકચાર મચી...

**નવી દિલ્હી, તા.27**

એપસ્ટીન ફાઈલના લીધે આખા વિશ્વમાં હડકંપ મચેલો છે. એપસ્ટીન ફાઈલમાં દરરોજે કોઈને કોઈ સેલ્બિરિટીનો પર્દાફાશ થતો રહે છે. હવે તેમા જાણીતા વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગનું નામ આવતા ફક્ત વૈજ્ઞાનિક વર્તુળો જ નહીં આખા વિશ્વમાં ચકચાર મચી ગઈ છે. એપસ્ટીન ફાઈલ્સમાં સ્ટીફન હોકિંગની બિકિની પહેરી બે મહિલાઓ વચ્ચેની તસ્વીરે સનસનાટી મચાવી દીધી છે.



સ્ટીફન હોકિંગની જોડે રહેતી મહિલાઓની ઓળખ કરવામાં આવી નથી. હોકિંગ સહિત ત્રણ મહિલાના હાથમાં પીણું છે. સ્ટીફન હોકિંગનો ગ્લાસ તેના ઉપરાંત મહિલાએ પણ પકડી રાખ્યો છે. બંને મહિલાઓની ઓળખ છતી ન થાય તે માટે તેમનો ચહેરો ઢાંકી દેવામાં આવ્યો છે. બંને મહિલાએ બ્લેક રંગની બિકિની પહેરી છે. આ તસ્વીર ક્યાં લેવામાં આવી હતી તે હજી સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી, પરંતુ આ તસ્વીર જાહેર થયા પછી તો સોશિયલ મીડિયા પર તે આગની જેમ ફેલાવવા લાગી છે. સ્ટીફન હોકિંગના કુટુંબે જણાવ્યું હતું કે પ્રોફેસર હોકિંગે ૨૦મી સદીના ફિઝિક્સમાં જબરદસ્ત યોગદાન આપ્યું હતું. તેની સાથે તે ન્યુરોનની બીમારીથી લાંબા સમય સુધી બચનારી વ્યક્તિ પણ હતા. આ એક એવી બીમારી હતી જે તેમને અશક્ત કરી દેતી હતી, જેના લીધે તેમણે વેન્ટિલેટર, વોઈસ સિન્થેસાઈઝર, વ્હીલચેર અને ચોવીસ કલાક મેડિકલ કેર પર આધારિત રહેવું પડતું હતું.

આ નિવેદનમાં આગળ જણાવાયું છે કે તેમના તરફથી કોઈપણ પ્રકારનો ખોટો ઈશારો કે વ્યવહાર બહુ દૂરની વાત છે. હોકિંગ ૫૦ વર્ષ સુધી બીમારી સામે લડયા હતા અને ૨૦૧૮માં ૭૬ વર્ષની વયે તેમનું નિધન થયું હતું.

તે વિશ્વભરના પ્રસિદ્ધ વૈજ્ઞાનિકોના જૂથમાં સામેલ હતા, જેમણે માર્ચ ૨૦૦૬માં એપસ્ટીન દ્વારા ફંડેડ અને હોસ્ટ કરવામાં આવેલી એક કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.

આ કોન્ફરન્સ કેરેબિયન આઈલેન્ડ સેન્ટ થોમસ પર થઈ હતી, જે એપસ્ટીનના કુખ્યાત આઈલેન્ડની પાસે છે. ઉલ્લેખનીય છે કે હોકિંગનું નામ એપસ્ટીન ફાઈલમાં ત્યારે પણ આવ્યું હતું જ્યારે વર્જિનિયા ગિફ્રેએ આરોપ લગાવ્યો હતો કે સાયન્ટિસ્ટે એક વખત વર્જિન આઈલેન્ડ્સમાં સગીરોની પાર્ટીના એક જૂથમાં હિસ્સો લીધો હતો. ફાઈલમાં ઉપલબ્ધ ઈ-મેઈલ મુજબ એપસ્ટીને ગિફ્રેને મિત્રોને તેના દાવાને ખોટો સાબિત કરવામાં મદદ કરવા રોકડ ઈનામ આપવાની જાહેરાત કરી હતી. જો કે હોકિંગ પર ક્યારેય પણ કોઈ ખોટા કામ માટે સત્તાવાર રીતે આરોપ લાગ્યો નથી. તેમની મૃત્યુ ૨૦૧૯માં એપસ્ટીન તેના પર લાગેલા ગંભીર આરોપો બદલ જેલમાં ધકેલાયો ત્યારે થયું હતું.

# પુતિનને વાતચીત કરી યુદ્ધ ખતમ કરવામાં જરાય રસ નહીં, યુક્રેન પર 420 ડ્રોન સાથે ભીષણ હુમલો

**કિવ, તા.27**

યુક્રેને જણાવ્યું હતું કે જિનિવામાં અમેરિકા દ્વારા યોજાનારી શાંતિ મંત્રણા પૂર્વે રશિયાએ યુક્રેન પર ભીષણ હુમલો કર્યો છે. લગભગ 420 ડ્રોન અને 39 બેલિસ્ટિક મિસાઈલ સાથે આ હુમલો કરવામાં આવ્યા છે. આ હુમલામાં કોઈનું નિધન તો થયું નથી, પરંતુ બાળકો સહિત ઘણા બધા લોકોને ઈજા પહોંચી છે. આ હુમલો મુખ્યત્વે યુક્રેનની રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં કરવામાં આવ્યા હતા.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે અમેરિકા અને યુક્રેને પ્રતિનિધિઓ મંત્રણાની તૈયારી કરી રહ્યા છે ત્યારે રશિયા હુમલાની તૈયારી કરી રહ્યું છે. બંને દેશ વચ્ચેનું યુદ્ધ હવે પાંચમાં વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. રશિયાએ યુક્રેનના આઠ પ્રાંતમાં મુખ્યત્વે તેના ઊર્જા માળખાને નિશાન બનાવીને હુમલા કર્યા હતા. આ હુમલામાં બાળકો સહિત ડઝનથી પણ વધુ લોકોને ઈજા થઈ હતી.

ઝેલેન્સ્કીએ અત્યંત વિપરીત વાતાવરણમાં પણ શાંતિ મંત્રણા ચાલુ રાખવાના ટ્રમ્પના પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને આભાર માન્યો હતો. અમેરિકાની મધ્યસ્થીથી પ્રેરિત રશિયા-યુક્રેન વચ્ચેની શાંતિ મંત્રણા જારી છે, પરંતુ રશિયા જેના પર દાવો કરે છે તે યુક્રેનિયન પ્રાંતને લઈને મડાગાંઠ સર્જાઈ છે. આ મુદ્દે બંને પક્ષમાંથી કોઈપણ નમતુ જોખવા તૈયાર નથી.

ઝેલેન્સ્કી પર રશિયાના પ્રમુખ પુતિન સાથે સીધી વાતચીત કરવા દબાણ કરવામાં આવ્યું હતું અને જણાવાયું હતું કે સામસામે બેસીને સીધી વાતચીત કરવાથી હકારાત્મક નીવેડો આવી શકે છે, પરંતુ ક્રેમલિને જ તેના માટેનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે યુક્રેનના પ્રમુખને તેમને ત્યાં આમંત્રણ આપવાનો જ ઈન્કાર કરી દીધો છે. વોશિંગ્ટને યુદ્ધ છતાં પણ એક વર્ષથી ચાલતી મંત્રણાને બંધ થવા દીધી નથી, બીજી બાજુ રશિયાએ હુમલા પણ બંધ કર્યા નથી.



યુક્રેન અને યુરોપીયન સત્તાવાળાઓ પુતિન પર વારંવાર શાંતિ મંત્રણા ખોરવી નાખવાનો આરોપ લગાવતા રહ્યા છે. તેમને આશા છે કે અમેરિકા દ્વારા લગાવવામાં આવનારા વધારે પ્રતિબંધ રશિયાની આગેકૂચને અટકાવી શકશે. રશિયાએ યુક્રેનના મૃત્યુ પામેલા 1000 સૈનિકોના મૃતદેહ પરત કર્યા છે તો બદલામાં તેમના ૩૫ સૈનિકોના મૃતદેહ પરત મેળવ્યા છે. જો કે બંને દેશોએ જણાવ્યું હતું કે આ આપલે ક્યારે થઈ છે. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયાએ કીવ અને દનિપ્રોપેટ્રોવ્સ્ક પ્રાંતમાં ગેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વીજ સબસ્ટેશનો પર હુમલા કર્યા હતા. યુક્રેનિયન વિદેશ પ્રધાને પશ્ચિમી દેશોને યુક્રેનને હજી વધુ લશ્કરી સહાય પૂરી પાડવા વિનંતી કરી હતી.રશિયાના સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે તેમણે યુક્રેનના 17 ડ્રોન તોડી પાડયા છે. જ્યારે યુક્રેન રશિયાના ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લક્ષ્યાંક બનાવી રહ્યું છે. ગુરૂવારે ગાઝા શહેરનાં પૂર્વમાં ઈઝરાયેલનાં હુમલામાં ઓછામાં ઓછા બે પેલેસ્ટિયન નાગરિકોનાં મોત થયા છે અને પાંચ લોકો ઘાયલ થયા છે તેમ અલ અહલી હોસ્પિટલના ડાયરેક્ટર ફાદેલ નઈમે એક નિવેદનમાં જણાવ્યું છ. આ હુમલા અંગે ઈઝરાયેલની સેનાએ કોઈ પ્રતિક્રિયા આપી નથી.

10 ઓક્ટોબરે યુદ્ધ વિરામ અમલમાં આવ્યા પછી પણ ઈઝરાયેલનાં ઘાતક હુમલાઓએ વારંવાર તેમાં અવરોધ ઉભો કર્યો છે. પેલેસ્ટિયનોનાં વધતા મોતને કારણે ગાઝામાં ઘણા લોકો એવું કહેવા લાગ્યા છે કે યુદ્ધ અવિરત ચાલુ રહ્યું છે.

ઈઝરાયેલની સેનાએ ગુરૂવારે જણાવ્યું હતું કે દક્ષિણ ગાઝામાં સૈનિકોએ એક પેલેસ્ટિયનને મારી નાખ્યો હતો. આ પેલેસ્ટિયને ઈઝરાયેલના કબજાવાળા વિસ્તારને અલગ કરતી લાઈનને પાર કરી હતી. સીઝફાયર અમલમાં આવ્યા પછી આવા વિસ્તારોમાં આવું ગોળીબાર સામાન્ય વાત બની ગઈ છે. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે તેમણે જે વ્યકિતને ઠાર માર્યો છે તે એક આતંકવાદી હતો અને સૈનિકો માટે ખતરો હતો.

# પાકિસ્તાન-અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ: કરાચીમાં હાઈએલર્ટ, પાકિસ્તાને ફરી એરસ્ટ્રાઈક કરી, તાલિબાનનો દાવો- ઈસ્લામાબાદમાં મિલિટરી સ્ટેશનને ટાર્ગેટ કર્યું

**ઈસ્લામાબાદ, તા.27**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે. પાકિસ્તાની વાયુસેનાએ ફરી એકવાર અફઘાનિસ્તાનના અનેક પ્રાંતોમાં હવાઈ હુમલા કર્યા છે. બીજી તરફ, તાલિબાને પણ ઈસ્લામાબાદના ફૈઝાબાદ સૈન્ય મથક સહિત અનેક મહત્વપૂર્ણ લશ્કરી મથકોને નિશાન બનાવવાનો દાવો કર્યો છે.

સંઘર્ષની શરૂઆત ગુરુવારે મોડી રાત્રે અફઘાનિસ્તાન દ્વારા પાકિસ્તાન પરના હુમલાથી થઈ હતી. આ હુમલો 22 ફેબ્રુઆરીના રોજ અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની હવાઈ હુમલાના જવાબમાં કરવામાં આવ્યો હતો.

ટોલો ન્યૂઝ અનુસાર, તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લા મુજાહિદે આ હુમલામાં 55 પાકિસ્તાની સૈનિકોને મારી નાખ્યા હોવાનો દાવો કર્યો હતો. આ હુમલાના જવાબમાં પાકિસ્તાન સરકારે 'ગઝબ લિલ હક' ઓપરેશન શરૂ કર્યું અને કાબુલ, નંગરહાર, પક્તિકા, પક્તિયા, લગમાન, ખોસ્ત પ્રાંત સહિત અનેક શહેરોમાં હવાઈ હુમલા કર્યા.

આ હવાઈ હુમલામાં પાકિસ્તાને 133 અફઘાન સૈનિકો માર્યા હોવાનો દાવો કર્યો હતો. બંને વચ્ચેના સંઘર્ષમાં લગભગ 200 લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.

અફઘાન મીડિયા અહેવાલો અનુસાર, તાલિબાન લડવૈયાઓએ એક પાકિસ્તાની જેટ પણ તોડી પાડ્યું હતું. જોકે, આ વાતની પુષ્ટિ થઈ નથી.

અફઘાન સરકાર 23 પાકિસ્તાની સૈનિકોના મૃતદેહ હોવાનો દાવો કરે છે. એક પાકિસ્તાની સેનાનું મુખ્ય મથક અને 19 ચોકીઓ પણ કબજે કરવામાં આવી છે.

પાકિસ્તાની સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું, 'અમારી ધીરજ હવે ખુટી ગઈ છે; હવે અમારી વચ્ચે ખુલ્લું યુદ્ધ શરૂ થઈ ગયું છે.'

પાકિસ્તાની માહિતી મંત્રીએ આ વિડીયો X પર પોસ્ટ કર્યો છે. આ વિડીયોમાં અફઘાનિસ્તાનના કાબુલ, કંદહાર અને પક્તિકા પ્રાંતોમાં પાકિસ્તાની વાયુસેનાના હુમલાના ફૂટેજ છે.

અફઘાન પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે કહ્યું કે જો પાકિસ્તાન યુદ્ધ ચાલુ રાખશે તો તેઓ કડક જવાબ આપશે. તેમણે કહ્યું કે તેમની સેના પાસે બદલો લેવાની સંપૂર્ણ ક્ષમતા છે. અફઘાનિસ્તાન તેની સુરક્ષા માટે જરૂરી પગલાં લેતાં અચકાશે નહીં.





રશિયન વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝાખારોવાએ અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેના લશ્કરી સંઘર્ષ પર ચિંતા વ્યક્ત કરી.

તેમણે જણાવ્યું કે બંને દેશો વચ્ચે પરિસ્થિતિ ઝડપથી બગડી રહી છે. અથડામણમાં સૈનિકો, ફાયટર જેટ અને ભારે શસ્ત્રોનો ઉપયોગ થઈ રહ્યો છે. પરિણામે, બંને પક્ષે નાગરિકો સહિત અસંખ્ય જાનહાનિ અને ઘાયલ થયાના અહેવાલો છે.

રશિયાએ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનને અપીલ કરી છે કે પરિસ્થિતિ વધુ વણસવા ન દે. ઝાખારોવાએ કહ્યું કે બંને દેશોએ લશ્કરી કાર્યવાહી નહીં પણ વાતચીત અને રાજદ્વારી માધ્યમથી પોતાના મતભેદોનો ઉકેલ લાવવો જોઈએ.

પાકિસ્તાનની આર્થિક રાજધાની કરાચીને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. પોલીસે સમગ્ર શહેરમાં સુરક્ષા વધારી દીધી છે.

એડિશનલ ઈન્સ્પેક્ટર જનરલ (આઈજી) એજાઝ ખાને એરપોર્ટ, રેલવે સ્ટેશન, બસ ટર્મિનલ, સરકારી કચેરીઓ અને અન્ય મહત્વપૂર્ણ સ્થળોએ કડક દેખરેખ રાખવાનો આદેશ આપ્યો છે.

મસ્જિદો, મદરેસા અને ઈમામબારા જેવા સંવેદનશીલ વિસ્તારો પર પણ નજર રાખવામાં આવશે. પોલીસ પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું છે, અને વિવિધ સ્થળોએ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

પોલીસે જણાવ્યું છે કે તેમણે જાહેર સલામતી માટે તમામ જરૂરી વ્યવસ્થા કરી છે અને કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

અફઘાન સંરક્ષણ મંત્રાલયના સૂત્રોને ટાંકીને, ભૂતપૂર્વ પાકિસ્તાની સૈન્ય અધિકારી આદિલ રાજાએ દાવો કર્યો છે કે અફઘાનિસ્તાનથી આવેલા ડ્રોનથી પાકિસ્તાનના મુખ્ય ટાર્ગેટ પર હુમલો કરવામાં આવ્યો હતો.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું છે કે આ ડ્રોન અફઘાનિસ્તાનથી લોન્ચ કરવામાં આવ્યા હતા અને પાકિસ્તાનની અંદર હુમલો કરવામાં આવ્યો હતો.

દાવા મુજબ ટાર્ગેટમાં જમરુદ લશ્કરી થાણું, નૌશેરા કિલ્લો, સ્વાબીમાં એક પોલીસ સ્ટેશન અને ઈસ્લામાબાદ નજીક એક ન્યુક્લિયર એનર્જી સેન્ટરનો સમાવેશ થાય છે.

પાકિસ્તાનની સેના દુનિયાની શક્તિશાળી સેનાઓમાં ગણાય છે અને તેની પાસે પરમાણુ હથિયારો પણ છે. ગ્લોબલ રેન્કિંગમાં પાકિસ્તાનની સેના અવારનવાર ટોપ 15 દેશોમાં સામેલ રહે છે.

બીજી તરફ, અફઘાન તાલિબાન પાસે એટલા આધુનિક અને ભારે હથિયારો નથી. તેમના મોટાભાગના હથિયારો ત્રણ જગ્યાએથી આવ્યા છે

નિષ્ણાતોનું કહેવું છે કે અગાઉ થયેલી સરહદી અથડામણોના વીડિયો દર્શાવે છે કે તાલિબાન લડવૈયાઓ મોટાભાગે હળવા હથિયારોનો ઉપયોગ કરે છે.

જોકે, નિષ્ણાતોના મતે તાલિબાનને ગેરિલા યુદ્ધ (છાપામાર લડાઈ) નો લાંબો અનુભવ છે, જે પહાડી અને સરહદી વિસ્તારોમાં તેમને થોડી ધાર આપી શકે છે.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં ચાલી રહેલા સંઘર્ષને લઈને તુર્કીના વિદેશ મંત્રી હાકન ફિદાને શુક્રવારે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, કતાર અને સાઉદી અરેબિયાના વિદેશ મંત્રીઓ સાથે વાત કરી. રોયટર્સ ન્યૂઝ એજન્સીએ તુર્કીના એક રાજદ્વારી સ્ત્રોતને ટાંકીને આ માહિતી આપી.

પાકિસ્તાને દાવો કર્યો છે કે તાલિબાને એબટાબાદ, સ્વાબી અને નૌશેરામાં ડ્રોન હુમલા કર્યા છે. માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરારે કહ્યું કે આ શહેરોમાં નાના ડ્રોન જોવા મળ્યા હતા, જેને સુરક્ષા દળોએ તોડી પાડ્યા હતા.

તરારે આ હુમલાઓ માટે તાલિબાન સરકારને જવાબદાર ઠેરવી. જોકે, તેમણે કહ્યું કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

મલેશિયાના વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વધતા લશ્કરી તણાવ પર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે બંને દેશોને તાત્કાલિક તમામ લશ્કરી કાર્યવાહી રોકવા અને સંયમ રાખવા અપીલ કરી છે.

અનવરે કહ્યું કે તાજેતરના સરહદ પારના હુમલાઓ અને ખુલ્લા સંઘર્ષની સ્થિતિને કારણે જાનહાનિ થઈ છે, જે અત્યંત દુ:ખદ છે. તેમણે રમઝાન મહિનામાં થઈ રહેલી આ હિંસાને વધુ ગંભીર ગણાવી.

મલેશિયાના વડાપ્રધાને કહ્યું કે પાકિસ્તાનની કાયદેસર સુરક્ષા ચિંતાઓને સંબોધિત કરવી જોઈએ, પરંતુ તે જ સમયે અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન પણ જરૂરી છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ મતભેદોનો ઉકેલ ફક્ત સંવાદ અને વાતચીતથી જ શક્ય છે.

અફઘાન મીડિયા ટોલો ન્યૂઝ અનુસાર, પાકિસ્તાને તોરખમમાં 20 બેડની હોસ્પિટલ પર હવાઈ હુમલો કર્યો છે. આ હુમલામાં હોસ્પિટલનો એક કર્મચારી ઘાયલ થયો છે.

હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે સ્ટાફને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યો છે. મર્યાદિત સંસાધનો હોવા છતાં તબીબી સેવાઓ ચાલુ રાખવામાં આવી રહી છે. પાકિસ્તાન તરફથી આ દાવા પર હાલમાં કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી.

## તંત્રી લેખ

# પિતાની હત્યા કરનાર પુત્ર કહે છેછ સોરી, ગલતી સે હો ગયા

ફેબ્રુઆરી મહિનાની શરૂઆતમાં જ કોરિયન ગેમની વ્યસની બની ગયેલી ગાઝિયાબાદની સગીર વયની ત્રણ સગી બહેનોએ નવમા માળેથી પડીને આપઘાત કર્યો ત્યારે દેશમાં ભયાનક અરેરાટી ફેલાઈ હતી. આવી જ ઔર એક કંપારી છૂટી જાય એવી ઘટના ફેબ્રુઆરીના સામેના છેડે લખનૌમાં બની છે. અહીં પુત્રએ સગા પિતાની ગોળી મારીને હત્યા કરી નાખી, પછી એના શરીરના ટુકડા કર્યા ને એક ડ્રમમાં ભરીને ફેંકવાની કોશિશ કરી.

ઈન્ટરનેટ પર નજીકના સંબંધીની હત્યા કેવી રીતે કરવી તેવું શીખવાડતી અનેક વેબસાઈટ છે. આવી જ સાઈટ પરથી બોડી કાપવાનાં સાધન મગાવીને ૨૧ વર્ષના અક્ષતે પોતાના બિઝનેસમેન પિતા માનવેન્દ્ર સિંહ (૫૦ વર્ષ)ની હત્યા કરી નાખી. (અમુક અહેવાલોમાં અક્ષતની ઉંમર ૧૯ વર્ષ નોંધવામાં આવી છે.) અક્ષતે ઓનલાઈન મગાવેલાં સાધનોથી બોડીના ટુકડા કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ તેમાં સફળતા ન મળતાં એણે લાકડું કાપી શકાય તેવાં સાધનોનો ઉપયોગ કર્યો હતો. પિતાના ઘૂંટણ નીચેના બન્ને પગ અને બન્ને હાથ એણે કાપીને અલગ કરી નાખ્યા, છાતીનો ભાગ એક બ્લ્યુ ડ્રમમાં ભરી દીધો. આ સઘળું કારમાં ભરીને એ શહેરથી દૂર ફેંકી આવવા માગતો હતો.

અક્ષતે પોતે જ પછી પિતાના ગુમ થયાનો રિપોર્ટ લખાવ્યો. માનવેન્દ્ર સિંહ` વર્ધમાન પેથોલોજી લેબના માલિક હતા. તેમનો મૃતદેહનાં અંગ તેમની જ પેથોલોજી લેબોરેટરીમાંથી એક બ્લ્યૂ ડ્રમમાંથી મળી આવ્યો હતો. પોલીસની પૂછપરછનો સામનો કરી ન શકનાર અક્ષતે આખરે ગુનો કબૂલી લીધો હતો અને કહ્યું હતું કે સોરી, ગલતી હો ગઈ.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે અક્ષત અને તેના પિતા વચ્ચે અનેક વાર ભણવાના મુદ્દે ખૂબ ઉગ્ર રકઝક થતી હતી. પિતા અક્ષતને નીટ (નેશનલ ઈલીજીબીલીટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષા આપવા વારંવાર ટોકતા હતા, જે પુત્ર અક્ષતને પસંદ નહોતું. એ પિતાની લીકર શોપ સંભાળતો હતો અને પિતા એને પગાર પણ આપતા હતા.

પોલીસ સમક્ષ અક્ષતે કહ્યું હતું કે મારા પિતા મને નીટની પરીક્ષા પાસ કરવા બહુ દબાણ કરતા હતા તેથી કંટાળીને મેં તેમની હત્યા કરી હતી. વિગતો અનુસાર અક્ષતના પિતાએ ઘરમાં રાખેલા ૫૦ લાખ રૂપિયામાંથી કેટલીક રકમ ઓછી થઈ ગયેલી જણાતા અક્ષતને પૂછપરછ કરી હતી, જેની પ્રતિક્રિયારૂપે અક્ષતે એમની સામે રિવોલ્વર તાકી હતી. અક્ષતે જ્યારે પિતા પર બંદૂક ચલાવી ત્યારે નીચેના રૂમમાં રહેલી તેની બહેન દોડીને ઉપર પહોંચી હતી. તેને જોઈને અક્ષતે કહ્યું હતુ કે મોં બંધ રાખજે, હું બધું મેનેજ કરી લઈશ. અક્ષતના મનમાં વિચિત્ર ઝનૂન સવાર થઈ ગયું હતું.

આ આખો ઘટનાક્રમ ૨૦ ફેબુરઆરીના સવારે ૪.૩૦ વાગે બન્યો. એક થિયરી એવી છે કે પુત્રને તતડાવ્યા બાદ પિતાએ રિવોલ્વર નીચે મૂકી હતી. તે તકનો લાભ લઈને અક્ષતે રિવોલ્વર હાથમાં લઈને પિતાના કપાળ પર ગોળી મારી દીધી હતી. ગોળીબારનો અવાજ થતાં તેની બહેન જાગી ગઈ હતી અને ઉપર જઈને જોતાં તેના પિતા ઢળી પડેલા દેખાયા. બહેન કંઈ બોલે તે પહેલાં જ અક્ષતે તેને ચૂપ રહેવા કહ્યું હતું. પિતાના મૃતદેહને તે ત્રીજા માળેથી ઢસડીને નીચે ગ્રાઉન્ડ ફ્લોર પર ખેંચી લાવ્યો હતો. ત્યાર બાદ ઓનલાઈન મંગાવેલા કટરથી પિતાના મૃતદેહનાં અંગો કાપવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં સફળતા ના મળતાં નજીકની દુકાનમાંથી ખરીદેલા કરવત અને કટરથી અંગો કાપી નાખ્યા હતા. પિતાનો છાતીનો ભાગ એક બ્લ્યૂ કલરના પીપડામાં ભરીને પિતાની લેબોરેટરીમાં સંતાડી દીધા હતો.

જ્યારે તે શહેરથી દૂર એકાંત જગ્યાએ મૃતદેહના કપાયેલા ટુકડા ફેંકવા જતો હતો ત્યારે પેટ્રોલીંગ કરતી પોલીસના હાથે ઝડપાયો હતો. પિતાની હત્યા કર્યા પછી શું કર્યું તેની ચોક્કસ વિગતોની તપાસ ચાલે છે, પરંતુ પુત્રએ પિતાની હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું.

2014માં સિંગાપુર એરશો દરમિયાન પહેલી વખત ઈઝરાયેલે તેનું નિદર્શન કર્યું હતું. રફાલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમ દ્વારા વિકસિત કરવામાં આવેલી આ એરડિફેન્સ સિસ્ટમ શોર્ટ રેન્જના હવાઈ જોખમોને તોડી પાડવા અને ન્યૂટ્રલાઈઝ કરવામાં સક્ષમ છે. શોર્ટ રેન્જના જે ખતરાને પારંપરિક મિસાઈલ્સ ઈન્ટરસેપ્ટ કરવામાં નિષ્ફળ જાય છે તેવા તમામ ખતરાને આ સિસ્ટમ તોડી પાડે છે : કોઈ ડ્રોન અથવા તો મોર્ટાર નજીક આવતું દેખાય છે તો આ સિસ્ટમ તેને તરત જ ટ્રેક કરીને તેની તરફ નાના લેઝરની બીમ્સ છોડે છે જે ટાર્ગેટને નષ્ટ કરી દે છે. તેમાં એક એક લેઝર એકપછી એક નીકળતા હોવાથી હવાનું દબાણ ખાસ અસર કરતું નથી અને આ બીમ્સ વધારે ઘાતક સાબિત થાય છે

# આયર્ન બીમ : ભારતના 'સુદર્શન ચક્ર'ને મજબુત બનાવશે

## લાંબા અંતરની મિસાઈલ્સ હશે કે મધ્યમ અંતરના ડ્રોન કે પછી ટૂંકા અંતરના રોકેટ્સ અને સ્વાર્મ ડ્રોન્સ, તમામનો સામનો આર્યન બીમ દ્વારા કરી શકાશે

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયેલના બે દિવસના પ્રવાસે પહોંચ્યા છે. તેમની ઈઝરાયેલ મુલાકાતની સાથે જ ભારત-ઈઝરાયેલ વચ્ચે ડિફેન્સ ભાગીદારી વધારે મજબૂત બનશે તે દિશામાં વૈશ્વિક ચર્ચાએ વેગ પકડયો છે. બંને દેશો દ્વારા સુરક્ષા, ટ્રેડ, એડવાન્સ ટેક્નોલોજી અને ઔદ્યોગિક ભાગીદારી અને અન્ય બાબતો ઉપર જાડાણ કરવા અને સહયોગ વધારવા ઉપર ભાર મુકવામાં આવશે તે દેખાઈ રહ્યું છે. બીજી મહત્ત્વની વાત એ છે કે, ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલ દ્વારા ગાઝા ઉપર જે રીતે આક્રમણ કરાયું અને થોડા સમય પહેલાં યુદ્ધવિરામ કરવામાં આવ્યો તે દરમિયાન તેની આંતરરાષ્ટ્રીય છબીને જે દબાણ આવ્યું તથા તેના ઘણા સાથી દેશો ઉપર દબાણ આવ્યું ત્યારે ભારતે સંતુલન જાળવવામાં મદદ કરી હતી. તેના પગલે કદાચ આ મુલાકાત ભારત માટે વધારે ફળદાયક નિવડે તેવું જાણકારોનું માનવું છે.

જાણકારોના મતે વર્તમાન સમયમાં મોદીની ઈઝરાયેલ મુલાકાત આ જ ડિફેન્સ પાર્ટનશિપને વધારે મજબૂત કરવા અને આધુનિક કરવાના આશયને વ્યક્ત કરે છે. ઈઝરાયેલ પાસે વિશ્વની જે સૌથી અત્યાધુનિક એર ડિફેન્સ સિસ્ટમ છે તેના માટે ભારત અને ઈઝરાયેલ વચ્ચે કરાર થઈ શકે તેમ છે. પાકિસ્તાન સાથે ઓપરેશન સિંદૂર બાદ જે તણાવ વધ્યો છે અને બીજી તરફ જે ચીનનું જોખમ વધ્યું છે તે જોતાં ભારત પોતાની એર ડિફેન્સ ટેક્નોલોજી અને સંશાધનોને વધારે મજબૂત કરવા માગે છે. તેમાંય ઈઝરાયેલના આર્યન બીમ દ્વારા થોડા સમય પહેલાં જે કામગીરી કરવામાં આવી હતી તેને જોતાં ભારત આ ટેક્નોલોજીની ડિમાન્ડ કરે અથવા ટેક્નોલોજીની સાથે સાથે ભારતમાં તેના ઉત્પાદન અને ટેક્નોલોજીના વિકાસના પણ કરાર કરવામાં આવે તેવી શક્યતા છે.

મહત્ત્વની વાત એ છે કે, છેલ્લા કેટલાક દાયકામાં જોઈએ તો ભારતીય ડિફેન્સ નેટવર્ક ખૂબ જ મજબૂત થયું છે અને વિકસિત થયું છે. ૧૯મી સદીથી શરૂ કરીને વીસમી સદી અને ત્યારબાદ એકવીસમી સદીમાં ભારતે ઉત્તરોત્તર પ્રગતી કરી છે. શરૂઆતમાં માત્ર ફાઈટર પ્લેન અને રોકેટ્સ કે ટેન્કના માધ્યમથી થતી કામગીરી તબક્કાવાર વધતી ગઈ અને સુરક્ષાના લેયર્સ વધતા ગયા. ધીમે ધીમે સેન્સર્સ, શૂટર્સ અને કમાન્ડ સેન્ટર થકી ભારતે પોતાની હવાઈ સરહદોનું તબક્કાવાર નવિનીકરણ કરવામાં આવ્યું છે. ભારત દ્વારા પોતાની હવાઈ સરહદોના સંરક્ષણ માટે જે સુદર્શન ચક્રની ડિઝાઈન કરવામાં આવી છે તેમાં લોન્ગ રેન્જ ઈન્ટરસેપ્ટરથી શરૂ કીરને શોર્ટ રેન્જ નાના રોકેટ્સ અને મિસાઈલ્સને રોકવા અને તોડવામાં સરળતા રહે.

ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પાકિસ્તાન સાથે જે હવાઈ સંઘર્ષ થયો ત્યારબાદ ભારતે લાંબા અંતરના ઈન્ટરસેપ્ટ એરિયલ વેપન્સને ઈન્ટરસેપ્ટ કરવા અને તેનો નાશ કરવા માટે સજ્જતા વધારી છે. ખાસ કરીને રશિયા દ્વારા આપવામાં આવેલી એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ ટ્રાયમ્ફ દ્વારા તે સમયે ખૂબ જ મહત્ત્વની કામગીરી કરવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર સમયે રશિયાની આ ત્રણ ડિફેન્સ સિસ્ટમ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ હતી. આ વર્ષના અંત સુધીમાં બીજા બે યુનિટ પણ રશિયા દ્વારા ભારત પહોંચતા કરવામાં આવશે. બીજી તરફ ભારતના આત્મનિર્ભર પ્રોજેક્ટ કુશા દ્વારા લાંબા અંતરના હથિયારો માટે એર ડિફેન્સ સિસ્ટમ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. તેના હેઠળ એમ-૧ ઈન્ટરસેપ્ટર વિકસિત કરવામાં આવી છે જેનું પરિક્ષણ સફળ રહ્યું છે. બીજી તરફ આગામી વર્ષમાં વિવિધ રેન્જના અન્ય સિસ્ટમ પણ વિકસાવવામાં આવશે.

ભારત અને ઈઝરાયેલ દ્વારા સંયુક્ત રીતે પણ મીડિયમ રેન્જની



સૂઈ-જીછસ્/મ્ચચિં-૮ નામની એર ડિફેન્સ સિસ્ટમ વિકસિત કરવામાં આવી જ છે. આ એર ડિફેન્સ સિસ્ટમ નેવલ બેઝ તથા એર બેઝની સુરક્ષા કરે છે. ખાસ કરીને નાના એરક્રાફ્ટ, ક્રૂઝ મિસાઈલ્સ દ્વારા કરવામાં આવતા હુમલાને ખાળે છે. આ ઉપરાંત આકાશ-એનજી અને ક્યુઆરએસએમ જેવી શોર્ટ રેન્જ સિસ્ટમ પણ વિકસાવાઈ છે જે સરહદો ઉપર સુરક્ષા પૂરી પાડે છે. તેના અંતિમ ચરણમાં અત્યંત શોર્ટ રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ વિકસાવાશે. તેમાં સૈનિકો દ્વારા સીધા જ ઉપયોગમાં લેવાતા લોન્ચર, વ્હિકલ માઉન્ટેડ સિસ્ટમ, લો ફ્લાઈંગ ડ્રોન, હેલિકોપ્ટર અને અન્ય નજીકના હવાઈ હુમલાને ખાળવાની ક્ષમતા હશે. ખાસ કરીને પર્વતીય વિસ્તારોમાં તેનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આયર્ન બીમનો અર્થ હિબુરમાં થાય છે એઈટન્સ લાઈટ. ૨૦૧૪માં સિંગાપુર એરશો દરમિયાન પહેલી વખત ઈઝરાયેલે તેનું નિદર્શન કર્યું હતું. રફાલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમ દ્વારા વિકસિત કરવામાં આવેલી આ એરડિફેન્સ સિસ્ટમ શોર્ટ રેન્જના હવાઈ જોખમોને તોડી પાડવા અને ન્યૂટ્રલાઈઝ કરવામાં સક્ષમ છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે, શોર્ટ રેન્જના જે ખતરાને પારંપરિક મિસાઈલ્સ ઈન્ટરસેપ્ટ કરવામાં નિષ્ફળ જાય છે તેવા તમામ ખતરાને આ સિસ્ટમ તોડી પાડે છે. તેનો મોટો ફાયદો એ પણ છે કે, પારંપરિક પદ્ધતિ કરતા તેનો ખર્ચ ઓછો આવે છે. આર્યન બીમ તેમની રેન્જમાં આવતા હવાઈ ઓબ્જેક્ટ ઉપર હાઈપાવર ફાઈબર લેઝર દ્વારા હુમલો કરે છે. દાખલા તરીકે કોઈ ડ્રોન અથવા તો મોર્ટાર નજીક આવતું દેખાય છે તો આ સિસ્ટમ તેને તરત જ ટ્રેક કરીને તેની તરફ નાના લેઝરની બીમ્સ છોડે છે જે ટાર્ગેટને નષ્ટ કરી દે છે. તેમાં એક એક લેઝર એક પછી એક નીકળતા હોવાથી હવાનું દબાણ ખાસ અસર કરતું નથી અને આ બીમ્સ વધારે ઘાતક સાબિત થાય છે. પૂરતી એનર્જી સાથે તે ટાર્ગેટને ધ્વસ્ત કરી દે છે અને સફાઈ સાથે કામ પૂરું થાય છે. મહત્ત્વની વાત એ છે કે, ટાર્ગેટ રેન્જમાં આવતાની સાથે જ ગણતરીની સેકન્ડમાં કામગીરી પૂરી થઈ જાય છે. જાણકારોના મતે આયર્ન બીમ ૪૫૦માં રિસ્પોન્સ ટાઈમ વધારે ઈફેક્ટિવ કરવામાં આવ્યો છે અને તેની રેન્જ પણ વધારીને તેને વધારે ઘાતક બનાવવામાં આવી છે.

મહત્ત્વની વાત એ છે કે, રાફેલ દ્વારા આ સિસ્ટમને વિવિધ વેરિયન્ટમાં બનાવવામાં આવે છે જેથી તેને ટ્રક ઉપર મુકી શકાય છે જેથી કોઈપણ મેદાની વિસ્તારમાં તેને ગોઠવી શકાય અને તેનો ઉપયોગ કરી શકાય. તે ઉપરાંત નેવી માટે પણ તેનું મેરિટાઈમ વર્ઝન વિકસાવાયું છે જે યુદ્ધ જહાજોને ડ્રોન્સ અને મિસાઈલ્સથી સુરક્ષા પૂરી પાડે છે. આ ડિફેન્સ સિસ્ટમની સૌથી મોટી ખાસિયત તેનું આર્થિક પાસું છે. આ બીમનો ઉપયોગ કરવામાં જે ખર્ચ આવે છે તેના કરતા અનેક ગણા વધારે ડોલર એક ઈન્ટરસેપ્ટર મિસાઈલના ઉપયોગમાં થાય છે. તેથી આર્થિક રીતે આ સિસ્ટમ ખૂબ જ પરવડે તેવી છે. જાણકારોના મતે સમગ્ર સિસ્ટમના બીમ્સનો કુલ ખર્ચ ૨૦૦૦ ડોલરની આસપાસ આવે છે. તેથી સિંગર ઈન્ટરસેપ્શનનો ખર્ચ પાંચ ડોલરની આસપાસ થાય છે.

ખાસ વાત એ છે કે, આ સિસ્ટમની કેટલીક મર્યાદાઓ પણ છે. તેમાંય ભારત જેવા દેશમાં જ્યાં વાતાવરણમાં પલટો આવવો સહજ છે ત્યારે આ સિસ્ટમની નબળાઈને પણ ધ્યાને રાખવી ખૂબ જ જરૂરી છે. સિસ્ટમમાંથી નીકળતા લેસર હવાના દબાણ અને વાતાવરણ ઉપર આધારિત છે. ગાઢ ધુમ્મસ, સ્મોગ, ભારે વાદળો, ભારે વરસાદ, સેન્ડસ્ટોર્મ કે પછી વાવાઝોડા અથવા તો તોફાની પવન સાથેના વરસાદ દરમિયાન આ સિસ્ટમની અસરકારકતા ઘટે છે. તે ઉપરાંત ઘણી વખત હવા પાતળી અને વધારે ગરમ હોય તો બીમની આસપાસ થર્મલ બુમિંગનું સર્જન કરે છે જેના કારણે બીમની અસરકારકતા ઘટી જાય છે અને ઘણી વખત તેના ડિસ્ટન્સમાં પણ ફેરફાર આવે છે. તેના કારણે જ આ સિસ્ટમનો ઉપયોગ કરવા દરમિયાન પરંપરાગત મિસાઈલ સિસ્ટમ અથવા અન્ય એર ડિફેન્સ સિસ્ટમ પણ રાખવી હિતાવહ બને છે.

જાણકારો માને છે કે, જો ઈઝરાયેલ દ્વારા ભારતને આ એર ડિફેન્સ સિસ્ટમ આપવામાં આવશે તો ભારતની હવાઈ સરહદો વધારે મજબૂત થશે. આ ડિફેન્સ સિસ્ટમ માત્ર વૈયક્તિક એર ડિફેન્સ સિસ્ટમ તરીકે નહીં પણ ભારતના સર્વાંગી એર ડિફેન્સ સિસ્ટમનો એક ભાગ બનશે. આ સિસ્ટમ થકી ડેટા શેરિંગ મહત્ત્વનું બનશે. ખાસ કરીને લાંબા અંતરના રડાર, કમાન્ડ કન્ટ્રોલ અને કન્ટ્રોલ સેન્ટર વચ્ચે આક્રમણને ઈન્ટરસેપ્ટ કરીને સરળતાથી ડેટાની આપલે કરી શકાશે. સ્વોર્ડફિશ અને અરુદ્ર જેવા સેન્સર્સ દ્વારા હવાઈ હુમલાની વહેલી ચેતવણી આપી દેવામાં આવશે. ક્રૂઝ મિસાઈલ હોય કે રોકેટ્સ કે પછી અનઆર્મ્ડ વ્હિકલનો સ્વાર્મ એટેક હોય તમામની માહિતી અત્યંત ઝડપથી મળી જશે. આ દરમિયાન એઆઈ આસિસ્ટન્સ ધરાવતું કમાન્ડ સેન્ટર હુમાલની ગંભીરતા, તેનું અંતર અને તેને ઈન્ટસેપ્ટ કરીને નાશ કરવા દરમિયાન થનારા ખર્ચ અને તેની વ્યવહારિકતાને પણ ગણતરીમાં લઈને યોગ્ય સિસ્ટમનું સુચન કરશે. હાઈસ્પીડ અને હાઈ ઈફેક્ટ ધરાવતા ખતરાને લોન્ગ રેન્જ ઈન્ટરસેપ્ટર તરફ ડાયવર્ટ કરાશે જ્યારે મોટા જથ્થામાં થયેલા હવાઈ હુમાલાને આયર્ન બીમ તરફ ડાયવર્ટ કરવામાં આવશે. વિવિધ અંતરેથી આવતા આ હુમાલને અનુભવીને લેસર સિસ્ટમ દ્વારા પોતાની રેન્જ તાકીદે એડજસ્ટ કરવામાં આવે છે અને તે પ્રમાણે પગલાં લેવામાં આવે છે. તેના કારણે મલ્ટિસેન્સર એક્ટિવિટી શક્ય બને છે અને મોટી સંખ્યામાં થતા હુમલાને સરળતાથી ખાળી શકાય છે. જાણકારો મતે ભારતનું સુદર્શન ચક્ર નેટવર્ક એક્ટિવ થતાં જ તમામ સ્તરે થતા હવાઈ હુમાલને ખાળી શકાશે. અહીંયા આર્યન બીમ થકી પરંપરાગત ઈન્ટરસેપ્ટરનો ઉપયોગ ઘટાડવાનું આયોજન નથી પણ બંનેમાં તાલમેલ સાધીને તમામ સ્તરે થતા હવાઈ હુમાલને અટકાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

# મુસ્લિમ દેશોના મિડિયાએ મોદીના ભાષણની આકરી ટીકા કરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલના પ્રવાસ દરમિયાન ઈઝરાયલની સંસદને સંબોધન કર્યું હતું. પહેલી વખત ભારતના કોઈ વડાપ્રધાને ઈઝરાયલના નેસેટ (સંસદ)માં ભાષણ આપ્યું હતું. મોદીએ પોતાના ભાષણમાં આતંકવાદની ઝાટકણી કાઢી હતી તેમજ ભારત - ઈઝરાયલના જૂના સાંસ્કૃતિક સંબંધો અને ભવિષ્યમાં ટેક્નીકલ અને આર્થિક ક્ષેત્રે સહયોગ વિશે પણ વાત કરી હતી. મોદીએ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહુની હાજરીમાં અબ્રાહમ એકોર્ડના વખાણ કર્યા હતા. ઈઝરાયલના વિદેશ બાબતના નિષ્ણાંત લોરેન ડેગનએ કહ્યું હતું કે, મોદીએ આપેલો સંદેશો ખાસ કરીને અમેરિકા, ખાડીના દેશો અને વૈશ્વિકસ્તરે આર્થિક તેમજ ટેક્નીકલ વિશ્વને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યો હતો. જોકે મુસ્લિમ દેશોના મિડિયાએ મોદીના આ સંબોધનની ટીકા કરી હતી. તૂર્કીના મિડિયા ટીઆરટી વર્લ્ડએ લખ્યું હતું કે, મોદીએ જે સંબોધન કર્યું હતું એને કારણે નેતન્યાહુની રાજનીતિને સફળ માનવામાં આવી. ટીઆરટીએ હેડલાઈન મારી હતી કે મોદી ભાગેડુ નેતન્યાહુને ભેટયા હતા, હમાસની નીંદા કરી હતી, પરંતુ ગાઝાનો ઉલ્લેખ સુદ્ધા કર્યો નહોતો. અલ જઝીરાએ પણ લખ્યું હતું કે ગાઝાના માનવીય સંકટ ઉપર ધ્યાન આપવામાં આવ્યું નહોતું.

રાહુલ ગાંધી આજકાલ અલગ અલગ રાજ્યોમાં ફરીને સરકારની આંખો ખોલવાનો પ્રયત્ન કરી રહ્યા છે. રાહુલ હમણા કેરળના પ્રવાસે ગયા હતા ત્યારે એમણે ભારત - અમેરિકા વેપાર સમજૂતી મુદ્દે કેન્દ્ર સરકારને બરાબર ઠપકારી હતી. કન્નુરમાં એક કાર્યક્રમ દરમિયાન એમણે કહ્યું હતું કે, ભારત તો જ સફળ થઈ શકશે જ્યારે આપણા ખેડૂતોને સન્માન અને સુરક્ષા મળશે. રાહુલ ગાંધીએ આક્ષેપ મૂક્યો હતો કે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પએ એપસ્ટીન



ફાઈલનો ઉપયોગ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ધમકાવ્યા છે. ટ્રમ્પએ મોદીને ધમકાવીને વેપાર સમજૂતી પર સહી કરાવી લીધી છે. આ સમજૂતીને કારણે ખેડૂતો બલીના બકરા બની ગયા છે. આઈટી અને બીજા ક્ષેત્રો માટે લાંબા લાંબા ભાષણો કરવામાં આવે છે, પરંતુ ખેડૂતોના રક્ષણ માટે કોઈ યોજના બનાવવામાં આવતી નથી.

દિલ્હીમાં ગંભીર રોડ અક્સ્માતોની સંખ્યામાં ભારે વધારો થયો છે. જે રીતે દિલ્હીમાં ગંભીર રોડ અક્સ્માતોમાં મૃત્યુની સંખ્યા વધી રહી છે એને કારણે કેન્દ્ર સરકારે ચિંતીત થઈ ગઈ છે. ૨૦૨૪ની સરખામણીમાં ૨૦૨૫ના વર્ષમાં ફેટલ એક્સિડન્ટમાં ૪.૨૯ ટકાનો વધારો થયો છે. ઉંઘમાંથી જાગેલી કેન્દ્ર સરકારે દિલ્હી ટ્રાફિક પોલીસને આ માટેના કારણો શોધવાનો હુકમ કર્યો છે. હવે દિલ્હી પોલીસ વધતા અકસ્માતોનું કારણ જાણવા સેવ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા નામના એનજીઓ પાસે સર્વે કરાવશે. દિલ્હીમાં ગંભીર રોડ અક્સ્માતો કેમ વધી રહ્યા છે એ જાણવાની કોશિષ આ સર્વેમાં થશે. ખરાબ રસ્તાઓ કે બેદરકારીપૂર્વકનું ડ્રાયવીંગ આ માટે જવાબદાર છે કે નહીં એની તપાસ પણ થશે. દિલ્હી પોલીસે અક્સ્માતના ૬૨ ડાર્ક સ્પોટ્સ શોધી કાઢયા છે. આ સ્થળે એવી કઈ ખામી છે કે જેને કારણે અક્સ્માતો વધી રહ્યા છે એનો અભ્યાસ પણ કરવામાં આવશે.

ઉત્તર પ્રદેશની વિધાનસભામાં બીએસપીના એક માત્ર ધારાસભ્ય ચૂંટાઈને આવ્યા છે. લખનૌમાં આ ધારાસભ્ય ઉમાશંકર સિંહ તેમજ એમની નજીકની વ્યક્તિઓના ઘરે આઈટીએ દરોડા પાડયા હતા. એમના ઘરેથી ૧૦ કરોડની રોકડ રકમ મળી આવી હતી. ઉમાશંકર સિંહ બલિયાની રસડા વિધાનસભાની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા છે. ઉમાશંકર સિંહની લખનૌ, બલિયા, સોનભદ્ર, કૌસાંબી, મીરઝાપુર અને પ્રયાગરાજની ૩૦ થી વધુ મિલકતો પર રેડ કરવામાં આવી હતી. આ દરોડામાં પહેલી વખત ૫૦ થી વધારે અધિકારીઓ જોડાયા હતા. ઉમાશંકર સિંહના વ્યવસાયીક સ્થળોએ પણ અધિકારીઓ પહોંચી ગયા હતા. ઉમાશંકર સિંહની કંપની છાત્રશક્તિ કન્સ્ટ્રક્શન રસ્તાઓ બનાવવા ઉપરાંત ખાણકામ પણ કરે છે. બલિયામાં આવેલા ઉમાશંકરના નિવસ્થાને દરોડો પાડવો સહેલો નહોતો. અધિકારીઓ સરકારી ગાડીઓને બદલે જાનૈયાઓના કપડા પહેરીને ત્યાં પહોંચ્યા હતા.

ગુનો કરીને વિદેશ ભાગી જતા ગુનેગારોને પરત દેશ લાવવામાં લાંબો સમય વિતી જતો હોય છે. ભારતની એજન્સીઓ શોધી તો નાખે છે કે ગુનેગાર કયા દેશમાં છૂપાયેલો છે, પરંતુ પ્રત્યાર્પણના આકરા નિયમોને કારણે કેટલાક ગુનેગારોને તાત્કાલીક ભારત લાવી શકાતા નથી. સીબીઆઈને ઈન્ટરપોલની મદદથી યુનાઈટેડ આરબ અમિરાત (યુએઈ)માં સંતાયેલા ભાગેડુ અનિલકુમાર રેડ્ડીને ભારત પરત લાવવામાં સફળતા મળી છે. આ ગુનેગાર આંધ્રપ્રદેશમાં કેટલાક ગંભીર ગુનામાં વોન્ટેડ હતો. અનિલકુમાર રેડ્ડી પર છેતરપીંડી, ખંડણીની ધમકી જેવા ગંભીર આક્ષેપો છે. આંધ્રપ્રદેશ પોલીસને એની લાંબા સમયથી શોધ હતી. આંધ્રપ્રદેશ પોલીસના કહેવાથી સીબીઆઈએ ૨૦૨૨ની પાંચમી સપ્ટેમ્બરે અનિલ રેડ્ડી વિરુદ્ધ ઈન્ટરપોલ રેડ નોટીસ બહાર પાડી હતી. સીબીઆઈના ખાસ યુનિટએ વિદેશ મંત્રાલય અને અબુધાબીના અધિકારીઓ સાથે મળીને કામગીરી કરી હતી.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી અજીત પવારનું મૃત્યુ વિમાન અકસ્માતને કારણે થયું હતું. ત્યાર પછી અજીત પવારના કુટુંબીઓ તેમજ મહારાષ્ટ્રના કેટલાક રાજકીય નેતાઓએ પણ આ અકસ્માત શંકાસ્પદ હોવાની વાત કરી છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સાંસદ સંજય રાઉતએ આ બાબતે મહારાષ્ટ્ર સરકારની કડક ટીકા કરી છે. એમનો આક્ષેપ છે કે અધિકારીઓ ડીજીસીએ અને વીએસઆઈ વેન્ચર્સને બચાવી રહ્યા છે. એનસીપીના ધારાસભ્ય રોહિત પવારએ માંગણી કરી છે કે એફઆઈઆર દાખલ કરવામાં આવે, પરંતુ મુંબઈ પોલીસ શા માટે એફઆઈઆર દાખલ નથી કરતી? કેટલીક શક્તિશાળી વ્યક્તિઓના પ્રભાવમાં આવેલા અધિકારીઓ ઢાંકપીછોડો કરી રહ્યા છે. સચીવાલયમાંથી ડીસીપીને ફોન આવ્યા પછી કમિશનરની વર્તણૂક બદલાઈ ગઈ છે. ઘણા રાજકીય નેતાઓએ વીએસઆર વેન્ચર્સમાં રોકાણ કર્યું છે.

આપણા દેશના મોટા ભાગના પોલીસ સ્ટેશનોમાં ક્યાંતો સીસીટીવી કેમેરા નથી ક્યાં તો કેમેરા હોય તો ચાલુ અવસ્થામાં નથી. પોલીસ સ્ટેશનોમાં થતા અત્યાચાર કે લાંચની ઘટનાના પુરાવા મળતા નથી. હવે સુપ્રિમ કોર્ટે પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી કેમેરાઓની અછત બાબતે પગલા લેવા માટે કેન્દ્ર સરકાર તેમજ બીજા પક્ષોને હુકમ કર્યો છે. જસ્ટીસ વિક્રમનાથ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે સિનિયર વકીલ સિદ્ધાર્થ દવેએ કરેલી દલીલ પછી આ હુકમ કર્યો હતો. એમીકસ ક્યુરી (કોર્ટના મિત્ર) સિદ્ધાર્થ દવેએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર, દિલ્હી સરકાર તેમજ કેટલાક રાજ્યો અગત્યની મીટિંગમાં હાજર રહ્યા નહોતા. આ કારણસર રિપોર્ટ જાહેર થઈ શક્યો નથી. ભારત સરકારના વકીલે પહેલેથી જ માફી માંગી લીધી હતી કે, કોમ્યુનિકેશનમાં થયેલી ગરબડને કારણે તેઓ મીટીંગમાં હાજર રહી શક્યા નહોતા. હવે ૧૪મી માર્ચે જ્યારે મીટીંગ મળશે ત્યારે પોલીસ સ્ટેશનોમાં સીસીટીવીની અનિવાર્યતા સંદર્ભે હુકમ કરવામાં આવશે.

# શાસ્ત્રો કેવાં સુંદર છે,છતાં તેને વાંચનાર ઘટી ગયા છે, અને શસ્ત્રો કેટલા બધા ખતરનાક છે,તોય તેને વાપરનાર વધી ગયા છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ફાગણ સુદ બારસ થઈ પરીક્ષાઓ સાથે હોળી ધૂળેટીના તહેવારો અને ચંદ્રગ્રહણ પૂનમે છે ત્યારે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એકવાર, એક સંત કોઈ કામ માટે એક શહેરમાં પહોંચ્યા. તે રાત રોકાવા માટે એક મંદિરમાં ગયા. પરંતુ ત્યાં, તેમને કહેવામાં આવ્યું કે તે શહેરમાંથી કોઈને બોલાવે જે તેમને ઓળખે. ત્યારે જ તેમને રહેવાની મંજૂરી આપવામાં આવશે.

તે અજાણ્યા શહેરમાં તેમનેકોણ ઓળખતું હતું?અન્ય મંદિરોઅને ધર્મશાળાઓમાં પણ આવી જ સમસ્યા ઊભી થઈ. હવે,સંત ચિંતિત હતા. રાત મોડી થઈ ગઈ હતી, અને તેઓ રસ્તાની બાજુમાં ઉભા હતા.જ્યારે એક માણસ તેમની પાસે આવ્યો, ત્યારે તેમણે કહ્યું,'હું તમારી સમસ્યા સમજી શકું છું, પણ હું તમારા માટે સાક્ષી આપી શકતો નથી.હું આ શહેરનો એકકુખ્યાત ચોર છું. જો તમે ઈચ્છો તો, તમે મારા ઘરે રહી શકો છો. તમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં.' સંત મૂંઝવણમાં હતા. તેઓ ચોરના ઘરે રહેશે. જો લોકોને ખબર પડશે તો લોકો શું વિચારશે?પરંતુ બીજો કોઈ વિકલ્પ નહોતો. મજબૂરીને કારણે, તેઓ ત્યાં રહેવા માટે સંમત થયા,વિચારીને કે તેઓ કાલે બીજી વ્યવસ્થા કરશે. ચોર તેમને ઘરે મૂકીને પોતાનું કામ કરવા ગયો-ચોરી કરતો. તે સવારે ખૂબ ખુશ થઈને પાછો ફર્યો તેણે સ્વામીજીને કહ્યું કે તે આજે પોતાનો દાવ લગાવી શકતો નથી,પણ બીજા દિવસે ચોક્કસ લગાવશે.ચોર હોવાછતાં તે ખૂબ જ સારા સ્વભાવનો હતો આ કારણે,સંત મહારાજ એક મહિના સુધી તેની સાથે રહ્યા. તે દરરોજ રાત્રે ચોરી કરવા માટે બહાર જતા,પરંતુ આખા મહિના સુધી તેનો દાવ કોઈનું ધ્યાન ગયું નહીં. છતાં, તે ખુશ હતો.તે દ્રઢ પણે માનતો હતો કે આજે નહીં તો કાલે તેનો દાવ ચોક્કસ લગાવાશે.આખા મહિના પછી, તેને એક મહાન તક મળી.

મહાત્માજીએ વિચાર્યું, 'આ ચોર ખૂબ જ દ્રઢ નિશ્ચયવાળો છે. તેને પોતાનામાં અતૂટ શ્રદ્ધા છે. જ્યારે આપણે નાની નિષ્ફળતા થી પણ વિચલિત થઈ જઈએ છીએ.જો આપણી પાસેઆટલો મજબૂત નિશ્ચય અને શ્રદ્ધા હોય તો આપણે ચોક્કસ સફળતા પ્રાપ્ત કરીશું.'

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આ પ્રેરણા દાયી ઘટના આપણને શીખવે છે કે આપણે નિષ્ફળતાઓથી વિચલિત કે નિરાશ ન થવું જોઈએ. મજબૂત નિશ્ચય અને સતત પ્રયાસ દ્વારા સફળતા પ્રાપ્ત થાય છે. ભગવાન ભક્તના આગ્રહને માન આપે છે,ત્યારે જીવ કદાપિ પોતાનો આગ્રહ છોડતો નથી. માતાનો પરિશ્રમ જોઈ કનૈયો જાતે બંધાયો આ રીતે શ્રીકૃષ્ણ પોતે ભક્તાધીન છે એમ સ્પષ્ટ બતાવ્યું. ભીષ્મ પિતામહની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા શ્રીકૃષ્ણે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી શસ્ત્ર ધારણ કર્યું હતું. આમ ભગવાન અનાગ્રહી છેઅને એ જ એમનું ઐશ્વર્યછે.પણપૂર્ણ પ્રેમ વગર પરમાત્મા બંધાય નહીં મનુષ્યનો પ્રેમ ઘર,ધન,પત્ની સંતાન વગેરેમાં વહેંચાયેલો છે. એ ભેગો કરી, એક કરી, જો એ ઠાકોરજીને અર્પણ કરે તો ઠાકોર જી બંધાય છે.બાકી ઠાકોરજી બે આંગળનું અંતર રાખશે.અંતર બે આંગળનું,પણ લાખ જોજનગયે પણ નહીં પુરાય.પરમાત્માનેકોણ બાંધી શકે?જ્ઞાની પુરુષો અને ભક્તો ભગવાનને પ્રેમના બંધન માં બાંધી શકે છે. બિલ્વમંગળ જેવા તેમને હૃદયમાં બાંધે છે. સુરદાસ બિલ્વમંગળ રસ્તા ઉપર ચાલતા જતા હતા.ચાલતાં ચાલતાં તેઓ એક ખાડામાં પડી ગયા.શ્રીકૃષ્ણ ગોપ બાળકનું રૂપ ધરીને આવે છે. બિલ્વમંગળનો હાથ પકડીને તેને બહાર કાઢે છે. શ્રીકૃષ્ણના કોમળ હસ્તના સ્પર્શ થી બિલ્વમંગળને લાગ્યું કે,આ સાક્ષાત્ ભગવાન હોવા જોઈએ. તેઓ તેમને પૂછે છે,તમે કોણ છો? શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, હું તો એક ગોવાળનો છોકરો છું. એમ કહી ભગવાન નાસી જાય છે. બિલ્વમંગળ કહે છે કે, મારા હાથ છોડીને ભલે જાઓ, પણ મારું હૃદય છોડીને જાઓ ત્યારે ખરા. મેં તમને મારા હૃદયમાં બાંધ્યા છે,ત્યાંથી છૂટવાની તમારી તાકાત નથી. જ્ઞાન અને તપ ઉપર ભક્તિનો વિજય થાય છે,એ દામોદર લીલાનું રહસ્ય છે.

શ્રીકૃષ્ણના મથુરાગમન વખતે જ્યારે યશોદાજી શ્રીકૃષ્ણને વીનવે છે અને કહે છે કે,બેટા, મેં તને દોરડા વડે બાંધેલો તેનું ભૂલી જજે.તને બાંધ્યો એ મારી ભૂલ હતી.તું એ મનમાં રાખીશ નહીં. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે,મા,હું બધું ભૂલી જઈશ, પણ એ નહીં ભૂલું, કદી નહીં ભૂલું.હું છપ્પન કોટિ યાદવો નો રાજા થઈશ,સોળ હજાર રાણીઓનો પતિ થઈશ.પણ મા હું તારો જ છું,તારો બંધાયેલો છું

આ ચરિત્રમાં યશોદાનો વિજય છે. જ્ઞાન-તપશ્ચર્યા ઉપર આ ભક્તિનો વિજય છે. જ્ઞાનીઓ તપના પ્રતાપે પરમાત્માનાં દર્શન કરી શકે પણ પરમાત્માને બાંધી શકે નહીં. તપસ્વીઓ ભગવાનને ઓળખી શકે, પરંતુ તેને બાંધી શકે નહીં.વિશુદ્ધ ભક્તિ જ ભગવાનને બાંધી શકે.તેથી તો ભગવાન કહે છે,હું મુક્તિ આપું છું, અનન્ય ભક્તિ નહીં. ભક્તિ આપું તો મારે બાંધવું પડે!ભક્ત દામાજી કર ન ભરી શક્યો, તેથી થવન સરદારો તેમને પકડીને લઈ જતા હતા. રસ્તામાં તેણે વિનંતી કરી કે,મને એક વખત પંઢરપુરના વિઠ્ઠલનાથનાં દર્શન કરાવો,પછી લઈ જાઓ.

સરદારો તેને પંઢરપુરમાં લાવ્યા. ભક્ત દામાજીની દશા જોઈ વિઠ્ઠલનાથજીનું હૃદય પીગળી ગયું. ઢેડનું રૂપ લઈ એ દરબારમાં ગયા અને બધું દેવું ચૂકતે કરી તેમણે દામાજીને છોડાવ્યા. લાલાને ખાંડણિયા સાથે બાંધી યશોદા રસોડામાં ગયાં છે.યશોદા નું શરીર રસોડામાં,પણ મન શ્રી કૃષ્ણમાં છે.તેને થાય છેકે કનૈયા ને બાંધ્યો તે ઠીક ન કર્યું,પણતેની ચોરીની ટેવ તો છોડાવવી જ પડે ને!છોકરા કહે છે,કનૈયા,અમારે લીધે તારે બંધાવું પડ્યું.ત્યારે કનૈયો કહે છે,મને કાંઈ દુઃખ થતું નથી.હું તો ગમ્મત કરું છું. વૈષ્ણવ ચિંતા કરે છે કે,મારા ઠાકોરજીને કાંઈ પરિશ્રમ ન થાય અને પરમાત્મા ચિંતા કરે છેકે, મારા વૈષ્ણવોને કાંઈ પરિશ્રમ ન થાય. શ્રીકૃષ્ણે વિચાર્યું કે,ચાલ,ગાડાની પેઠે ખાંડણિયાને ખેંચું.કનૈયો ખાંડણિયાને ખેંચવા લાગ્યો.શ્રી કૃષ્ણ પેટે બાંધેલા ખાંડણિયાને ખેંચતા ખેંચતા યમલાર્જુનના બે ઝાડ પાસે આવ્યા અને બે વૃક્ષો ની વચ્ચે થઈને નીકળ્યા. ખાંડણિયો બે વૃક્ષની વચમાં અટક્યો. તે જોર કરી ખાંડણિયો ખેંચ્યો એટલે તે વૃક્ષો પડી ગયાં અને તેમાંથી બે તેજસ્વી પુરુષો પ્રગટ થયા. આ બે વૃક્ષો અગાઉના જન્મે કુબેરના નળકુબેર તથા મણિગ્રીવ નામના પુત્રો હતા. તેઓ યક્ષ હતા,પણ નારદજીના શ્રાપ થી તેઓને વૃક્ષોનો અવતાર મળેલો.નળકુબેર અને મણિગ્રીવ કુબેરના પુત્રો છે.પિતાની સંપત્તિ નો પાર નથી.

# ગુજરાતનો હંસલપુર પ્રોજેક્ટ બન્યો વૈશ્વિક બેન્ચમાર્ક: ભારતીય રેલ્વેએ ઓટોમોબાઈલ લોજિસ્ટિક્સમાં 10 વર્ષમાં નોંધાવી 20 ગણી વૃદ્ધિ

ગાંધીનગર, તા.27

વિશ્વ સ્તરે ઓટોમોબાઈલ પરિવહનમાં રેલ એક ઝડપથી ઉભરતું મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યું છે. માર્ગ, રેલ અને સમુદ્રી પરિવહન વચ્ચે સંતુલન સાધતા અનેક દેશો હવે ઓછી કિંમત, ઓછું કાર્બન ઉત્સર્જન અને ઉચ્ચ કાર્યક્ષમતા જેવા કારણોસર રેલ આધારિત લોજિસ્ટિક્સને પ્રાથમિકતા આપી રહ્યા છે. ભારતમાં પણ આ પરિવર્તન સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યું છે.

સડક પરિવહન પરની અતિ નિર્ભરતા ઘટાડતાં, ભારતીય રેલ્વેએ (ખાસ કરીને અમદાવાદ રેલ મંડળે) કારોના પરિવહનમાં પોતાની હિસ્સેદારી છેલ્લા એક દાયકામાં 1% થી વધારીને 24% થી વધુ કરી છે.

ભારતમાં રેલ દ્વારા કાર પરિવહન: એક દાયકાનું તુલનાત્મક વિશ્લેષણ

ભારતમાં અગાઉ મોટાભાગની કારોનું પરિવહન માર્ગ દ્વારા (ટ્રક દ્વારા) કરવામાં આવતું હતું, પરંતુ છેલ્લા દસ વર્ષોમાં ભારતીય રેલ્વેએ રેલ આધારિત ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે.

2013 પહેલાંની સ્થિતિ (લગભગ 2010-2013)

રેલ હિસ્સેદારી (Rail Share): લગભગ 1% થી 1.5%

માર્ગ હિસ્સેદારી (Road Share): લગભગ 98%

વાર્ષિક પરિવહન: આશરે 40,000 - 60,000 કાર પ્રતિ વર્ષ

મુખ્ય અવરોધો : મર્યાદિત ઓટોમોબાઈલ વેગન, ખાનગી રેલવે સાઈડિંગનો અભાવ અને કંપનીઓની ટ્રકો પર નિર્ભરતા. તે સમયગાળામાં મારુતિ સુઝૂકી જેવી અગ્રણી કંપનીઓ પણ માર્ગ પરિવહનને જ પ્રાથમિકતા આપતી હતી.

વર્તમાન સ્થિતિ ( 2023-2025 )

રેલ હિસ્સેદારી: 20% થી 24% સુધી

રેલ દ્વારા પરિવહન: આશરે 10 લાખ (1 મિલિયન) થી વધુ કારો પ્રતિ વર્ષ

વૃદ્ધિ: 2013ની સરખામણીએ આશરે 20 ગણી ઐતિહાસિક વૃદ્ધિ

વિકાસ ની સમયરેખા

| વર્ષ | રેલ હિસ્સેદારી | રેલ દ્વારા પરિવહન કરવામાં આવેલી કારો |
|---|---|---|
| 2010 | ₹1% | ₹40,000 |
| 2013 | ₹1.5% | ₹60,000 |
| 2016 | ₹5% | ₹1.5 લાખ |
| 2019 | ₹10% | ₹3 લાખ |
| 2022 | ₹18% | ₹7 લાખ |
| 2024-25 | | ₹20-24% 1 0 લાખ+ |

આ અભૂતપૂર્વ વૃદ્ધિના મુખ્ય કારણો

AFTO યોજના: 'ઓટોમોબાઈલ ફ્રેટ ટ્રેન ઓપરેટર' યોજના હેઠળ ખાનગી કંપનીઓને વિશેષ વેગન ચલાવવા માટે મંજૂરી આપવામાં આવી.

આધુનિક વેગન (NMGH અને BCACBM): વિશેષ રીતે ડિઝાઈન કરાયેલા આ વેગન એક જ ટ્રેનમાં 250 થી 300 કારો પરિવહન કરવાની ક્ષમતા ધરાવે છે.

ઈન-પ્લાન્ટ સાઈડિંગ્સ: ગુજરાત (હંસલપુર), માનેસર અને ચેન્નાઈ જેવા ઓટોમોબાઈલ હબમાં સીધી પ્લાન્ટ સુધી રેલવે લાઈન બિછાવવામાં આવી છે.



કિફાયતી અને હરિત: માર્ગ પરિવહનની સરખામણીએ રેલ પરિવહન 15-20% વધુ સસ્તુ છે અને તેમાં 60-70% ઓછું કાર્બન ઉત્સર્જન થાય છે.

(SIAM) અનુસાર : ભારતમાં દર વર્ષે લગભગ 45-50 લાખ કારોનું ઉત્પાદન થાય છે.

રેલ્વેનો લક્ષ્ય 2030 સુધી પોતાની હિસ્સેદારીને 35% સુધી લઈ જવાનો છે.

ગુજરાત રેલ પ્રોજેક્ટ: અમદાવાદ રેલ મંડળ માટે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ

પશ્ચિમ રેલવેના અમદાવાદ રેલ મંડળ હેઠળ હંસલપુર (ગુજરાત) ખાતે આવેલ પ્લાન્ટ રેલવે સાઈડિંગ પ્રોજેક્ટ હવે વૈશ્વિક સ્તરે એક બેન્ચમાર્ક બની ગયો છે. આ પ્રોજેક્ટને 'Verra Carbon Standard' હેઠળ વિશ્વનો પ્રથમ "Modal Shift Transportation Project" તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

આ ઉપલબ્ધિ અમદાવાદ મંડળ માટે અત્યંત મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ છે.

રેલ આધારિત લોજિસ્ટિક્સને પ્રોત્સાહન

ગુજરાતના હંસલપુર સ્થિત આ રેલવે સાઈડિંગ અમદાવાદ મંડળ હેઠળ સંચાલિત રેલ નેટવર્ક સાથે જોડાયેલ છે. તેના માધ્યમથી મોટા પ્રમાણમાં વાહનોનું પરિવહન રેલ દ્વારા શક્ય બન્યું છે, જેના પરિણામે રેલવેની માલવહન ક્ષમતા, કાર્યક્ષમતા અને ઉપયોગિતામાં નોંધપાત્ર વધારો થયો છે.

ii. પર્યાવરણ સંરક્ષણમાં રેલવેની ભૂમિકા મજબૂત

પર્યાવરણીય લાભ: આ પ્રોજેક્ટ દ્વારા લગભગ 1.7 લાખ ટન CO ઉત્સર્જનમાં ઘટાડો થવાનો અનુમાન છે.

આવકમાં વધારો: આથી અમદાવાદ મંડળના માલવહન આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

કાર્યક્ષમતા: રેલ પરિવહન માર્ગ પરિવહનની તુલનામાં 15-20% સસ્તુ છે તેમજ 60-70% ઓછું કાર્બન ઉત્સર્જન કરતું માધ્યમ છે.

iii. પ્રધાનમંત્રી ગતિ શક્તિ અને મલ્ટી-મોડલ કનેક્ટિવિટીને પ્રોત્સાહન

આ પ્રોજેક્ટ PM ગતિ શક્તિ હેઠળ વિકસિત મલ્ટી-મોડલ અવસંરચનાનું ઉત્તમ ઉદાહરણ છે, જેમાં રેલવે લોજિસ્ટિક્સની કેન્દ્રીય અને અસરકારક ભૂમિકા છે. તેના પરિણામે ઔદ્યોગિક વિસ્તારોને ઝડપી, સરળ અને એકીકૃત કનેક્ટિવિટી પ્રાપ્ત થાય છે.

iv. માલવહન આવક અને પરિચાલન કાર્યક્ષમતામાં વધારો

ઔદ્યોગિક રેલવે સાઈડિંગથી

* રેલવેના માલ આવક (Freight Revenue) માં વધારો થાય છે.

* માર્ગો પર ટ્રાફિકનું દબાણ ઓછું થાય છે.

* લોજિસ્ટિક્સ વધુ ઝડપી, સુરક્ષિત અને વિશ્વસનીય બને છે.

v. અમદાવાદ મંડળ માટે મોડેલ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટ ભવિષ્યમાં અન્ય ઔદ્યોગિક એકમો માટે પણ પ્રેરણાસ્રોત સાબિત થશે. તેના પરિણામે અમદાવાદ રેલ મંડળમાં વધુ પ્રાઈવેટ ફ્રેઈટ ટર્મિનલ અને રેલવે સાઈડિંગના વિકાસની સંભાવનાઓ મજબૂત બનશે, જેના કારણે પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળશે.

3. નીતિગત સુધારા: સફળતાનો મુખ્ય આધાર

ભારતીય રેલવેએ ઉદ્યોગ સાથે સતત સંવાદ જાળવી રાખ્યો તેમજ AFTO (Automobile Freight Train Operator) યોજનામાં મહત્વપૂર્ણ સુધારા કર્યા:

લઘુત્તમ શરતોમાં રાહત: રેકની લઘુત્તમ સંખ્યા 3 થી ઘટાડીને 1 કરવામાં આવી અને નોંધણી ફી 5 કરોડથી ઘટાડીને શૂન્ય કરવામાં આવી.

આધુનિક વેગનો: NMGH અને BCACBM જેવા વિશેષ વેગનોની તૈનાતી, જે એક ટ્રેનમાં 250-300 કારો વહન કરી શકે છે.

ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (GCT): દેશભરમાં 108 GCT કમિશન કરવામાં આવ્યા છે, જેમાં 8,049 કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.

નવા લોડિંગ સ્ટેશનો: ચાપાનેર, ચરોડિ (WR), નાસરાળા (NR), પેનુકોન્ડા (SWR) અને પૂર્વોત્તર (NFR) સહિત અનેક નવા સ્ટેશનો જોડવામાં આવ્યા.

2013 સુધી રેલની હિસ્સેદારી માત્ર 1% હતી, જે આજે 20 ગણો વધીને 24% થી વધુ થઈ ગઈ છે. આ પ્રધાનમંત્રી ગતિ શક્તિ કાર્યક્રમ અને રેલવેની ઉદ્યોગ-મૈત્રીપૂર્ણ નીતિઓનું પરિણામ છે. અમદાવાદ રેલ મંડળ માટે આ ઉપલબ્ધિ માત્ર આવકમાં વૃદ્ધિનું પ્રતિક નથી, પરંતુ 'ગ્રીન લોજિસ્ટિક્સ' તરફનું એક મહત્વપૂર્ણ પગલું પણ છે.

માર્ગથી રેલ તરફનો આ 'મોડલ શિફ્ટ' આર્થિક રીતે લાભદાયી હોવા ઉપરાંત પર્યાવરણને અનુકૂળ પણ છે. અમદાવાદ રેલ મંડળના નેતૃત્વ હેઠળ ગુજરાતના ઓટોમોબાઈલ હબ હવે વૈશ્વિક સ્તરે 'ગ્રીન લોજિસ્ટિક્સ'ના મોડેલ તરીકે ઉભરી રહ્યા છે.

# એક એકરમાં ૨ હજાર કિલો લીલી સાલમ હળદરમાંથી ૩૨૦ કિલો હળદર પાઉડરનું વેચાણ રૂપિયા ૧.૯૨ લાખ થયુ....

## મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ગામના પ્રાકૃતિક કૃષિના ઋષિ પ્રાકૃતિક ખેતી કરીને આદુ,સરગવો અને હળદરની ચોકલેટ બનાવીને માર્કેટમાં વેચવાનો જે ધ્યેય રાખે છે

નડિયાદ, તા.27

"પાણીના માટલામાં જીવામૃત બનાવવાની શરૂઆત કરી હતી અને એનું પરિણામ સારું આવતા આજે ૭ હજાર લિટરનો જીવામૃત પ્લાન્ટ સરકારની સહાયથી બનાવ્યો છે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા રૂપિયા ૧ લાખની જીવામૃત પ્લાન્ટ બનાવવાની સહાય મેળવીને આજે ૧૦ રૂપિયા લીટર જીવામૃત અને ૨૦ રૂ. લીટર નિમાસ્ત્રનું વેચાણ પણ કરી રહ્યો છું."



મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ગામના પ્રાકૃતિક કૃષિના ઋષિ ભરતભાઈ ચૌહાણ પોતાની વાત આગળ વધારતા કહે છે કે," ઝીરો બજેટ ઉચી ગુણવતા અને ઉત્તમ સ્વાસ્થ્ય આપતી પ્રાકૃતિક ખેતી આવક પણ સારી આપે છે. છેલ્લા સાત વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરું છું. હાલ એક એકરમાં ૨ હજાર કિલો લીલી સાલમ હળદર કરી હતી. તેમાંથી ૩૨૦ કિલો હળદર પાઉડર વેચાણ રૂપિયા ૧.૯૨ લાખ થયુ છે. ૬૦૦ રૂ. કિલો માર્કેટમાં જતા આ સાલમ હળદર પાવડરની બજારમાં ઉંચી માંગ છે."

પ્રાકૃતિક કૃષિ દેશી ગાય માતા આધારીત ઝીરો બજેટ ઝેર મુક્ત ખેતી કરવાના ધ્યેથી ભરતભાઈએ હળદર બાદ આજે તેમના એક એકર જમીનમાં બાજરી કરી છે તેમજ 30 ફૂટે જામફળી અને ૧૫ ફૂટે આંબાની લાઈનો કરી મિશ્ર પાક ખેતી કરી રહ્યા છે.

તેમના જણાવ્યા મુજબ, ગોળ માટે ૮૬૦૩૨ ની શેરડી ઉત્તમ હોય છે. આજે અમે એ શેરડીની આંખો ઊભી રહ્યા છીએ. આવતા વર્ષે આ સમયે અમે ગોળ પણ વેચતા હોઈશું.

ઉત્સાહ સાથે પોતાની વાતને આગળ વધારતા તેઓ જણાવે છે કે એક આંખમાં એટલે કે એક છોડમાંથી ૩૮ પીલ્લા એટલે કે સાઠા થાય છે અને એ પણ પ્રાકૃતિક રીતે કુદરતી મીઠાં....

રાજ્ય સરકારની ગામડાઓમાં યોજાતી શિબિર અને તાલીમ દરમિયાન તેમણે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી તેમજ પ્રાકૃતિક વિશે વધારે અભ્યાસ કરીને ઘર આંગણે થોડા શાકભાજી કર્યા બાદ પછી આજે એક એકરમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે ભરતભાઈ.... આવનારા સમયમાં તેઓ વધારે છ વીઘા જમીનમાં વધારે પ્રાકૃતિક ખેતી કરીને આદુ,સરગવો અને હળદરની ચોકલેટ બનાવીને માર્કેટમાં વેચવાનો જે ધ્યેય રાખે છે.

શારીરિક તકલીફના કારણે ૧૦ મુ ભણેલા ભરતભાઈ દીર્ઘદ્રષ્ટિથી વેપાર કરવાની બાબતે જણાવે છે કે," આદુ,સરગવા અને હળદરની ચોકલેટ બનાવીએ તો આપણા બાળકોને પોષક તત્વો પણ મળી રહે અને ચોકલેટ પણ ખવાય અને લગ્નની સિઝનમાં ગ્રહશાન્તકમાં ચોકલેટ ઉછાળવાનું, મામેરામાં ચોકલેટ ઉછાળવાનું, શુભ પ્રસંગે ચોકલેટ ઉછાળવાનો જે રિવાજ છે તેમાં ગુણવત્તા અને પોષણ બંને આપીએ તો આનાથી વધારે રૂડું શું હોય ?!

અને હવે માત્ર વાંઠવાડી, મહેમદાવાદ જ નહીં પણ સમગ્ર ગુજરાત અને દેશમાં લોકો પ્રાકૃતિક ખેતીના લાભ અને ફાયદા, તેના ઉપયોગ વિશે સમજતા થયા છે. એનો અમારા જેવા ખેડૂતોને ચોક્કસ લાભ મળશે. આ માટે અમે સરકારનો, ખેતીવાડી વિભાગનો, પ્રાકૃતિક કૃષિ બોર્ડનો તેમજ "આત્મા" નો પણ આભાર માનીએ છીએ.

આજે પ્રાકૃતિક કૃષિનો એટલો વ્યાપ છે કે ગામડાઓની પંચાયતોમાં અને લોકોની નજરે પડે એવી જાહેર જગ્યાઓએ પ્રાકૃતિક કૃષિની યોજનાઓ અને ફાયદાઓ વિશે પેમ્પલેટ લગાવેલા હોય છે એ હું મારે ત્યાં આવતા ખેડૂતો અને મારા યુ ટ્યુબ ના વ્યુઅરને પણ કહેતો હોઉં છું."

આમ આ પ્રાકૃતિક કૃષિના ઋષિ છેલ્લા ત્રણ વર્ષથી યુ ટ્યુબ ઉપર પણ પ્રાકૃતિક કૃષિ અને પોતાની ખેતીનો પ્રચાર પ્રસાર કરી રહ્યા છે.

# ખેડા અને મહેમદાબાદ તાલુકાના પ્રગતિશીલ સી.આર.પી. અને કૃષિ સખીઓનો નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીનો જિલ્લા બહાર પ્રેરણા પ્રવાસ યોજાયો....

નડિયાદ, તા.27

ગુજરાત પ્રાકૃતિક વિકાસ બોર્ડના માર્ગદર્શન હેઠળ ખેડા જિલ્લાના સી.આર.પી. અને કૃષિ સખીઓ માટે પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે આવેલી નેચરલ ફાર્મિંગ યુનિવર્સિટીનો જિલ્લા બહાર પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસમાં ખેડા અને મહેમદાબાદ તાલુકાના પ્રગતિશીલ સી.આર.પી. તથા કૃષિ સખીઓ ૧૦૦ જેટલા સભ્યો સહભાગી થયા હતા.




સહભાગીઓએ યુનિવર્સિટી ખાતે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની વિવિધ પદ્ધતિઓનું જીવંત નિદર્શન નિહાળ્યું હતું. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ સ્તરે અન્ય ખેડૂતોને સચોટ માર્ગદર્શન આપવાનો છે. પ્રવાસ દરમિયાન નિષ્ણાતો દ્વારા આ બાબતો પર ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી.

ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી આ ખાતરો બનાવવાની વૈજ્ઞાનિક રીત અને તેનાથી જમીનની ફળદ્રુપતામાં થતા વધારા વિશે માર્ગદર્શન, રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ગેરફાયદા સમજાવી, જમીનને ફરી જીવંત કરવાની પદ્ધતિઓ પર ભાર મુકવામાં આવ્યો હતો. એક જ જમીન પર મિશ્ર પાક લેવાની તકનીક અને જમીનમાં ભેજ જાળવી રાખવા માટે 'મલ્ચિંગ' (આચ્છાદન) પદ્ધતિનું મહત્વ સમજાવવામાં આવ્યું હતુ.

આ પ્રવાસમાં જોડાયેલા સી. આર.પી. અને કૃષિ સખીઓએ જણાવ્યું હતું કે, 'પુસ્તકીય જ્ઞાન કરતા આ પ્રત્યક્ષ નિદર્શનથી અમને ઘણું નવું શીખવા મળ્યું છે. હવે અમે ખેડા અને મહેમદાબાદ ના ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા અને ખેતી ખર્ચ ઘટાડવા માટે વધુ અસરકારક રીતે પ્રોત્સાહિત કરી શકીશું.'

'આ પ્રવાસનો મુખ્ય હેતુ સી.આર.પી. અને કૃષિ સખીઓને 'ઝેરમુક્ત ખેતી - સમૃદ્ધ ખેડૂત' ના અભિયાનમાં સજ્જ કરવાનો છે, જેથી તેઓ આધુનિક ટેકનોલોજી અને પ્રાકૃતિક વારસાનો સંદેશ છેવાડાના ખેડૂતો સુધી પહોંચાડી શકે.' એમ શ્રી આરીફ શેખ, જિલ્લા પ્રોજેક્ટ મેનેજર (DPM) ખેડાએ જણાવ્યું હતુ. મહેમદાબાદ તાલુકાના પ્રોજેક્ટ મેનેજર શ્રી રાજદીપ ચૌહાણ અને મયુર જાદવ સમગ્ર પ્રવાસ દરમિયાન માર્ગદર્શન માટે સતત સાથે રહ્યા હતા.

# પ્રાકૃતિક ખેતીમાં 'આચ્છાદન' એટલે જમીનની ફળદ્રુપતા વધારવા અને ભેજ જાળવી રાખવા માટેનો સૌથી મહત્વનો સ્તંભ

નડિયાદ, તા.27

પ્રાકૃતિક ખેતીમાં 'આચ્છાદન' એટલે મલ્ચીંગ એ જમીનની ફળદ્રુપતા વધારવા અને ભેજ જાળવી રાખવા માટેનો સૌથી મહત્વનો સ્તંભ છે. તેને જમીન પર પાથરવામાં આવેલું એક 'કવચ' કહી શકાય છે. બીજા શબ્દોમાં જમીનનું રક્ષણાત્મક કવચ એટલે આચ્છાદન....

પ્રાકૃતિક ખેતીમાં આચ્છાદન એટલે જમીનની સપાટીને પાકના અવશેષો અથવા જીવંત પાક દ્વારા ઢાંકી દેવી. જેમ આપણા શરીર માટે કપડાં જરૂરી છે, તેમ જમીન માટે આચ્છાદન અનિવાર્ય છે.

પ્રાકૃતિક ખેતીમાં ત્રણ પ્રકારના આચ્છાદનનો ઉપયોગ થાય છે. ૧.મૃદા આચ્છાદન (Soil Mulch): ખેતીકામ દરમિયાન જમીનનું ઉપરનું પડ પોચું રાખવું, જેથી હવાની અવરજવર વધે ૨. કાષ્ઠ આચ્છાદન (Straw/Dry Mulch) સૂકું ઘાસ, પાકના અવશેષો (ઘઉંનું ભૂંસું, મકાઈના પાંદડા, ડાંગરનું પરાળ) વગેરેને જમીન પર પાથરવા.૩.જીવંત આચ્છાદન (Live Mulch): મુખ્ય પાકની સાથે આંતરપાક તરીકે એવા પાક વાવવા (જેમ કે મગ, અડદ, ચણા) જે જમીન પર ફેલાઈને તેને ઢાંકી દે છે.

આચ્છાદનથી ખેતીમાં ક્રાંતિકારી ફાયદા થાય છે. સૂર્યના સીધા તાપથી જમીનનું પાણી ઉડી જતું નથી, પરિણામે ૫૦% થી ૭૦% પાણીની બચત થાય છે અને ભેજની જાળવણી થાય છે. નિંદામણ નિયંત્રણ રહે છે. જમીન ઢંકાયેલી હોવાથી બિનજરૂરી નિંદામણને ઉગવા માટે સૂર્યપ્રકાશ મળતો નથી.અળસિયાની સક્રિયતા વધારે છે. અળસિયા અને સૂક્ષ્મ જીવાણુઓને અંધારું અને ઠંડક ગમે છે. આચ્છાદન તેમને અનુકૂળ વાતાવરણ પૂરું પાડે છે. તાપમાનનું નિયમન કરે છે. જમીનનું તાપમાન જળવાઈ રહે છે, જેથી છોડના મૂળનો વિકાસ ઝડપી થાય છે.સમય જતાં આચ્છાદન સડીને જમીનમાં ભળે છે, જે ઉત્તમ પ્રકારનું સેન્દ્રિય ખાતર (હ્યુમસ) બને છે.

આચ્છાદન કરતી વખતે આ બાબતો ધ્યાનમાં રાખવાની છે. આચ્છાદન હંમેશા જમીન પર એટલું જાડું હોવું જોઈએ કે સૂર્યના કિરણો સીધા જમીન પર ન પડે. પાકના અવશેષોમાં કોઈ રોગ કે જીવાત ન હોય તેનું ધ્યાન રાખવું. જો જીવંત આચ્છાદન કરતા હોવ, તો એવા પાક પસંદ કરવા જે મુખ્ય પાક સાથે ખોરાક કે સૂર્યપ્રકાશ માટે સ્પર્ધા ન કરે.

## "ચાલો સૌ સાથે મળીને સર્વાઈકલ કેન્સર થી રક્ષણ મેળવીએ સમયસર HPV રસી મુકાવીએ"

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી અજમેર (રાજસ્થાનના) ખાતે ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી એચપીવી રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરાવશે

નડિયાદ, તા.27

ખેડા જિલ્લામાં ૧૪ વર્ષની અંદાજીત ૧૭ હજાર કિશોરીઓને સર્વાઇકલ કેન્સરની રસી આપવામાં આવશે સર્વાઈકલ કેન્સર ફ્રી ઈન્ડિયા રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ થશે

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા તા.૨૮મી ફેબ્રુઆરીનાં રોજ અજમેર (રાજસ્થાનના) ખાતે ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી એચપીવી રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવશે. તે અનુસંધાને ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવશે.

મહિલાઓને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે રાજ્યની (૧૪ વર્ષ પૂર્ણ પરંતુ ૧૫ વર્ષ પૂર્ણ નહિ) દીકરીઓનું રસીકરણ કરવામાં આવશે. ખેડા જિલ્લામાં અંદાજિત ૧૭,૦૦૦ કિશોરીઓને હ્યુમન પેપિલોમાવાયરસની વેક્સિન આપવામાં આવશે.જેથી જિલ્લામાં ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ ઊભું કરી રોગ સામે રક્ષણ મેળવી શકાશે. ઉલ્લેખનીય છે કે, એચપીવી રસીકરણ અભિયાન અને સાવચેતી અંતર્ગત સ્ટ્રેટેજિક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં લાભાર્થીઓની ઓળખ ૧૪ વર્ષની વય ધરાવતી



તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરાશે. ટેકો+ લાઈન લીસ્ટ મુજબના અંદાજિત લક્ષ્યાંકની હેડ કાઉન્ટ સાથે વેરીફીકેશન કરવામાં આવેલ છે.

શાળાએ જતી અને શાળાએ ન જતી કિશોરીઓનું રસીકરણ ૩ મહિના સુધી જિલ્લાના કોલ્ડ ચેઈન પોઈન્ટ જેમ કે, ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, મેડિકલ કોલેજ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અર્બન હેલ્થ કેન્દ્ર ઉપર કરવામાં આવશે. શિક્ષણ વિભાગ અને - સંકલિત બાળ વિકાસ યોજના- ICDS સાથે સંકલનથી નોડલ શિક્ષક દ્વારા પાત્ર કિશોરીઓની યાદી આરોગ્ય વિભાગને આપવામાં આવશે. ખાનગી શાળાઓને પૂર્વ સૂચના આપી અભિયાનમાં જોડાવવામાં આવશે અને જિલ્લા કોર્પોરેશન આરોગ્ય અધિકારી સાથે સંકલન કરી આયોજન મુજબ કામગીરી કરવામાં આવશે. પેરેન્ટ-ટીચર મિટિંગ દરેક શાળામાં ખાસ આયોજન કરાશે. આરોગ્ય કર્મચારી, નોડલ શિક્ષક દ્વારા રસીકરણ પૂર્વે અને રસી અંગે જાગૃતિ કાર્યક્રમો કરાશે. પ્રવૃત્તિઓ - સર્વાઈકલ કેન્સર અને રસી અંગે પોસ્ટર, બેનર, પેમ્પલેટ અને માઈક પ્રચાર દ્વારા વ્યાપક જનજાગૃતિ, સોશિયલ મીડિયા અને સ્થાનિક મીડિયા દ્વારા પણ માહિતી પ્રચાર - પ્રસાર કરવામાં આવશે. ખેડા જિલ્લામાં સ્વસ્થ દીકરી સુરક્ષિત ભવિષ્ય અંતર્ગત ૧૪ વર્ષની દીકરીઓને રસી અપાવી ગર્ભાશયના મુખના કેન્સરથી સુરક્ષિત કરવા વાલીઓ, શાળા સંચાલકો અને સમાજના આગેવાનોને સહકાર આપવા જિલ્લા આરોગ્ય તંત્ર ધ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે એમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ખેડા જિલ્લા પંચાયત નડિયાદની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# 'બ્યુરોક્રેટ્સ ઈન્ડિયા' દ્વારા જાહેર કરાયેલ 'ટોપ 25 ચેન્જમેકર્સ 2025' યાદીમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવનો સમાવેશ

ગાંધીનગર, તા.27

આ યાદીમાં આઈએએસ, આઈપીએસ, આઈએફએસ તેમજ કેન્દ્રિય સિવિલ સેવાઓના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત વિદેશ સચિવ, વિવિધ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ડાક સેવાના અધિકારી કૃષ્ણ કુમાર યાદવે ટેકનોલોજી આધારિત અને નાગરિક કેન્દ્રિત પહેલોના માધ્યમથી અંતિમ છોર સુધી સુશાસનને આધુનિક બનાવ્યું છે. બ્યુરોક્રેસી શાસનની રીડ તરીકે કાર્ય કરે છે, જે જમીન સ્તર પર નીતિઓનો અમલ કરે છે અને વિકાસના લાભો દરેક નાગરિક સુધી પહોંચે તેની ખાતરી કરે છે. પોતાના સમર્પણ અને પ્રશાસનિક નેતૃત્વ દ્વારા અધિકારીઓ સંસ્થાઓને સશક્ત બનાવવામાં, સેવા પ્રદાન વ્યવસ્થામાં સુધારો લાવવામાં તેમજ જમીન સ્તરે અર્થપૂર્ણ પરિવર્તન સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ જ અનુસંધાને 'બ્યુરોક્રેટ્સ ઈન્ડિયા' દ્વારા વર્ષ 2025 માટે અખિલ ભારતીય સ્તરે જાહેર કરાયેલ "ટોપ 25 ચેન્જમેકર્સ" યાદીમાં ભારતીય ડાક સેવાના વરિષ્ઠ અધિકારી અને હાલ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવનું નામ પણ સામેલ કરવામાં આવ્યું છે. આ સન્માન તેમના ઉત્તમ નેતૃત્વ, નવીનતા અને લોકસેવા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. આ યાદીમાં વરિષ્ઠ આઈએએસ, આઈપીએસ, આઈએફએસ તેમજ કેન્દ્રિય સિવિલ સેવાઓના અધિકારીઓ ઉપરાંત વિદેશ સચિવ, વિવિધ રાજ્યોના મુખ્ય સચિવો અને પોલીસ મહાનિર્દેશકોનો પણ સમાવેશ થાય છે. ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના વતની, નવોદય વિદ્યાલય અને અલ્હાબાદ યુનિવર્સિટીના પૂર્વ વિદ્યાર્થી તથા ભારતીય ડાક સેવાના વર્ષ 2001 બેચના અધિકારી શ્રી કૃષ્ણ કુમાર યાદવ હાલ ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદ ખાતે પોસ્ટમાસ્ટર જનરલ તરીકે કાર્યરત છે. ઈન્ડિયા પોસ્ટમાં બે દાયકાથી વધુ સમયના સેવાકાળ દરમિયાન તેમણે ટેકનોલોજી આધારિત અને નાગરિક કેન્દ્રિત પહેલો દ્વારા અંતિમ છોર સુધી સુશાસનને આધુનિક અને કાર્યક્ષમ સ્વરૂપ આપ્યું છે. સુરત, લખનઉ, કાનપુર, અંડમાન અને નિકોબાર, પ્રયાગરાજ, જોધપુર, વારાણસી અને અમદાવાદ સહિત વિવિધ વિસ્તારોમાં સેવાઓ આપતાં તેમણે પ્રશાસનિક કાર્યક્ષમતા અને ડિજિટલ સેવા પ્રદાન વ્યવસ્થાને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

# આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખેડા ખાતે સાયબર સેફટી, સેલ્ફ ડીફેન્સ તથા 'શી' ટીમ અંગે અવેરનેસ કાર્યક્રમ યોજાયો

નડિયાદ, તા.27

બેટી બચાઓ બેટી પઢાઓ યોજના અંતર્ગત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેડાના વિદ્યાર્થીઓ માટે સાયબર સેફટી, સેલ્ફ ડીફેન્સ તથા SHE ટીમ અંગે અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

સાયબર સેફટી અંતર્ગત ગતરોજ ખેડા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેડા ના વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ અને સાયબાર સેફટી અંગે જીણવટ સમજણ આપવામાં આવી હતી. જે અંતર્ગત સિસ્ટમ અને નેટવર્કને જોખમોથી



બચાવવાની પ્રક્રિયા છે. જેમાં સામાન્ય નિયમો મજબૂત પાસવર્ડ વાપરવા (અક્ષર, અંક, સિમ્બોલ). અજાણી લિંક પર ક્લિક ન કરવા જોઈએ. કોઈ પણ વ્યક્તિને ઓ. ટી.પી. ન આપવા તથા ઓનલાઈન શોપિંગ કરતી વખતે ખાસ ધ્યાન રાખવા માહિતી પૂરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં કોલેજનાં પ્રિન્સીપાલશ્રી, ફેકલ્ટી, તેમજ સાયબર સેફટી બ્રાંચ ખેડામાં થી વાલજી ભાઈ ભરવાડ , હેતલબેન રાઠોડ- ડબ્લ્યુ.પી.સી.,નડીયાદ તથા DHEW સ્ટાફ માંથી સંગીતા બેન સરગરા, જેન્ડર સ્પેશિયાલિસ્ટ અને મિતુલ ભાઈ વાઘેલા ફિલ્ડ ઓફીસર સ્ટાફ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ટીમ ઈન્ડિયાની મોટી ચિંતા થઇ દૂર, હવે સેમિ ફાઈનલ ફક્ત એક કદમ દૂર! 1 માર્ચે ફૈંસલો

**નવી દિલ્હી, તા.27**



સૂર્યકુમાર યાદવની કેપ્ટન્સીમાં ટીમ ઈન્ડિયાએ સુપર-8ના બીજા મુકાબલામાં ઝિમ્બાબ્વેને 72 રને હરાવ્યું છે. ટીમ ઈન્ડિયાની આ ધમાકેદાર જીતે ઝિમ્બાબ્વેને T20 વર્લ્ડ કપ 2026માંથી બહાર કરી દીધું છે. જ્યારે પોતાની સેમીફાઈનલમાં પહોંચવાની આશાઓ જીવંત રાખી છે.

ઝિમ્બાબ્વે સામે ભારતે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત 20 ઓવરમાં 256 રન ફટકાર્યા હતા. આ T20 વર્લ્ડ કપ 2026નો સૌથી મોટો અને ટુર્નામેન્ટના ઈતિહાસનો બીજો સૌથી મોટો સ્કોર છે. અભિષેક શર્મા અને હાર્દિક પંડ્યાએ આ દરમિયાન અડધી સદી ફટકારી હતી. 257 રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ 20 ઓવરમાં માત્ર 184 રન જ બનાવી શકી હતી.

ઈન્ડિયા વર્સિસ ઝિમ્બાબ્વે મેચ પહેલા સુપર-8માં સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે મેચ થઈ હતી. આ મેચમાં આફ્રિકન ટીમે વેસ્ટ ઈન્ડિઝને 9 વિકેટે હરાવીને ભારત માટે સેમીફાઈનલનો રસ્તો સરળ બનાવી દીધો હતો. વેસ્ટ ઈન્ડિઝે ઝિમ્બાબ્વેને સુપર-8માં 100 થી વધુ રને હરાવીને નેટ રન રેટમાં મોટો વધારો કર્યો હતો. બીજી તરફ સાઉથ આફ્રિકા સામે હારવાથી ટીમ ઈન્ડિયાના નેટ રન રેટને નુકસાન થયું હતું. જો વેસ્ટ ઈન્ડિઝે સાઉથ આફ્રિકાને હરાવ્યું હોત તો ભારત માટે મુશ્કેલીઓ ઊભી થઈ શકત, કારણ કે ટીમ ઈન્ડિયાનો નેટ રન રેટ ઘણો ખરાબ હતો.

ભારતની જીત બાદ સાઉથ આફ્રિકા સેમીફાઈનલમાં પહોંચનારી બીજી ટીમ બની ગઈ છે. બીજી તરફ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ 2-2 પોઈન્ટ્સ સાથે અનુક્રમે ત્રીજા અને બીજા સ્થાને છે. વેસ્ટ ઈન્ડિઝનો નેટ રન રેટ +1.791 છે, જ્યારે ભારતનો -0.100 છે. જોકે હવે ભારતને નેટ રન રેટની ચિંતા કરવાની કોઈ જરૂર નથી, કારણ કે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ બંનેમાંથી કોઈ એક ટીમ મહત્તમ 4 પોઈન્ટ સુધી પહોંચી શકે છે.

તારીખ: 1 માર્ચના રોજ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે સુપર-8ની મેચ રમાશે.

સ્થિતિ: આ મેચ એક રીતે 'વર્ચ્યુઅલ ક્વાર્ટર ફાઈનલ' હશે.

પરિણામ: જે ટીમ આ મેચ જીતશે તેને જ સેમીફાઈનલની ટિકિટ મળશે, જ્યારે હારનાર ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જશે.

# ઝિમ્બાબ્વે સામે ભવ્ય જીત બાદ પણ સૂર્યા દુઃખી, કહ્યું - હવે અમારી સામે કરો યા મરોની સ્થિતિ

**નવી દિલ્હી, તા.27**



ટી-20 વર્લ્ડ કપ 2026ના સુપર-8 રાઉન્ડમાં ભારતે ઝિમ્બાબ્વેને 72 રને હરાવીને સેમીફાઈનલની રેસમાં દબદબો જાળવી રાખ્યો છે. ચેન્નાઈના મેદાન પર રનનો પહાડ ખડક્યા બાદ મળેલી આ ભવ્ય જીત છતાં કેપ્ટન સૂર્યકુમાર યાદવના ચહેરા પર એક અજંપો જોવા મળ્યો હતો. મેચ બાદ સૂર્યાએ સ્વીકાર્યું હતું કે જીત ચોક્કસ મળી છે, પરંતુ એક વાતની કસક હજુ મનમાં રહી ગઈ છે. ભારતે ઝિમ્બાબ્વે સામે નિર્ધારિત 20 ઓવરમાં 256/4 રનનો જંગી સ્કોર બનાવ્યો હતો, જે વર્લ્ડ કપના ઈતિહાસનો બીજો સૌથી મોટો સ્કોર છે. અભિષેક શર્મા (55), હાર્દિક પંડ્યા (અણનમ 50) અને તિલક વર્મા (અણનમ 44) ની આક્રમક બેટિંગે ઝિમ્બાબ્વેના બોલરોને પાયમાલ કરી દીધા હતા. જોકે, આટલા મોટા સ્કોર સામે ઝિમ્બાબ્વેએ પણ લડત આપી અને 184 રન બનાવી લીધા, જે સૂર્યાની ચિંતાનું કારણ બન્યું છે. મેચ જીત્યા બાદ સૂર્યકુમાર યાદવે પ્રમાણિકપણે સ્વીકાર્યું કે, 'જીત તો જીત છે, પણ સાચું કહું તો અમારા બોલરો હજુ થોડું સારું પ્રદર્શન કરી શક્યા હોત. અમે આટલો મોટો સ્કોર બનાવ્યો હોવા છતાં વિરોધી ટીમે 180થી વધુ રન કર્યા તે બાબતને અમે ગંભીરતાથી લઈશું અને આગળના મેચમાં તેમાં સુધારો કરવાનો પ્રયાસ કરીશું.'

સૂર્યાએ ઝિમ્બાબ્વેના બેટર્સના, ખાસ કરીને બ્રાયન બેનેટ (અણનમ 97) ના મુક્તકંઠે વખાણ કર્યા. તેણે કહ્યું કે, પિચ બેટિંગ માટે સારી હતી પણ બેનેટ અને સિકંદર રઝાએ જે રીતે સ્માર્ટ બેટિંગ કરી તેનું શ્રેય તેમને મળવું જોઈએ.

ભારતની આ જીતથી સાઉથ આફ્રિકા સેમીફાઈનલમાં પહોંચી ગયું છે અને ઝિમ્બાબ્વે બહાર થઈ ગયું છે. હવે 1 માર્ચે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે જંગ જામશે. આ મેચ ક્વાર્ટર ફાઈનલ જેવી હશે, કારણ કે જે ટીમ જીતશે તેને સેમીફાઈનલની ટિકિટ મળશે. સૂર્યાએ કહ્યું કે, 'કોલકાતામાં અમારે વધુ હિંમત બતાવવી પડશે અને પોઝિટિવ રહીને રમવું પડશે, કારણ કે અમારી પાસે બીજો કોઈ વિકલ્પ નથી.'

# T20 વર્લ્ડ કપ વચ્ચે જ સ્ટાર ક્રિકેટર રિંકુ સિંહ પર આભ તૂટ્યું: પિતા ખાનચંદનું કેન્સરને કારણે નિધન

**નવી દિલ્હી, તા.27**



ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફિનિશર રિંકુ સિંહ માટે એક અત્યંત માઠા સમાચાર સામે આવ્યા છે. એકબાજુ રિંકુ ટી-20 વર્લ્ડ કપમાં દેશ માટે મેદાન પર પરસેવો પાડી રહ્યો છે, ત્યારે બીજી બાજુ તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહનું કેન્સરની લાંબી બીમારી બાદ નિધન થયું છે. રિંકુ સિંહના પિતા ખાનચંદ સિંહ છેલ્લા કેટલાક સમયથી ચોથા સ્ટેજના લિવર કેન્સર સામે ઝઝૂમી રહ્યા હતા. તેમની તબિયત વધુ લથડતા તેમને ગ્રેટર નોઈડાની યથાર્થ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમને મિકેનિકલ વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા અને કિડની રિપ્લેસમેન્ટ થેરાપી પણ ચાલી રહી હતી, પરંતુ તમામ પ્રયત્નો છતાં ડોક્ટરો તેમને બચાવી શક્યા નહોતા. રિંકુ સિંહ માટે આ સમય માનસિક રીતે ખૂબ જ પડકારજનક રહ્યો છે. સાઉથ આફ્રિકા સામેની હાર બાદ જ્યારે ભારતીય ટીમ ચેન્નાઈ પહોંચી ત્યારે પિતાની ગંભીર હાલતના સમાચાર મળતા જ રિંકુ તાત્કાલિક ટીમ છોડીને પિતા પાસે પહોંચ્યો હતો. જોકે, ઝિમ્બાબ્વે સામેના મહત્વના મેચ પહેલા તે ફરી ટીમ સાથે જોડાયો હતો, પરંતુ તેને પ્લેઈંગ-11 માં સ્થાન મળ્યું નહોતું. 26 ફેબ્રુઆરીએ ભારતે આ મેચ જીતી લીધો હતો, પરંતુ રિંકુ માટે આ જીતનો આનંદ પિતાના અવસાનના દુઃખમાં ફેરવાઈ ગયો છે. પિતાના નિધનને પગલે રિંકુ સિંહ ફરી એકવાર ટીમ ઈન્ડિયાનો સાથ છોડીને ઘરે પરત ફરશે. ભારતનો આગામી અને નિર્ણાયક મેચ 1 માર્ચે વેસ્ટ ઈન્ડિઝ સામે કોલકાતામાં રમાવાનો છે. હવે જોવાનું એ રહેશે કે રિંકુ આ આઘાતમાંથી બહાર આવીને આ મહત્વના મેચ પહેલા ટીમ સાથે જોડાઈ શકે છે કે નહીં.

# ટીમ ઈન્ડિયા T20 વર્લ્ડ કપથી બહાર થઈ જશે! ઝિમ્બાબ્વે સામે સૂર્યાની આ ભૂલ ભારે પડશે

**નવી દિલ્હી, તા.27**



ટી-20 વર્લ્ડ કપ 2026 હવે તેના સૌથી રોમાંચક તબક્કે પહોંચી ગયો છે. ઝિમ્બાબ્વે સામે 72 રને ભવ્ય જીત મેળવ્યા બાદ પણ ટીમ ઈન્ડિયા પર સેમિ ફાઈનલમાંથી બહાર થવાનું જોખમ તોળાઈ રહ્યું છે. રવિવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાનારો મુકાબલો હવે 'વર્ચ્યુઅલ ક્વાર્ટર ફાઈનલ' બની ગયો છે.

ગ્રુપ-1 માંથી સાઉથ આફ્રિકા પહેલા જ સેમિ ફાઈનલમાં પહોંચી ગયું છે, જ્યારે ઝિમ્બાબ્વે રેસમાંથી બહાર થઈ ગયું છે. હવે બીજા સેમિ ફાઈનલિસ્ટનો ફેંસલો 1 માર્ચે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની મેચથી થશે. જે ટીમ જીતશે તે સીધી સેમિ ફાઈનલમાં પ્રવેશ કરશે. પરંતુ જો આ મેચ વરસાદને કારણે રદ થાય, તો ભારત માટે ટૂર્નામેન્ટના દરવાજા બંધ થઈ શકે છે.

જો મેચ રદ થાય તો બંને ટીમોને 1-1 પોઈન્ટ મળશે અને બંનેના કુલ 3-3 પોઈન્ટ થશે. આ સ્થિતિમાં જેનો નેટ રન રેટ સારો હશે તે ટીમ સેમિ ફાઈનલમાં જશે.

વેસ્ટ ઈન્ડિઝ: જીમ્બાબ્વે સામેની મોટી જીતને કારણે તેમનો રન રેટ +1.791 છે.

ભારત: ભારતનો રન રેટ હાલમાં -0.100 છે, જે વેસ્ટ ઈન્ડિઝ કરતા ઘણો નબળો છે.

આમ, મેચ રદ થવાની સ્થિતિમાં ભારત ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ જશે.

ઝિમ્બાબ્વે સામેના મેચમાં જો ભારત 108 કે તેથી વધુ રનથી જીત્યું હોત, તો તેનો રન રેટ વેસ્ટ ઈન્ડિઝ કરતા વધી ગયો હોત. કેપ્ટન સૂર્યકુમાર યાદવે તે મેચમાં જસપ્રીત બુમરાહ અને હાર્દિક પંડ્યાની ઓવર પૂરી ન કરાવી અને શિવમ દુબે પાસે બોલિંગ કરાવી, જેમાં દુબેએ 2 ઓવરમાં 46 રન લૂંટાવ્યા. આ ભૂલ હવે ભારતને ભારે પડી શકે તેમ છે.

ભારતીય ચાહકો માટે સારા સમાચાર એ છે કે હવામાન વિભાગે રવિવારે કોલકાતામાં આકાશ સાફ રહેવાની આગાહી કરી છે. રવિવારે વરસાદની કોઈ શક્યતા નથી અને તાપમાન 25 થી 34 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેશે. એટલે કે, રમત પૂરેપૂરી રમાય તેવી શક્યતા વધુ છે.

# શાહરુખ મને ચાર સીન કે ચાર ગીત કહેશે તો હું કરીશ : રકુલપ્રીત

## રકુલપ્રીતે ઈન્ડસ્ટ્રીમાં ટકી રહેવા અને સંતુલન જાળવવા અંગે વાત કરી



**મુંબઈ, તા.27**

રકુલપ્રીત તેની ફિલ્મ કરતાં વધુ તેની આરોગ્ય અને તંદુરસ્તી અંગેની ચર્ચા માટે વધુ ચર્ચામાં રહે છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં રકુલપ્રીતે વિવિધ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની પોતાની સફર અને જીવનના આગામી પ્રકરણ વિશે વાત કરી હતી. રકુલ માને છે કે હાલ તે એવા તબક્કમાં છે, જ્યારે તે પોતાના નિર્ણયો અને પસંદગી પર પુનર્વિચારણા કરી રહી છે. સંતુલન જાળવવાની વાત પર રકુલપ્રીતે જણાવ્યું, "મારે કમર્શીયલ ફિલ્મ કરવી છે, પરંતુ એમાં મને ગમે એવું કશુંક હોવું જોઈએ. મેં માત્ર દેખાળા પૂરતાં રોલ પણ કર્યા જ છે. મારે કોઈ એવા રોલ નથી કરવા જેમાં એક છોકરી માત્ર ચાર સીન કે ગીત માટે આવે અને જતી રહે. મારે ઊંડાણ ધરાવતી સ્ત્રીના, પછી તે સુંદર કપડામાં શહેરની આધુનિક છોકરી હોય કે પછી નાના ગામની સંઘર્ષ કરતી છોકરી, એવા કોઈ પણ રોલ રહું કરી શકું છું." આ જ દર્શાવે છે કે રકુલ હવે પોતાની દિશા બદલવા વિચારી રહી છે, તે મસાલા ફિલ્મોથી દૂર જવા નથી માગતી, તેમાં જ રહીને પોતાનું સ્થાન ફરી મજબુત કરવા માગે છે, હવે તેનું ધ્યાન સુંદરતાથી વધુ પાત્રો પર છે. રકુલે કહ્યું, "પરંતુ, જો શાહરુખ મને કોલ કરે અને ચાર સીન કે ચાર ગીતનો રોલ કહે તો હું બિલકુલ કરીશ." રકુલ જણાવે છે, "ઘણી વખત તમે ફિલ્મ કરો છો, કારણ કે તમે એ મેકર સાથે કામ કરવા માગો છો. ક્યારેક તમારે ફિલ્મના કૉએક્ટર સાથે કામ કરવા માગતા હોય, ક્યારેક તમને રોલ ગમતો હોય છે. મારે મારી જાતને એક ડબ્બામાં બંધ નથી કરવી. હું તો ઈચ્છીશ કે હું મેકઅપ વિનાનો નાના ગામની છોકરીનો રોલ કરું. કે પછી ગ્લેમરસ રોલ હોય તો પણ ચાલે. મારે બસ ટકી રહેવું છે. હું એક ઉંમરમાં બંધાવા નથી માગતી." છેલ્લે રકુલ અજય દેવગન અને માધવન સાથે દે દે પ્યાર દે 2માં જોવા મળી હતી.

# રોહિત શેટ્ટીની 'ગોલમાલ 5'માં પ્રિયામણીની એન્ટ્રી

**મુંબઈ, તા.27**



અજય દેવગન અને રોહિત શેટ્ટી તેમની કોમેડી ફ્રેન્ચાઈઝી ગોલમાલ 5 પર કામ કરી રહ્યા છે અને હવે આ ફિલ્મમાં પ્રિયામણીની પણ એન્ટ્રી થયાના અહેવાલ છે. આ ફિલ્મમાં પ્રિયામણી અને અજય દેવગન બીજી વખત સાથે કામ કરશે, આ પહેલા તેઓ 'મૈદાન'માં સાથે કામ કરી ચુક્યાં છે.

આ અંગેના અહેવાલો અનુસાર, શૂટિંગનું પહેલું શીડ્યુલ એક મહિના જેટલું લાંબું ચાલશે. 23 ફેબ્રુઆરી, સોમવારથી મુંબઈમાં ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. જેમાં અજય દેવગન 25 તારીખથી જોડાયો છે. જોકે, હજુ પ્રિયામણી કયા રોલમાં છે, તે અંગે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. પરંતુ એવા અહેવાલો છે કે તેણે પોતાના સીનનું શૂટિંગ શરૂ કરી દીધું છે.

ગોલમાલ ફ્રેન્ચાઈઝી હિન્દી સિનેમાની સૌથી લોકપ્રિય ફ્રેન્ચાઈઝીમાંની એક છે. જેમાં કલાકારોની કાસ્ટ પણ ખુબ જાણીતી છે, સ્ટોરી ગમે તે હોય, કાસ્ટ લગભગ એક જ રહે છે, પાંચમી ફિલ્મમાં પણ અજય દેવગન, અર્શદ વારસી, તુષાર કપૂર, કુનાલ ખેમુ, શ્રેયસ તળપદે સહિત જોની લીવર, સંજય મિશ્રા, મુકેશ તિવારી અને અશ્વિની કલસેકર સહિતના કલાકારો જોવા મળશે. કુમાર પણ જોડાવાનો હોવાના અહેવાલો છે. જોકે, આ અંગે ઓફિશિયલી કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી.

# અલ્લુ અર્જુનને મૃણાલ ઠાકુર સાથે કામ કરવાની ઈચ્છા

**મુંબઈ, તા.27**



સાઉથ સેન્સેશન અલ્લુ અર્જુને ભવિષ્યમાં મૃણાલ ઠાકુર સાથે પ્રોજેક્ટ કરવા અંગે પોતાની ઈચ્છા વ્યક્ત કરી છે. 70મા ફિલ્મફેર એવોર્ડ્સ સાઉથમાં બ્લોકબસ્ટર હિટ "પુષ્પા 2: ધ રૂલ"માં તેના મજબુત અભિનય માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ જીત્યા બાદ મૃણાલ ઠાકુરે તેને ખાસ શુભેચ્છા સંદેશ સાથે સુંદર ફૂલોના બુકે મોકલ્યા હતા.

જેમાં મૃણાલે મેસેજ લખ્યો હતો, "સર, બેસ્ટ એક્ટર માટે ફિલ્મફેર જીતવા બદલ હાર્દિક અભિનંદન. આ સન્માન સંપૂર્ણપણે લાયક છે. તમે દરેક રોલ માટે જે સમર્પણ, ઈન્ટેન્સિટી અને અદભુત પ્રતિભાનો પરિચય આપો છો તે ખરેખર પ્રેરણાદાયી છે."

અલ્લુ અર્જુને પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર બુકે અને નોટની તસવીર શેર કરતાં લખ્યું, " થેંક યુ સો મચ મૃણાલ ઠાકુર. સો સ્વીટ ઓફ યુ. આશા છે કે ક્યારેક સાથે કામ કરી શકીએ."

ઉલ્લેખનીય છે કે અલ્લુ અર્જુન અને મૃણાલ ઠાકુરે અત્યાર સુધી સ્ક્રીન શેર કરી નથી. આગામી સમયમાં અલ્લુ અર્જુન ફરી એકવાર "પુષ્પા" ફ્રેન્ચાઈઝીની ત્રીજી કડીમાં પુષ્પા રાજની ભૂમિકા ભજવતો જોવા મળશે. ગુરુવારે અટલીએ પણ ઓફિશિયલી ફિલ્મમાં દીપિકા પાદુકોણની એન્ટ્રીની જાહેરાત કરી દીધી છે. અલ્લુ અર્જૂન, દીપિકા પાદુકોણ અને અટલી પણ પહેલી વકત સાથે કામ કરી રહ્યાં છે. તેની આગામી ફિલ્મોની યાદીમાં લોકેશ કાનાગરાજ સાથે AA23 અને અટલી સાથે AA22xA6 પણ સામેલ છે. બીજી તરફ, મૃણાલ ઠાકુર અદિવી શેષ સાથેની ફિલ્મ ડકોઈટની રિલીઝની રાહ જોઈ રહી છે.

# રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાના 'શાદી લગ્ન' સંપન્ન! બંનેએ શેર કરી વેડિંગની પહેલી તસવીર

**મુંબઈ, તા.27**



સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ફેવરિટ કપલ રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા આખરે લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. ઉદયપુરની આઈટીસી હોટલ મેમેન્ટોસ ખાતે યોજાયેલા આ ભવ્ય સમારોહમાં બંનેના આજે સૌ પ્રથમ તેલુગુ રીતિ-રિવાજ મુજબ લગ્ન સંપન્ન થઈ ગયા હતા. ત્યારબાદ સાંજે 5 વાગ્યે રશ્મિકાના વતન કુર્ગની પરંપરા મુજબ 'કોડવા' રીત-રિવાજ મુજબ લગ્ન સંપન્ન થયા. ત્યારબાદ હવે રશ્મિકા-વિજયનો ફર્સ્ટ લુક સામે આવ્યો છે. રશ્મિકા અને વિજયે લગ્ન સુંદર તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે.

પ્રતીક્ષાનો અંત આવ્યો છે, રશ્મિકા અને વિજયના લગ્નની પ્રથમ તસવીરો સામે આવી ગઈ છે. કપલે ખૂબ જ વ્હાલભર્યા કેપ્શન સાથે આ ફોટા શેર કર્યા છે.

લગ્નની આ પ્યારી તસવીરમાં વિજય અને રશ્મિકા એકબીજાની ખૂબ જ નજીક જોવા મળી રહ્યા છે. લાલ અને ગોલ્ડન વેડિંગ આઉટફિટમાં સજ્જ આ બંનેના ચહેરા પર સાચો પ્રેમ સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. આ તસવીર સાથે શેર કરેલા કેપ્શનમાં વિજયે પોતાના દિલની વાત અત્યંત ભાવુક અંદાજમાં કહી છે. તેણે લખ્યું કે, 'એક દિવસ મને રશ્મિકાની એટલી બધી ખોટ અનુભવાઈ કે મને લાગ્યું કે જો તે સાથે હોત તો દિવસ વધુ સારો હોત, જમવાનું વધુ સ્વાદિષ્ટ લાગત, વર્કઆઉટ સજાને બદલે મજેદાર લાગત અને અમે જ્યાં પણ હોત, ત્યાં જ ઘર જેવો સુકૂન મળી જાત.' અંતમાં તેણે ખૂબ જ સુંદર રીતે લખ્યું કે, 'તેથી જ મેં મારી બેસ્ટ ફ્રેન્ડને જ મારી પત્ની બનાવી લીધી.' 26.02.2026 ના રોજ શેર કરાયેલું આ કેપ્શન તેમના સંબંધોની ગહનતા અને સાચા પ્રેમને ખૂબ જ સુંદર રીતે વ્યક્ત કરે છે. રશ્મિકાએ પણ લગ્નની તસવીરો પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, પરંતુ એક અલગ કેપ્શન અને પ્રેમભરી નોંધ સાથે. નવી નવેલી દુલ્હને લખ્યું કે- 'હાય મારા વ્હાલાઓ, હવે હું તમને બધાને મળાવું છું- મારા પતિ મિસ્ટર વિજય દેવરકોંડા સાથે. એ વ્યક્તિ જેણે મને શીખવ્યું કે સાચો પ્રેમ કેવો હોય છે. એ વ્યક્તિ જેણે મને જણાવ્યું કે સુકૂનમાં રહેવું એટલે શું. એ વ્યક્તિ જે દરરોજ મને કહેતો હતો કે મોટા સપના જોવામાં કંઈ જ ખોટું નથી અને હંમેશા મને ખાતરી અપાવતો રહ્યો કે મેં જે વિચાર્યું છે તેના કરતા પણ વધુ હું હાંસલ કરી શકું તેમ છું.'

'તે એક એવો માણસ છે જેણે મને ક્યારેય એ રીતે ડાન્સ કરતા અટકાવી નથી કે જાણે કોઈ જોઈ જ ન રહ્યું હોય. તે વ્યક્તિ જેણે મને બતાવ્યું કે મિત્રો સાથે ફરવું એ દુનિયાની સૌથી શ્રેષ્ઠ વસ્તુ છે. સાચું કહું તો, હું આ માણસ પર આખી કિતાબ લખી શકું તેમ છું. હું આજે જે કંઈ પણ છું, જે સ્ત્રી બનવાનું મેં હંમેશા સપનું જોયું હતું તે હું એટલા માટે બની શકી કારણ કે તમે મને તે બનવામાં સાથ આપ્યો. હું ખરેખર ખૂબ જ ધન્ય છું.' 'વિજ્જુ, તારા માટે હું જે અનુભવું છું તેને શબ્દોમાં વ્યક્ત કરવા માટે મારી પાસે હંમેશા શબ્દો ખૂટી પડે છે – આ વાત મેં તને હંમેશા કહી છે. પરંતુ હવે અચાનક મારી બધી સફળતાઓ, સંઘર્ષો, ખુશીઓ, દુઃખ, જિંદગી – આ બધું જ વધુ અર્થપૂર્ણ લાગવા માંડ્યું છે... કારણ કે તું મારી સાથે છે – દરેક પળના સાક્ષી તરીકે, દરેક વસ્તુના સૌથી મોટા હિસ્સા તરીકે. હું તારી પત્ની બનવા માટે, તારી પત્ની કહેવાવા માટે ખૂબ જ, ખૂબ જ, ખૂબ જ ઉત્સાહિત છું. હવે તો પૂરેપૂરો જશ્નનો સમય છે. ચાલો, સાથે મળીને આપણી જિંદગીની સૌથી સુંદર વાર્તા લખીએ. હું તને ખૂબ પ્રેમ કરું છું.' વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના લગ્નની વિધિ ઉદયપુરમાં કોડવા રીતરિવાજથી સંપન્ન થઈ છે. શુભ મુહૂર્ત સાંજે 5 વાગ્યાનું હતું, અને કોડવા (કૂર્ગી) વિધિ સામાન્ય રીતે 1-2 કલાક સુધી ચાલે છે. દિવસનો બીજો સમારોહ રશ્મિકાની પરંપરાઓ અને રિવાજ અનુસાર હતો. આ અગાઉ બંનેએ તેલુગુ રીતરિવાજથી લગ્ન કર્યા હતા.

# સોનું ₹1,065 વધીને ₹1.59 લાખ પર પહોંચ્યું: આ વર્ષે 26 હજાર રૂપિયા વધ્યું, ચાંદી એક જ દિવસમાં ₹7,233 મોંઘી થઈ, ₹2.61 લાખ પર પહોંચી

**નવી દિલ્હી, તા.27**

સોના-ચાંદીના ભાવમાં આજે 27 ફેબ્રુઆરીએ સતત બીજા દિવસે તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,065 રૂપિયા વધીને 1.59 લાખ પર પહોંચી ગયું છે. જ્યારે, એક કિલો ચાંદી 7,233 રૂપિયા વધીને 2.61 લાખ પર પહોંચી ગઈ છે.

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 25,892 રૂપિયા અને ચાંદી 37,480 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.



ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: સોનું એક શહેરથી બીજા શહેરમાં લઈ જવામાં ઈંધણ અને ભારે સુરક્ષાનો ખર્ચ થાય છે. આયાત કેન્દ્રોથી અંતર વધવા પર ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધી જાય છે, જેનાથી સ્થાનિક ભાવ વધી જાય છે. ખરીદીનું પ્રમાણ : દક્ષિણ ભારત જેવા વિસ્તારોમાં વપરાશ વધુ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ ભારે માત્રામાં સોનું ખરીદે છે. જથ્થાબંધ ખરીદી પર મળતી છૂટનો ફાયદો ગ્રાહકોને ઓછા ભાવના રૂપમાં મળે છે.

લોકલ જ્વેલરી એસોસિએશન: દરેક રાજ્ય અને શહેરના પોતાના જ્વેલરી એસોસિએશન (જેમ કે તમિલનાડુમાં મદ્રાસ જ્વેલર્સ એસોસિએશન) હોય છે. આ સંગઠનો સ્થાનિક માંગ અને સપ્લાયના આધારે પોતાના વિસ્તાર માટે સોનાનો ભાવ નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સે પોતાનો સ્ટોક કયા ભાવે ખરીદ્યો છે, તે પણ મહત્વનું છે. જે જ્વેલર્સ પાસે જૂનો અને સસ્તા ભાવે ખરીદેલો સ્ટોક હોય છે, તેઓ ગ્રાહકો પાસેથી ઓછી કિંમત વસૂલી શકે છે.

MCX-NSEની રાહત: આજથી ગોલ્ડ-સિલ્વર ફ્યુચર્સ પર એક્સ્ટ્રા માર્જિન હટાવી દેવામાં આવ્યું છે. ટ્રેડિંગ સસ્તું થવાથી રોકાણકારોની ખરીદી વધી ગઈ છે.

દુનિયામાં તણાવ: મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈરાન વિવાદ અને રશિયા-યુક્રેન વાતચીત નિષ્ફળ થવાથી અસુરક્ષાનું વાતાવરણ છે. લોકો ગોલ્ડમાં પૈસા લગાવી રહ્યા છે.

ફેડ રેટ કટની અપેક્ષા: અમેરિકી ફેડે આ વર્ષે વ્યાજ દરો ઘટાડવાના સંકેત આપ્યા છે. દરો ઓછા થવાથી ગોલ્ડ જેવી વસ્તુઓની માંગ વધી જાય છે.

સસ્તામાં ખરીદી: છેલ્લા દિવસોમાં બંને મેટલ્સમાં મોટો ઘટાડો બાદ ભાવ આકર્ષક બન્યા. રોકાણકારો અને જ્વેલર્સે સસ્તામાં ખરીદવાનું શરૂ કરી દીધું.

સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકને ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ખૂબ ઝડપથી પીગળશે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવી શકે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળું નિશાન થાય તો અસલી છે.

# સેન્સેક્સ 961 પોઈન્ટ ઘટીને 81,287 પર બંધ થયો: નિફ્ટીમાં 318 પોઈન્ટનો ઘટાડો, 25179 પર પહોંચ્યો

**મુંબઈ, તા.27**




સેન્સેક્સ આજે એટલે કે, શુક્રવાર 27 ફેબ્રુઆરીએ 961 પોઈન્ટ (1.17%)ના ઘટાડા સાથે 81,287 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 318 પોઈન્ટનો ઘટાડો રહ્યો. તે 25,179ના સ્તરે બંધ થયો. આજના કારોબારમાં રિયલ્ટી અને ઓટો શેરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું.

બંને દેશો વચ્ચે ચાલી રહેલા સંઘર્ષે બજારમાં અનિશ્ચિતતા ઊભી કરી છે. તાલિબાનના વળતા હુમલાઓ બાદ બંને દેશોમાં તણાવ ચરમસીમા પર છે. ચીને પણ આ અંગે ચિંતા વ્યક્ત કરી છે અને મામલાને શાંત કરવા માટે મધ્યસ્થીની ઓફર કરી છે. આ તણાવને કારણે રોકાણકારોનો વિશ્વાસ ડગમગ્યો છે.

ઈરાન અને અમેરિકા વચ્ચે વાતચીત બગડવાનો ડર બજારને સતાવી રહ્યો છે. જો આ તણાવ વધશે, તો ક્રૂડ ઓઈલના ભાવ વધુ ઉછળી શકે છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ 71 ડોલર પ્રતિ બેરલની આસપાસ છે. તેલ મોંઘું થવાથી ભારત જેવા દેશોમાં મોંઘવારી વધવાનો ખતરો છે, જેની અસર શેરબજાર પર દેખાઈ રહી છે.

જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ 0.16% વધીને 58,850 પર બંધ થયો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 1.00% ઘટીને 6,244 ના સ્તરે પહોંચ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.95% વધીને 26,630 પર બંધ થયો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.39% વધીને 4,162 પર બંધ થયો.

ડાઉ જોન્સ 17 પોઈન્ટ (0.034%) વધીને 49,499 પર બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 1.18% ઘટીને 22,878 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 37 પોઈન્ટ (0.54%) ઘટીને 6,908 પર બંધ થયો.

વિદેશી રોકાણકારો (FII) એ 26 ફેબ્રુઆરીના રોજ 3,466 કરોડ રૂપિયાના શેર વેચ્યા. ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (DII) એ 5,031 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 895 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ 26,130 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026 માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

શેરબજારમાં ગઈકાલે એટલે કે, 26 ફેબ્રુઆરીના રોજ ફ્લેટ કારોબાર રહ્યો. સેન્સેક્સ 27 અંક ઘટીને 82,249 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 14 અંકોનો ઘટાડો રહ્યો. તે 25,497 ના સ્તર પર બંધ થયો. આજના કારોબારમાં ફાર્મા અને સરકારી બેંકના શેરોમાં તેજી જોવા મળી છે.

# ભારત 90ના દાયકા જેવી IT ક્રાંતિનું પુનરાવર્તન કરશે: NSE ચીફ બોલ્યા- AIમાં દેશ દુનિયાનું સૌથી મોટું સર્વિસ હબ બનશે

**નવી દિલ્હી, તા.27**

નેશનલ સ્ટોક એક્સચેન્જ એટલે કે NSEના ચીફ આશિષ કુમાર ચૌહાણનું કહેવું છે કે ભારત હવે AIની દુનિયામાં એક મોટી તાકાત બનવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમનું માનવું છે કે જેમ 90ના દાયકામાં ભારતે દુનિયાભરમાં પોતાની IT સર્વિસની ઓળખ બનાવી હતી, બરાબર તે જ રીતે હવે ભારત દુનિયામાં AIનો સૌથી મોટો યુઝર અને સર્વિસ સેન્ટર બનીને ઉભરશે. તેમણે કહ્યું કે ભારત પાસે યુવાનોની એવી વસતી છે જે ટેકનોલોજીને ખૂબ જ ઝડપથી અપનાવે છે અને આ જ લોકો ભારતને AIના ક્ષેત્રમાં દુનિયાનો લીડર બનાવશે. ચૌહાણે આ વાત 27 ફેબ્રુઆરીએ મુંબઈમાં આયોજિત 'IMC ભારત કોલિંગ કોન્ફરન્સ 2026' દરમિયાન કહી.



આશિષ ચૌહાણે એ પણ જણાવ્યું કે ભારત હવે માત્ર સોફ્ટવેર જ નહીં, પરંતુ એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ, રોબોટિક્સ, બાયોટેક અને સેમિકન્ડક્ટર્સ જેવા નવા ક્ષેત્રોમાં પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમનું કહેવું છે કે જ્યારે AI અને આ બધા ક્ષેત્રો એકબીજા સાથે જોડાશે, ત્યારે એક એવી સિસ્ટમ તૈયાર થશે જે દુનિયાભરના દેશોનો મુકાબલો કરી શકશે. ચૌહાણના મતે, આ નવી ટેકનોલોજીના આગમનથી કામ કરવાની ક્ષમતા વધશે અને સમગ્ર વિશ્વમાં ભારતની સેવા અને ઓળખ વધુ મજબૂત બનશે. આશિષ ચૌહાણે એમ પણ કહ્યું કે ભારતના અન્ય દેશો જેવા કે અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સાથેના સુધરતા સંબંધોથી આપણી પ્રગતિને વધુ વેગ મળશે. તેમનું માનવું છે કે સરકારની મદદ, વિશ્વભરની ભાગીદારી અને નવી ટેકનોલોજીના યોગ્ય તાલમેલથી આપણે AIના યુગમાં પણ તે જ મોટી સફળતા મેળવી શકીએ છીએ, જે આપણે IT સેક્ટરમાં મેળવી હતી. તેમણે યાદ અપાવ્યું કે જેમ 90ના દાયકામાં યુવાનોએ ભારતને ITનું ગ્લોબલ લીડર બનાવ્યું, તેમ જ આજના યુવાનો પણ ભારતને AIમાં સૌથી આગળ લઈ જઈ શકે છે. ચૌહાણના મતે, ભારત હવે એવા મુકામ પર છે જ્યાં ટેકનોલોજી અને મેન્યુફેક્ચરિંગની તાકાતને જોડીને આપણે દુનિયામાં એક મોટું સ્થાન હાંસલ કરી શકીએ છીએ. 'IMC ભારત કોલિંગ કોન્ફરન્સ 2026'માં દેશના મોટા દિગ્ગજો અને સરકારના નીતિ નિર્માતાઓ એકઠા થયા છે. તેમનો લક્ષ્ય એક એવો રોડમેપ તૈયાર કરવાનો છે જેનાથી ભારત દુનિયા માટે સામાન બનાવવાનું અને તેને અન્ય દેશોને વેચવાનું સૌથી મોટું કેન્દ્ર બની શકે.

# વર્લ્ડ ઈકોનોમિક ફોરમના પ્રેસિડેન્ટ બોર્ગે બ્રેન્ડેનું રાજીનામું: એપસ્ટીન સાથે નામ જોડાતા પદ છોડ્યું, એલોઈસ ઝ્વીંગી નવા CEO....

**નવી દિલ્હી, તા.27**

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)ના પ્રેસિડેન્ટ અને CEO બોર્ગે બ્રેન્ડેએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. તેમનો આ નિર્ણય ત્યારે આવ્યો છે, જ્યારે થોડા અઠવાડિયા પહેલા જ જિનીવાની આ સંસ્થાએ યૌન અપરાધી જેફરી એપસ્ટીન સાથેના તેમના સંબંધોની તપાસ શરૂ કરી હતી.

બ્રેન્ડે 2017થી WEFનું નેતૃત્વ કરી રહ્યા હતા. હાલમાં સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત આ સંસ્થાએ તેમના રાજીનામાની પુષ્ટિ કરતા એલોઈસ ઝ્વીંગીને વચગાળાની જવાબદારી સોંપી છે.

અમેરિકી ન્યાય વિભાગના રિપોર્ટ બાદ તપાસ શરૂ થઈ હતી રોઈટર્સના રિપોર્ટ અનુસાર અમેરિકી ન્યાય વિભાગના દસ્તાવેજોથી ખુલાસો થયો હતો કે બ્રેન્ડેએ એપસ્ટીન સાથે ત્રણ બિઝનેસ ડિનર કર્યા હતા. આ ઉપરાંત તેમની વચ્ચે ઈમેઈલ અને ટેક્સ્ટ મેસેજ દ્વારા પણ વાતચીત થઈ હતી. આ ખુલાસાઓ બાદ જિનીવા સ્થિત આ સંસ્થાએ બ્રેન્ડેના પાછલા સંપર્કોની સ્વતંત્ર તપાસ શરૂ કરી દીધી હતી.

આંતરિક સમીક્ષામાં બીજું કંઈ ખોટું મળ્યું નથી WEFના સહ-અધ્યક્ષ આન્દ્રે હોફમેન અને લેરી ફિન્કે એક અલગ નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે બાહ્ય કાઉન્સિલ દ્વારા કરવામાં આવેલી તપાસ પૂર્ણ થઈ ગઈ છે. તપાસમાં એપસ્ટીન સાથેના તે સંબંધો સિવાય બીજું કંઈ નવું કે શંકાસ્પદ મળ્યું નથી, જેનો ખુલાસો પહેલાથી જ થઈ ચૂક્યો હતો. બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ હવે બ્રેન્ડેના ઉત્તરાધિકારીની શોધ માટે પ્રક્રિયા શરૂ કરશે.

શું છે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ અને જેફ્રી એપસ્ટીન વિવાદ? વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દર વર્ષે



સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં શિખર સંમેલનનું આયોજન કરે છે, જેમાં દુનિયાભરના રાજકારણીઓ, અબજોપતિઓ અને બિઝનેસ લીડર્સ ભાગ લે છે. જ્યારે, જેફ્રી એપસ્ટીન એક અમેરિકન ફાઈનાન્સર હતો, જેને જાતીય ગુનાઓ માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો. વર્ષ 2019માં જેલમાં તેનું મૃત્યુ થયું હતું. એપસ્ટીનના હાઈ-પ્રોફાઈલ લોકો સાથેના સંબંધોએ દુનિયાભરના ઘણા મોટા દિગ્ગજોની શાખ પર સવાલો ઉભા કર્યા છે.

જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા ગુપ્ત દસ્તાવેજોમાં ઘણા મોટા નામ અમેરિકામાં યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા ગુપ્ત દસ્તાવેજો સામે આવતા જ દુનિયાભરમાં ખળભળાટ મચી ગયો છે. અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે લગભગ 30 લાખ પાનાના દસ્તાવેજો 30 જાન્યુઆરીએ જાહેર કર્યા છે. આ પછી 10 દેશોમાં 15થી વધુ મોટા અધિકારીઓને પદ છોડવું પડ્યું છે. 80થી વધુ શક્તિશાળી લોકો પર તપાસ ચાલી રહી છે.

આ ફાઈલોમાં નેતાઓ, રાજદૂતો, અબજોપતિઓ અને શાહી પરિવારોના નામ શામેલ છે. ઈમેલ, ફ્લાઈટ લોગ અને સંપર્ક રેકોર્ડમાં 700થી 1000 પ્રભાવશાળી લોકોનો ઉલ્લેખ છે. ઘણા કિસ્સાઓમાં સગીર છોકરીઓના યૌન શોષણના આરોપો પણ છે. દસ્તાવેજોમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને હિલેરી ક્લિન્ટન જેવા હાઈ-પ્રોફાઈલ નામો અલગ-અલગ સંદર્ભોમાં સામે આવ્યા છે.

કેટલાક મોટા નામો સામે આવ્યા પછી તેમને અને તેમના પરિવારોને જાહેરમાં માફી કે અફસોસ વ્યક્ત કરવો પડ્યો.

નોર્વેના ક્રાઉન પ્રિન્સેસ મેટે-મેરિટના ઈમેલ અને સંવાદો સામે આવતા રાજશાહી સ્તરની સંસ્થાકીય સમીક્ષા થઈ અને તેમણે જાહેરમાં માફી માંગી.

માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સે એપસ્ટીન સાથેની મુલાકાતો અને સંવાદો પર અફસોસ વ્યક્ત કર્યો અને ફાઉન્ડેશનના બોર્ડમાંથી રાજીનામું આપ્યું.

ઈઝરાયેલના પૂર્વ પીએમ એહુદ બરાકનું નામ ન્યૂયોર્કમાં એપસ્ટીનના એપાર્ટમેન્ટમાં રોકાણ અને બેઠકોના રેકોર્ડમાં આવ્યું, જેના પછી તેમને સ્પષ્ટતા કરવી પડી.

# AIને કારણે 4000 કર્મચારીઓની નોકરી ગઈ, જેક ડોર્સીના નિર્ણયથી સિલિકોન વેલીમાં ખળભળાટ

**મુંબઈ, તા.27**

ટેક દુનિયામાં ખળભળાટ મચાવે તેવા એક મોટા સમાચાર સામે આવ્યા છે. Twitter ના કો-ફાઉન્ડર જેક ડોર્સીની કંપની Block Inc. એ આશરે 4,000 કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. આ સંખ્યા કંપનીના કુલ સ્ટાફના લગભગ 40 ટકા હોવાનું કહેવાય છે. સૌથી મહત્વની વાત એ છે કે, કંપનીએ આ મોટા પગલા પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ને કારણ ગણાવ્યું છે.

અત્યાર સુધી કંપનીઓ છટણી કરતી વખતે સ્પષ્ટપણે એ નહોતી જણાવતી કે, નોકરી AI ને કારણે જઈ રહી છે. પરંતુ જેક ડોર્સીએ તે બાબત સ્પષ્ટ કરી કે તેમણે પોતાની કંપનીમાંથી લોકોને AI ના કારણે જ કાઢ્યા છે. Block એક ફિનટેક કંપની છે. જે Cash App અને Square જેવી સેવાઓ ચલાવે છે. કંપનીનું કહેવું છે કે, તે હવે AI પર વધુ ફોકસ કરી રહી છે અને કામ કરવાની પદ્ધતિ બદલી રહી છે.

જેક ડોર્સીએ પોતાના સંદેશમાં જણાવ્યું કે કંપની આર્થિક સંકટમાં નથી. બિઝનેસ સારો ચાલી રહ્યો છે, પરંતુ AI ને કારણે હવે ઓછા લોકો સાથે વધુ કામ શક્ય બની રહ્યું છે. ડોર્સીએ કહ્યું કે, ટેક્નોલોજી ઝડપથી બદલાઈ રહી છે અને કંપનીઓએ સમયસર બદલાવ કરવો પડશે. તેમના મતે ઘણી કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અપનાવવામાં વિલંબ કરી રહી છે. Block એ એકસાથે મોટો નિર્ણય લઈને પોતાની ટીમનું કદ નાનું કરી દીધું જેથી આગળની રણનીતિ સ્પષ્ટ રહે.



આ સમાચાર આવ્યા બાદ શેરબજારમાં Block ના શેરમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. અહેવાલો અનુસાર કંપનીના શેર આશરે 20 થી 25 ટકા સુધી વધી ગયા. રોકાણકારોને લાગી રહ્યું છે કે, AI ના ઉપયોગથી કંપનીનો ખર્ચ ઘટશે અને નફો વધી શકે છે. જોકે, કર્મચારીઓ માટે આ એક મોટો આંચકો છે. આટલી મોટી સંખ્યામાં નોકરી જવાથી ટેક સેક્ટરમાં ચિંતા વધી ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી વિશ્વભરમાં ટેક કંપનીઓ સ્ટાફ ઘટાડી રહી છે, પરંતુ આ વખતે સ્પષ્ટપણે AI ને કારણ ગણાવવું ચર્ચાનો વિષય બની ગયું છે. જેક ડોર્સીએ એમ પણ કહ્યું કે, જે કર્મચારીઓની નોકરી ગઈ છે, તેમને નિયમો મુજબ વળતર અને કેટલાક સમય સુધી સપોર્ટ આપવામાં આવશે. અલગ-અલગ દેશોમાં નિયમો અલગ હોવાને કારણે આ પેકેજ પણ અલગ હોઈ શકે છે. આ નિર્ણયોએ એક મોટો પ્રશ્ન ઊભો કરી દીધો છે.

ટેક નિષ્ણાતોનું માનવું છે કે AI પૂરેપૂરી નોકરીઓ ખતમ નથી કરતું, પરંતુ કામની પ્રકૃતિ બદલી નાખે છે. જે ભૂમિકાઓમાં પુનરાવર્તિત કામ વધુ છે, ત્યાં AI ઝડપથી જગ્યા લઈ રહ્યું છે. Block નું આ પગલું સંકેત આપે છે કે આવનારા સમયમાં અન્ય કંપનીઓ પણ આ દિશામાં જઈ શકે છે. જો AI થી ઓછા સ્ટાફમાં વધુ કામ થઈ શકતું હોય, તો કંપનીઓ ખર્ચ ઘટાડવા માટે આવા નિર્ણયો લઈ શકે છે. ટેક ઈન્ડસ્ટ્રીમાં આ બદલાવ માત્ર એક કંપની પૂરતો મર્યાદિત નથી. આ એક મોટા ટ્રેન્ડ તરફ ઈશારો કરે છે, જ્યાં AI હવે માત્ર ચર્ચાનો વિષય નથી, પરંતુ બિઝનેસ રણનીતિનો એક ભાગ બની ચૂક્યું છે. આવનારા મહિનાઓમાં એ જોવું રસપ્રદ રહેશે કે બીજી મોટી કંપનીઓ શું પગલાં લે છે.

બ્લોક ઈન્ક. (Block, Inc.) દ્વારા વિકસિત કેશ એપ (Cash App), જે અગાઉ સ્ક્વેર કેશ તરીકે ઓળખાતી હતી, તે એક લોકપ્રિય ડિજિટલ વોલેટ અને મોબાઈલ પેમેન્ટ સેવા છે. તે યુઝર્સને તરત જ પૈસા મોકલવા, મેળવવા અને વિનંતી કરવાની સુવિધા આપે છે. આ ઉપરાંત, આ એપ દ્વારા યુઝર્સ સ્ટોક્સ (શેરબજાર) અને બિટકોઈનમાં રોકાણ કરી શકે છે તેમજ તેના ડેબિટ કાર્ડનો પણ ઉપયોગ કરી શકે છે.

# 'સ્ટારડ્યુ વેલી'ના 10 વર્ષમાં 5 કરોડ ગ્રાહકો: આ ગેમ કોર્પોરેટ બર્નઆઉટનો ઉપચાર બની, હોલીવુડ સેલિબ્રિટી પણ દિવાના

**મુંબઈ, તા.27**

કલ્પના કરો કે તમે તમારી કંટાળાજનક કોર્પોરેટ નોકરી અને ફાઈલોના ઢગલાને હંમેશા માટે પાછળ છોડી દો છો. તમારા હાથમાં દાદાજી તરફથી વારસામાં મળેલું નાનું ઘર છે. ચારે બાજુ લીલીછમ જમીન, મુઠ્ઠીભર બીજ અને એક શાંત કસબો. અહીં તમે માત્ર પાક નથી ઉગાડતા, પરંતુ તે સંબંધો અને શાંતિને ફરીથી સિંચો છો જે આધુનિક ભાગદોડમાં ક્યાંક ખોવાઈ ગયા હતા. આ 'સ્ટારડ્યુ વેલી'ની જાદુઈ દુનિયા છે. આ ગેમે છેલ્લા 10 વર્ષમાં સફળતાની નવી ગાથા લખી છે. અત્યાર સુધીમાં લગભગ 5 કરોડ ગેમ વેચાઈ ચૂકી છે, જ્યાં પોકેમોન અને કૉલ ઑફ ડ્યુટી જેવી અબજો ડોલરની ફ્રેન્ચાઈઝીવાળી ગેમ્સ ઝાંખી લાગે છે. તેની સફળતાની વાર્તા કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટ જેવી છે. તેને કોઈ વિશાળ સ્ટુડિયો કે સેંકડો ડેવલપર્સની ટીમે નથી બનાવ્યું. તેને બનાવનાર એરિક બેરોન છે, જેને ગેમિંગ જગત



'કન્સર્નડએપ'ના નામથી ઓળખે છે. કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કર્યા પછી, કોઈ વ્યાવસાયિક અનુભવ વિના, બેરને 2016માં તેને રિલીઝ કર્યું. પ્રથમ સંસ્કરણ બહાર પાડવામાં 5 વર્ષ લાગ્યા કારણ કે તેઓ એકલા જ કોડિંગ, આર્ટ અને મ્યુઝિક પર કામ કરી રહ્યા હતા. શરૂઆતમાં આ પ્રોજેક્ટ તેમના પોર્ટફોલિયો માટે હતો, જેથી તેમને ગેમ ઈન્ડસ્ટ્રીમાં નોકરી મળી શકે, પરંતુ આ ગેમ એટલી સફળ થઈ કે તેમને નોકરીની જરૂર જ ન પડી. સિયાટલની એક નાની ઓફિસમાંથી કામ કરતા બેરન કહે છે, "આ સફળતા મારી કલ્પના બહારની હતી. મેં વિચાર્યું હતું કે તે ખૂબ જ નાના બજાર સુધી મર્યાદિત રહેશે." પરંતુ પિક્સેલના તે નાના ખાણોમાં છુપાયેલી શાંતિએ વિશ્વભરના કરોડો લોકોના દિલ જીતી લીધા. કેટ ડેનિંગ્સ અને બોબી લી જેવા સ્ટાર્સે આ ગેમ પ્રત્યેનો પોતાનો જુસ્સો શેર કર્યો છે. કેટ ડેનિંગ્સનું માનવું છે કે ગેમને કારણે તેમને વાસ્તવિક જીવનમાં બાગકામની આદત પડી. આ ગેમ ફક્ત એક 'ફાર્મિંગ સિમ્યુલેટર' નથી. 'પેલિકન ટાઉન' નામના તેના કાલ્પનિક કસબામાં દરેક પાત્રની પોતાની ઊંડાઈ છે. અહીં ખેલાડીને તૂટેલા સંબંધો, ડિપ્રેશન, યુદ્ધની માનસિક પીડા અને દારૂની લત જેવા ગંભીર માનવીય પાસાઓનો સામનો કરવો પડે છે. ખેલાડી ઈચ્છે તો ફક્ત ખેતી કરે, અથવા કસબાને 'કોર્પોરેટ મૂડીવાદ'ની પકડમાંથી બચાવવાના મિશન પર નીકળી પડે. લાખો ખેલાડીઓ માટે આ ગેમ 'ડિજિટલ થેરાપી' બની ગઈ છે.

# અનિલ અંબાણી પર ₹2,220 કરોડની છેતરપિંડીનો નવો કેસ: બેંક ઓફ બરોડાની ફરિયાદ પર FIR નોંધાઈ, ઘર-ઓફિસ પર CBIના દરોડા

**નવી દિલ્હી, તા.27**

અનિલ અંબાણી અને તેમની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM) વિરુદ્ધ CBIએ છેતરપિંડીનો નવો કેસ દાખલ કર્યો છે. તપાસ એજન્સીનો આરોપ છે કે અનિલ અંબાણી અને તેમની કંપનીએ વર્ષ 2013થી 2017ની વચ્ચે બેંક ઓફ બરોડા (BoB) સાથે 2,220 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી છે.

બેંકની ફરિયાદ મળ્યા બાદ CBIએ ગુરુવારે અનિલ અંબાણીના ઘર અને રિલાયન્સ કોમ્યુનિકેશનના કાર્યાલયો પર દરોડા પાડ્યા હતા, જ્યાંથી લોન ટ્રાન્ઝેક્શન સંબંધિત ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. આ પહેલા અનિલ અંબાણી આજે અન્ય એક કેસમાં ED સમક્ષ હાજર થયા હતા. નકલી ટ્રાન્ઝેક્શન દ્વારા પૈસા ડાયવર્ટ કરવાનો આરોપ CBI અનુસાર બેંક ઓફ બરોડાની ફરિયાદના આધારે FIR નોંધવામાં આવી છે. આરોપ છે કે રિલાયન્સ કમ્યુનિકેશન્સે બેંક પાસેથી લોન લીધી, પરંતુ તે પૈસાનો ઉપયોગ નિર્ધારિત કામ માટે કરવાને બદલે પોતાની જ બીજી કંપનીઓમાં (સંબંધિત પક્ષો) નકલી ટ્રાન્ઝેક્શન બતાવીને ડાયવર્ટ કરી દીધા. તપાસમાં સામે આવ્યું છે કે આ ગેરરીતિને કારણે બેંક ઓફ બરોડાને 2,220 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું છે.

હાઈકોર્ટમાંથી સ્ટે હટાવ્યા બાદ કાર્યવાહી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અનિલ અંબાણીની કંપનીનું આ ખાતું 2017માં જ NPA (નોન-પર્ફોર્મિંગ એસેટ) જાહેર થઈ ગયું હતું. જોકે, અનિલ અંબાણીએ બોમ્બે



હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી, ત્યારબાદ કોર્ટે આ ખાતાને 'ફ્રોડ' જાહેર કરવા પર રોક લગાવી દીધી હતી. આ સ્ટે 23 ફેબ્રુઆરી 2026ના રોજ હટાવી લેવામાં આવ્યો. સ્ટે હટાવતા જ બેંક ઓફ બરોડાએ ફરિયાદ નોંધાવી અને CBIએ તાત્કાલિક કાર્યવાહી કરીને કેસ દાખલ કર્યો. લોનના પૈસા ક્યાં ગયા? ફરિયાદ મુજબ, રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM), રિલાયન્સ ઈન્ફ્રાટેલ (RITL) અને રિલાયન્સ ટેલિકોમ (RTL) એ બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી કુલ 31,580 કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા. જેમાંથી: 3,674.85 કરોડ રૂપિયા ફિક્સ્ડ ડિપોઝિટ અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકવામાં આવ્યા, જેને તરત જ કાઢીને અન્ય પક્ષોને ચૂકવી દેવામાં આવ્યા. બેંકનું કહેવું છે કે આ સ્પષ્ટપણે લોનની શરતોનું ઉલ્લંઘન છે. રિલાયન્સ ઈન્ફ્રાટેલ દ્વારા એકત્ર કરાયેલા 1,783.65 કરોડ રૂપિયાનો ઉપયોગ પણ RCOMએ પોતાની દેવાદારીઓ ચૂકવવા અથવા સંલગ્ન કંપનીઓને ટ્રાન્સફર કરવામાં કર્યો. ફોરેન્સિક તપાસમાં થયો ખુલાસો 5 જૂન 2017ના રોજ આ ખાતાને NPA જાહેર કરવામાં આવ્યું હતું, કારણ કે કંપની લોન ચૂકવવામાં નિષ્ફળ રહી હતી. બાદમાં થયેલી ફોરેન્સિક તપાસમાં પુષ્ટિ થઈ કે ફંડ સાથે હેરાફેરી કરવામાં આવી છે અને આ બધું જાણી જોઈને છેતરપિંડીના ઈરાદાથી કરવામાં આવ્યું છે. FIRમાં એ પણ કહેવામાં આવ્યું છે કે અનિલ અંબાણી અને તેમની કંપનીઓએ એક સુનિયોજિત ગુનાહિત ષડયંત્ર હેઠળ બેંકને નુકસાન પહોંચાડ્યું અને પોતાને ફાયદો પહોંચાડવા માટે પૈસાની ઉચાપત કરી. ED સમક્ષ પણ હાજર થયા અનિલ અંબાણી આ પહેલા દિવસે અનિલ અંબાણી કથિત બેંક છેતરપિંડી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) સમક્ષ હાજર થયા. અધિકારીઓએ જણાવ્યું કે PMLA (પીએમએલએ) હેઠળ તેમનું નિવેદન નોંધવામાં આવ્યું છે.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**સામગ્રીના પુરવઠા માટે ઈ-ટેન્ડર**

ભારતના રાષ્ટ્રપતિ વતી ડીવાય.સીએમએમ-સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીના પુરવઠા માટે નીચેના ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્રમાંક નં. | ટેન્ડર નં. | સામગ્રીનું સંક્ષિપ્ત વર્ણન | માત્રા | ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય | ઈએમડી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 71265162 | ડ્રાઈવ સ્ટેશન [ભાગ નં: RE20.275A] મેક: પ્લાઝર | 02 નંગ | 23/03/2026 11.00 AM | 100330/- |
| 2 | 71265171 | કૂલિંગ યુનિટ (ઓઈલ કુલર) [ભાગ નં: 62.05.6000.11] મેક: પ્લાઝર | 07 નંગ | 23/03/2026 11.00 AM | 142310/- |
| 3 | 71265174 | MC ટર્મિનલ/પ્રોગ. [પ્લાઝર ભાગ નં: MMI/2-CMS-1-V01 સબ્સિટ્યૂટ MMI/2-CMS-1] મેક: પ્લાઝર | 03 નંગ | 23/03/2026 11.00 AM | 149390/ |

ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના અંગે, કૃપા કરીને વેબસાઈટની મુલાકાત લો: **www.ireps.gov.in** મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

ADI 291

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત બન્યું દેશનું સેમિકંડક્ટર હબ



## સાણંદ બનશે **દેશમાં સેમિકંડક્ટર ઈન્ડસ્ટ્રીનું** પ્રવેશદ્વાર
## ભારતનું '**સેમિકંડક્ટર ફેબ ફ્રન્ટિયર**' બનશે ધોલેરા SIR

રોકાણમાં મોખરેઃ સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે ₹1.24 લાખ કરોડના પ્રોજેક્ટ કોસ્ટ સાથેના ઉદ્યોગો આકર્ષિત કર્યા છે, જે ભારતના કુલ મંજૂર થયેલ સેમિકંડક્ટર પ્રોજેક્ટ કોસ્ટના લગભગ 75%થી વધુ છે

સાણંદ - ATMP/OSAT હબઃ માઈક્રોન (₹22,516 કરોડ), સીજી સેમી (₹7,600 કરોડ) અને કેન્સ ટેક (₹3,300 કરોડ) જેવી મોટી કંપનીઓ સાથે સાણંદ દેશનું સૌથી મોટું ATMP/OSAT હબ બનવા જઈ રહ્યું છે

ધોલેરામાં ભારતનો પ્રથમ ફેબઃ ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ₹91,526 કરોડના પ્રોજેક્ટ કોસ્ટથી ધોલેરામાં ભારતનો પ્રથમ કૉમર્શિયલ ફેબ સ્થપાઈ રહ્યો છે, જેની ક્ષમતા દર મહિને 50,000 ચિપ્સ બનાવવાની હશે

રોજગારીની તકોઃ રાજ્યમાં 50,000 થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે



### મુખ્ય વિશેષતાઓ

પ્રથમ રાજ્યઃ ગુજરાત સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે, જે સેમિકંડક્ટર કંપનીઓને તમામ શક્ય પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડે છે

ટૅકનૉલૉજીઃ ધોલેરા SIR ભારતના 'ફેબ ફ્રન્ટિયર' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના વિશાળ પ્લાન્ટમાં 28 નેનોમીટરની ચિપ્સનું ઉત્પાદન થશે, જે ભારતના ઔદ્યોગિક ઇતિહાસમાં નવો અધ્યાય લખશે

ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ ધોલેરાની વિશાળ જમીન, સમર્પિત પાણી અને ગેસ ગ્રીડ અને આગામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેને ભવિષ્યના 'સેમિકંડક્ટર-રેડી' સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરશે

શૈક્ષણિક મૉડલઃ રાજ્યની 118 એન્જિનિયરિંગ કૉલેજો અને 16 યુનિવર્સિટીમાંથી દર વર્ષે બહાર પડતા 50,000 થી વધુ એન્જિનિયરોને ઉદ્યોગ માટે સજ્જ કરવા SAMARTH અને ChipIN જેવા અત્યાધુનિક મૉડલ વિકસાવવામાં આવી રહ્યા છે

કૌશલ્યવર્ધનઃ IIT ગાંધીનગર ખાતે ₹194.21 કરોડના ખર્ચે કાર્યરત 'SAMARTH' પ્રોજેક્ટ હેઠળ આગામી 5 વર્ષમાં 2,600 થી વધુ નિષ્ણાત એન્જિનિયરો તૈયાર કરવામાં આવશે

### માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી વિઝનથી ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે

વૈશ્વિક સ્તરે સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ. વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર બનાવીશું

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

